જગદ્‌ગુરુ અખંડ ભૂમંડલાચાર્યવર્ય
શ્રીમદ્ વલ્લભાચાર્યજી
શ્રીમહાપ્રભુજી વિરચિત

# ષોડશગ્રંથ ભાગ–બીજો



પુસ્તક પ્રકાશન ગ્રંથમાળા પુષ્પ-૨

વિવેચક, ... શંકર

મૂળભૂત ક... ૦ એ

| નફા વગરની ન્યોછાવરી ૨૦ | નફા વગરની ન્યોછાવરી ૨૦ |
|---|---|

## શ્રી કૃષ્ણ

## અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા

## મોટામંદિરની પોળ, સુરતની પરીક્ષાઓ (સ્થાપનાસં. ૧૯૮૨)

---

ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત ભાષાના ગ્રન્થો દ્વારા સામ્પ્રદાયિક જ્ઞાનનો પ્રચાર વૈષ્ણવોમાં થાય, એ હેતુથી આ મહાસભાએ સંવત ૧૯૮૨ની સાલથી આ પરીક્ષાઓ શરૂ કરી છે. આ નિઃસ્વાર્થ પ્રવૃત્તિથી સામ્પ્રદાયિક સિધ્ધાંતજ્ઞાનનો પ્રચાર લગભગ છપ્પન [૫૬] વર્ષોથી સુંદર–સંગીન રીતે થઈ રહ્યો છે. સામાન્ય ભણેલા યુવકો અને બહેનો આ પરીક્ષાઓમાં ભાગ લે છે. આ પરીક્ષામાં બેસવા માટે છેલ્લી પદવીની પરીક્ષામાં પાંચ રૂપિઆ, પ્રવેશ ફી, તેમજ પૂર્વ પ્રથમાથી ચતુર્થી સુધી ૨ (બે) રૂપિયા પ્રવેશ ફી છે. ગુજરાતી ચાર ધોરણ પાસ કરનાર, કોઈ પણ ઉંમરના સ્ત્રી-પુરુષ આ પરીક્ષામાં બેસી શકે છે. પ્રતિવર્ષ સરાસરી ૩૦૦૦ પરીક્ષાર્થી ભારતમાં લગભગ ૧૫૧ કેન્દ્રોમાંથી બેસે છે આ ઉપરથી એક [વિદ્યાપીઠ] ચાલતી હોય તેવો લાભ આ પરીક્ષાઓથી સમસ્ત મનુષ્યમાત્રને થઈ રહ્યો છે. ખાનગીમાં અથવા પાઠશાળામાં અભ્યાસ કરી, આ પરીક્ષાઓ પોતપોતાના ગામમાં નિરીક્ષકોની દેખરેખ નીચે આપી શકાશે. માટે પરીક્ષાઓ આપો.

---

### તમોને મહાસભા વિનંતી કરે છે કે-

આ ધાર્મિક પરીક્ષાઓમાં તમો કઈ રીતે ઉપયોગી થઈ શકો છો ? તે વિચારી જૂઓ. પરીક્ષાર્થી તરીકે, પરીક્ષક તરીકે, પ્રચારક તરીકે અધ્યાપક તરીકે, દ્રવ્ય સહાયક તરીકે, તદુપરાંત તમારા અથવા તમારા વડીલના નામે ઈનામોની જાહેરાત કરીને, ધાર્મિક પુસ્તકો છપાવી આપીને, પરીક્ષાના ધાર્મિક પુસ્તકો તમારા ગામમાં પરીક્ષાર્થીને મફત વહેંચીને, કઈ રીતે તમો 'મહાસભા'ને મદદ કરી શકો છો કે નહીં ? તે વિચારી જુઓ. અવશ્ય આ સંસ્થા અથવા તેના કેન્દ્રને, તમો ગમે તે સ્થિતિમાં હો, તો પણ ધારો તો તમે ઉપરની ગમે તે રીતે મદદ કરી શકો તેમ છો. આજે જ ઊપરને શરનામે પત્રવ્યવહાર કરી, પોતાનો મનોરથ પૂરો કરો. [આજેજ ફોર્મ ભરી સુરત મોકલો]

પુસ્તક પ્રકાશન ગ્રંથમાળા પુષ્પ–૨

શ્રીમદ્ જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી વિરચિત

# ષોડશગ્રંથ ભાગ બીજો

## : અનુક્રમણિકા :


* પૂજ્ય પરમભગવદીય શ્રીમોહનલાલ પંડિતજીનું દૈવીજીવન, અને ચિત્ર

* દાન આપનારનું આભાર પ્રદર્શન

* ષોડશગ્રંથ ભાગ પહેલા વિષે તથા ત્રીજા વિષે કાંઈક

| | | |
|---|---|---|
| ૧ | અન્તઃકરણ પ્રબોધ ગ્રંથ | ૧ |
| ૨ | અન્તઃકરણ પ્રબોધ ગ્રંથનો સારાંશ | ૧૪ |
| ૩ | વિવેકધૈર્યાશ્રય ગ્રંથ | ૧૬ |
| ૪ | વિવેક – ધૈર્ય – અને આશ્રયનો સારાંશ | ૪૯ |
| ૫ | પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથ | ૪૭ |
| ૬ | ભક્તિવર્ધિની ગ્રંથ | ૭૧ |
| ૭ | ભક્તિવર્ધિની ગ્રંથ સારાંશ | ૭૯ |
| ૮ | નિરોધલક્ષણ ગ્રંથ | ૮૨ |
| ૯ | તમોને મહાસભા વિનંતિ કરે છે, પરીક્ષાનો કોર્સ | |


આ અમૂલ્ય પ્રચીન અને સરળભાષામાં અનુવાદિત કરેલાં અને વિવેચન સાથેના ૧૬ ગ્રંથોમાંથી પાંચ ગ્રંથો પ્રકાશિત થતાં બીજો ભાગ પૂર્ણ થાય છે. પ્રભુકૃપા હશે તો ત્રીજો ભાગ પ્રકાશિત થતાં સંપૂર્ણ પુસ્તક પ્રકાશિત થઈ જશે. અનુવાદક અને વિવેચક પૂજ્ય શાસ્ત્રીજી ચિમનલાલનો પરિશ્રમ ગામડાની જનતા માટે, તેમજ ન.ના બાળકો માટે, તે ઉપરાંત જેઓએ બ્રહ્મસંબંધ લીધું છે, તેમને સંપ્રદાયના રહસ્યો અત્યંત સરળભાષામાં સમજાય તે માટે છે. તે સફળ કરીએ

---


અનુવાદક તેમજ વિવેચક : પ.ભ.પૂજ્ય શ્રી ચિમનલાલ હરિશંકર શાસ્ત્રીજી

પ્રકાશક(પુનઃપ્રકાશનના સર્વહક્ક સ્વાધીન છે.)મધુસૂદન ચીમનલાલ શાસ્ત્રીજી

૧૦–૩૧૦ મોટ

મૂળભૂત કીંમત ... ાવર

રાહત કીંમત ...

નફા વગરની ન્યોછાવરી ૨૦ | નફા વગરની ન્યોછાવરી ૨૦

પુસ્તક પ્રકાશન ગ્રન્થમાળા-પુષ્પ-૨ ષોડશગ્રન્થ-ભાગ બીજો :

શ્રીમદ્ જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી વિરચિત અનુવાદક તેમજ વિવેચક પ. ભ. વે. શા. સં. પૂજ્ય શ્રી ચિમનલાલ હરિશંકર શાસ્ત્રીજી શુદ્ધાદ્વૈત શિરોમણિ સત્ સિદ્ધાન્ત વિશારદ મહામહોપદેશક વ્યાખ્યાન માર્તણ્ડ,

આ અમૂલ્ય પુસ્તક ષોડશગ્રન્થ ભાગ બીજો (પુષ્પ-૨) પ્રકાશિત કરતાં અમોને આનંદ થાય તે સ્વભાવિક છે. આ પુસ્તક પચાસ વર્ષ પહેલાં સં. ૧૯૮૨માં પૂજ્ય શ્રી શાસ્ત્રીજી ચિમનલાલ હરિશંકરે અનુવાદિત કરેલો હતો. આજે પણ તેના જેવી સમન્વયાત્મક સહેલી ટીકાવાળો ગ્રન્થ નથી, કે જે દ્વારા ગામડાની જનતા સમજી શકે, તેમજ નાના-નાના બાળકો શ્રીમહાપ્રભુજીના મહામૂલા પ્રભુપ્રાપ્તિ માટેના સિધ્ધાંતો સમજી શકે. સંપ્રદાયમાં પ્રવેશ કરવા માંગતા બ્રહ્મસંબધિ જીવો કે જેઓ બ્રહ્મસંબંધ લીધા પછી કે તે પહેલાં શું વાંચવું ! વિચારવું ! તેમના હાથમાં પણ આ સફળ ગ્રંથ આપી શકાય, મહાસભાની પરીક્ષા આપતા નાના મોટાભાઈ બહેનો સમજી શકે તેવી સરળ શૈલીમાં પુજ્ય શાસ્ત્રીજી એ આ સુંદર પ્રયાસ કર્યો છે.

આ પ્રાચીન મહામૂલો ગ્રન્થ હવે ત્રણ ભાગમાં સરળ શૈલીમાં પ્રકટ થાય છે, આના પહેલા ભાગમાં (૧)મંગલા ચરણ (૨)સર્વોત્તમ સ્તોત્ર (૩) શ્રી યમુનાષ્ટક (૪) બાલબોધ (૫) સિદ્ધાન્ત મુક્તાવલિ (૬) સિધ્ધાંત રહસ્ય (૭) શ્રી કૃષ્ણાશ્રય (૮) ચતુઃશ્લોકી છે. આમ સોળ ગ્રન્થોમાંથી ૬ ગ્રંથોનો પહેલા ભાગમાં સમાવેશ છે. આ બીજો ભાગ છે. હવે પછી ત્રીજો ભાગ પ્રકાશિત થશે તેમાં ષોડશગ્રંથના બાકીના ૫ ગ્રંથોનો સરળ અર્થ તેમજ સરળ વિવેચન સહિત સમાવેશ છે.

ધર્મજીજ્ઞાસુ તેમજ પ્રભુ પ્રાપ્તિ માટે મથતા તેમજ પૂજ્ય ગોસ્વામિ બાળકો પાસે બ્રહ્મસંબંધ લેવા માંગતા પ્રત્યેક જીવ માટે, શ્રીમદાચાર્ય-ચરણના આ સોળ ગ્રંથો વાંચી વિચારી અમલમાં મૂકવાથી પ્રભુને પ્રત્યક્ષ કરવા માટે અવશ્ય સહાયભૂત થશે. દ્રવ્ય સહાય કરનારને ધન્યવાદ.

૧૦/૩૧૦ મોટામંદિર શ્રીમદ્ વલ્લભચરણાનુરાગીદાસાનુદાસ
સુરત, તા. ૩૦-૪-૮૧ મધુસૂદન શાસ્ત્રીના સદૈન્ય ભગવત્સ્મરણ

# [ ષોડશગ્રંથ ભાગ બીજો ]

## શ્રીકૃષ્ણઃ

## અન્તઃકરણ પ્રબોધ

## દશદિગન્તવિજયી, શ્રીગો૦શ્રીપુરૂષોત્તમચરણ વિરચિતવિવરણાનુવાદનું સ્વારસ્ય

શ્રીમદાચાર્યચરણે ઉપદેશેલી સેવા નિર્દોષ છે. બ્રહ્મસમ્બન્ધપૂર્વક સેવા કરનારને બ્રહ્મસમ્બન્ધથી જ

**ઉપક્રમગ્રન્થહેતુ** દેહજીવનના સર્વ દોષો દૂર થવાથી બાધક થતા નથી, અને બ્રહ્મસમ્બન્ધ કર્યા પછી પ્રભુને નિવેદન કરી સર્વ વસ્તુનો ઉપયોગ કરનાર વૈષ્ણવને દોષનો સંસર્ગ થતો નથી, આવી રીતે નિર્દોષ સેવાને આધિદૈવિકી એટલે ઉત્તમોત્તમ બનાવવા માટે ચિન્તા દૂર કરવી જોઈએ. આ ચિન્તા દૂર કરવાનો ઉપાય 'નવરત્ન' નામના ગ્રન્થમાં શ્રીમદાચાર્યચરણે કહ્યો છે, તે સુજબ ચિન્તા દૂર કરી ઉદ્વેગ નામના પ્રતિબંધને નિવૃત્ત કરીને સેવા કરવાથી જરૂર ભગવત્પ્રાકટ્ય થાય અને પ્રભુ પણ અનુભાવ દર્શાવે જ. (આ વખતે ભકતની મોટાઈનો પાર રહેતો નથી.) પરન્તુ આ ભકતના દુર્ભાગ્યે પુર્વજન્મના દોષો જોર કરી બેસે તો આ હલકા પાત્રમાં મહતી ભગવત્કૃપા ન માતાં મોટાઈનું અભિમાન થઈ જાય. અને મોટાઈના અભિમાનના આવેશમાં પ્રભુની આજ્ઞાનો પણ ભંગ કરે. અપરાધી બને, અને (પરિણામે) ભગવાનની અકૃપાને પાત્ર થાય. અપરાધી જીવને પશ્ચાતાપ થાય. ચિન્તોદ્વેગ થતાં જે સેવા કરાતી હોય અને જે સેવા કરવાની છે, તે ઉત્તમોત્તમ (આધિદૈવિકી) ન જ થાય. જો કે *મારી સેવાનો આરંભ કર્યા પછી હે ઉદ્ધવ, જરા પણ નાશ

---

*न ह्यङ्गोपक्रमे ध्वंसो मद्धर्मस्योद्धवाण्वपि । मया व्यवसितः सम्यक् निर्गुणत्वादनाशिष ॥ ११-२९-२० ॥ હે ઉદ્ધવ ! મારા નિષ્કામધર્મનોઆરંભ કર્યા પછી જરા પણ તેનો નાશ થતો નથી, નિર્ગુણપણાથી મેં જ આ ધર્મનો નિશ્ચિત પ્રચાર કર્યો છે.

થતો નથી' એ ભગવદાજ્ઞા મુજબ આ નિત્ય કરતી સેવાનો નાશ તો ન થાય, પરન્તુ અપરાધથી પશ્ચાત્તાપ થાય પશ્ચાત્તાપથી ચિન્તા થતાં કરાતી સેવા અને કરવાની સેવા આધિદૈવિકી (ઉત્તમોત્તમ) તો ન જ થાય, અને સેવાફલ ગ્રન્થમાં કહેલું ફળ પણ ન મળે, જીવને આવો ઉદ્વેગપ્રતિબંધ ન આવે તે હેતુથી આ ગ્રન્થમાં વિચારાત્મક સાધનનો ઉપદેશ આપવામાં આવે છે. ઉપદેશમાં સ્વકીય ભક્તોના વિશ્વાસ માટે શ્રીમદાચાર્યચરણને કરેલી બે આજ્ઞાનું વૃત્તાન્ત પણ કહે છે.

**મનની દુષ્ટતા** મન જ દુષ્ટવૃત્તિ ઉત્પન્ન કરનારું હોવાથી તે મનને સાધવાની આવશ્યકતા છે. કારણ કે મન માટે ભિક્ષુ-ગીતામાં કહે છે કે– "ઇન્દ્રિયો દેવો અને તેના અધિષ્ઠાતા દેવતા, સર્વ મનને જ વશ છે, મન કોઈને વશ નથી. યોગીને પણ ભયંકર લાગતો મનરૂપી દેવ બલવાનમાં પણ બલવત્તર છે, તેને જે વશ કરે તે દેવનો દેવ જાણવો.*

માટે ભક્તોના મનને સાવધાન કરવાનો નિશ્ચય કરી, સ્વકીય ભક્તોના અંતઃકરણને જ ઉદ્દેશી આ ઉપદેશ આપે છે.

**अन्तःकरण मद्वाक्यं सावधानतया शृणु ।**
**कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम् ॥१॥**

અન્વયાર્થ—**हे अन्तःकरण** હે અંતકરણ **मद्वाक्यम्** (આપ્ત એવા) મારું વાક્ય, **सावधानतया**, સાવધાનતા રાખીને **शृणु**, સાંભળ, **वस्तुतः**, ખરેખર **दोषवर्जितम्**, લોકવેદોક્ત દોષરહિત એવું, **दैवम्** દેવીઓ–ગોપીજનોનો સમૂહ **कृष्णात्** કૃષ્ણથી **परम्**, ભિન્ન અથવા ઉત્કૃષ્ટ નથી.

**ભાવાર્થ**—હે અંતઃકરણ! આપ્તતમ એવા મારું આચાર્યનું વાક્ય સાવધાનતા રાખી સાંભળ, વસ્તુતસ્તુ લોકવેદોક્ત

સર્વ દોષરહિત દેવીનો–ગોપીજનોનો–સમૂહ શ્રીકૃષ્ણથી જુદો તેમ ઉત્કૃષ્ટ નથી.

**અન્તઃકરણ સાવધાન**

ઇન્દ્રિયોમાં દુર્જય ! અથવા અન્ય ઇન્દ્રિયોથી દુર્જય ! અન્તઃકરણ ! તું મારું–આચાર્યનું વચન સાંભળ, કરણ કે (૧) જે પ્રભુ બહાર આચાર્યરૂપે–ગુરુરૂપે–અન્તરમાં અન્તર્યામિરૂપે બિરાજી ભક્તના અશુભને–વિષયવાસનાને–દૂર કરી પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. (૧૧–૨૮–૬) આ વાક્ય મુજબ હુતાશન–વૈશ્વાનરરૂપે સ્વર્ગતિને પ્રકટ કરનાર અને વસ્તુતસ્તુ સાક્ષાત્ શ્રીકૃષ્ણચન્દ્રરૂપ હોવાથી હું તારો આપ્તતમ છું. હિતાર્થને કહેનાર છું, માટે તારું હિતકર વક્ષ્યમાણ ગ્રન્થરૂપ વાક્ય સાવધાનતાથી સાંભળ.

**શ્રીકૃષ્ણથી વ્રજ ભક્ત પર નથી**

આ પ્રમાણે ભક્તના અન્તઃકરણને સન્મુખ કરી, પ્રથમ વ્રજભક્તો કરતાં ભગવાનનો ઉત્કર્ષ દર્શાવે છે. –કારણ કે બ્રહ્મસંબંધપૂર્વક સેવા કરનારને પોતે વ્રજભક્તના માર્ગને અનુસરનાર હોવાથી (૨) વ્રજભક્તોની માફક આ સેવા કરનાર ભક્તને ભગવાન સ્વાનુભાવ દર્શાવે, અને આ ભગવદનુભાવથી ભક્તના હૃદયમાં મોટાઈનું અભિમાન સ્ફુરતાં મોટાઈના આવેશમાં વ્રજભક્તોના દૃષ્ટાન્તને અનુસરી ભગવદાજ્ઞાનો પણ ભંગ કરી દે, તો મહતી હાની થાય, આવો હાનિકારક પ્રસંગ ન આવે, માટે વ્રજભક્તો કરતાં ભગવાન ઉત્કૃષ્ટ છે, એવું સમજાવે છે, વસ્તુતઃ

---

(૧) योन्तर्बहिस्तनुभृतामशुभं विधुन्वन् आचार्यचैत्त्यवपुषा स्वगतिं व्यनक्ति । ११–२९–६

(૨) વ્રજભક્તોને ભગવાને ગૃહગમનની આજ્ઞા આપી. ને આજ્ઞાભંગ કર્યો. આજ્ઞાભંગ દ્વારા વ્રજભક્તને રમણરૂપી ફલ મળ્યું, તો હું પણ તે પ્રમાણે ભગવદાજ્ઞા ભંગ કરીશ, તો મને પણ ફળ મળશે. આવું અનુકરણ જીવને હાનિકારક છે.

વ્રજભકતો શ્રુતિ વિગેરે સ્વરૂપાત્મક છે. વ્રજભકતો નિર્ગુણભકિતમાર્ગીય છે, તેથી લૌકિક વૈદિક દોષરહિત દેવ-રાસક્રીડારથ દેવીનો સમૂહ-ભકતો-કૃષ્ણથી પર નથી,-કૃષ્ણથી ભિન્ન નથી-કૃષ્ણથી ઉત્કૃષ્ટ નથી. તાપનીયશ્રુતિમાં ( તેનાથી-કૃષ્ણથી-વ્રજભકત ભિન્ન નથી ) એમ કહ્યું છે. ઉત્કર્ષ તો નિરવધિ આનન્દરૂપ ભગવાનમાંજ સર્વથા રહેલો છે. વ્રજભકતના માર્ગમાં રહેનારા ભકતે વ્રજભકતના દૃષ્ટાન્તથી મોટાઈમાં આવી જઈ, અભિમાનાવેશમાં ભગવદાજ્ઞાનો ભંગ વિગેરે કરી ભગવાનને અપ્રિય લાગે એમ ન વર્તવું. વ્રજભકતોને પણ ભગવદાજ્ઞાનો ભંગ કરવાથી, આગન્તુક દોષ મદ-અહંકાર થતાં, તે મદમાનને ઉતારવા વ્રજભકતો પાસેથી પ્રભુ તિરોભૂત થયા હતા. એવું રાસપંચાધ્યાયીમાં છે. માટે ભકતે વ્રજભકતોનું અનુકરણ કરી અભિમાન ન કરવું. ભગવદાજ્ઞાનો ભંગ ન કરવો એ અત્રે સાર છે.

આ શ્લોકમાં ભાવનાર્થક ક્રિયાપદ નથી. તેથી આ વાકયને ક્રિયાપદની જરૂર છે, અહીં અન્ય કોઈ પણ "વિચાર કર," ક્રિયાપદનો અધ્યાહાર ન કરતાં, નવમા શ્લોકમાં એવું પદ જોડવું '**विचारय**' 'વિચાર કર' એ પદ છે, તે દરેક શ્લોકના અન્તમાં જોડવું.

આ પ્રમાણે પ્રૌઢિહેતુને દૂર કરી આ જીવને પુનઃ અભિમાન મોટાઈ-ન સ્ફૂરે તે માટે દીનતાસિદ્ધિ થવા માટે જીવનો સ્વભાવથી જ નિકર્ષ ( હલકાઈ ) સિદ્ધ કરે છે.

चाण्डाली चेद्राजपत्नी जाता राज्ञा च मानिता ।
कदाचिदपमानेवा मूलतः का क्षतिर्भवेत् ॥ २ ॥

समर्पणादहं पूर्वमुत्तमः किं सदा स्थितः ।
का ममाधमता भाव्या पश्चात्तापो यतो भवेत् ॥ ३ ॥

અન્વયાર્થ-**चाण्डाली**-અત્યન્ત દુષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલી, **चेत्**-જો, **राजपत्नी**-રાજાની રાણી **च**-અને **राज्ञा**-રાજાએ **मानिता**

માનેલી, **जाता** થઈ. **कदाचित्** કોઈ સમયે, **अपमाने** અપમાન થવામાં **वा** અથવા અનપમાનમાં **का** શી, **क्षतिः**–હાનિ, **भवेत्**–થાય ? (કંઈ પણ હાનિ થાય નહિ)

**समर्पणात्**–સમર્પણ કરવા, **पूर्वम्**–પહેલાં **अहम्** હું પ્રાકૃત જીવ, **किम्**–શું, **सदा**–હંમેશાં, **उत्तमः**–ઉત્તમ, **स्थितः**–રહ્યો હતો ? **मम** મારી, **अधमता**–હલકાઈ, **का**–શી, **भाव्या**–થશે, **यतः**–જે અધમતાથી, **पश्चात्तापः**–અધમતાજનિત ખેદ, **भवेत्** થાય.

**ભાવાર્થ**–પ્રારબ્ધવશાત્ અત્યન્ત દુષ્ટ કુલમાં ઉત્પન્ન થએલી સ્ત્રી (કોઈ ગુણવશાત્) રાજાની રાણી થઈ અને રાજાની માનીતી થઈ, તે રાણીનું કદાચિત્ રાજા અપમાન કરે તો અપમાન હેતુભૂત ચાણ્ડાલીપણાથી અને અનપમાન હેતુભૂત રાણીપણાથી શી હાનિ થવાની હતી ? કોઇ પણ હાનિ થવાની નથી. ૨

સમર્પણ કરવા પહેલાં હું પ્રાકૃતજીવ શું સદા ઉત્તમ હતો ? (કદાપિ નહિ) પરંતુ સમર્પણ કરવાથી જ ઉત્તમ થયો. માટે પ્રાકૃતને શી અધમતા થવાની હતી ? કે જે અધમતાથી મને પશ્ચાત્તાપ થાય ? ૩

**વિવેચન**–પ્રારબ્ધવશાત્ અત્યન્તદુષ્ટ કુલમાં જન્મેલી સ્ત્રી કોઈ રૂપાદિ ગુણથી રાજા પતિ થાય. અથવા રાજાની રાણીની માફક પત્ની થઈ; રાજાને ભોગ્ય થઈ, રાજાને માનીતી પણ થઈ. આ સ્ત્રીનું કદાચિત્ અપમાન થાય, અર્થાત્ રાજા અપમાન કરે, તો આ સ્ત્રીને અપમાન હેતુભૂત ચાણ્ડાલીપણાથી અને અનપમાન હેતુભૂત રાજપત્નીપણાથી શી હાનિ થવાની હતી? અર્થાત્ કોઈ પણ હાનિ થવાની નથી, એ પ્રમાણે વિચાર કર.

**બ્રહ્મ સંબંધથી જ ઉત્કૃષ્ટતા**

સમર્પણ કર્યા પહેલાં એટલે ભજન સિદ્ધ થવાને જે પોતાનું સર્વ આત્મા સહિત આત્મનિવેદન કરવારૂપી બ્રહ્મસંબંધ સંસ્કારની

પહેલાં, જેમ રાજાએ સ્વીકાર કર્યા પહેલાં ચાણ્ડાલીવત્ સહજ અને આગન્તુક દોષથી દુષ્ટ થએલો હું પ્રાકૃત જીવ શું સદા ઉત્તમ હતો ? કદાપિ ઉત્તમ ન હતો. પરંતુ ચાણ્ડાલી જેમ રાજપત્ની થઈ, તેમ હું સમર્પણ કરવાથી જ ઉત્તમ થયો છું, માટે હું બ્રહ્મ-સંબંધ લીધા પહેલાની મારી સ્થિતિનો વિચાર કરું તો ચાણ્ડા-લીમાફક હતો, પછી રાજાએ કરેલા અપમાનથી જેમ ચાણ્ડાલીની કંઈ પણ અધમતા થવાની નથી, તેમ ભગવાનની અપ્રસન્નતા થતાં ચાણ્ડાલી જેવા અતિદુષ્ટની શી અધમતા થવાની હતી ? કેટલી અધમતા થવાની હતી ? (અર્થાત્ કંઈ પણ અધમતા થવાની નથી.) કે જે અધમતાથી મને ખેદ થાય ?

પ્ર. અધમતા એટલે "પ્રાકૃત જીવ" થઈ જશે તો ?

ઉ. તે તો સહજ છે. હું પ્રાકૃત જ છું.

પ્ર. અભગવદીય–એટલે ભગવાન સાથેનો સંબંધ છૂટી જશે તો ?

ઉ. ભગવાન સાથેનો સંબંધ નહિ છૂટે. ભગવાને મારો કદાપિ ત્યાગ કર્યો નથી, કારણ કે ભગવાનનો અંગીકારાત્મક ધર્મ જ નિત્ય છે. જો ભગવાને મારો ત્યાગ કર્યો હોય તો મારામાં સંસારાવેશ થવો જોઈએ, તે થયો નથી, તેથી ત્યાગ કર્યો નથી અને આગળ ત્યાગ કરશે નહિ, એમ સિદ્ધ છે.

પ્ર. પ્રભુની અપ્રસન્નતા તો થઈ છે ને ?

ઉ. ભલે, પ્રભુની અપ્રસન્નતા થઈ, તો પણ બ્રહ્મસંબંધ પહેલાંની દશા કરતાં અત્યારે દશા ઉત્તમ છે. બ્રહ્મસંબંધ પહેલાની જેવી અધમ દશા હાલ નથી. તો શા માટે પશ્ચાતાપ કરવો જોઈએ ? હે અન્તઃકરણ ! વિચાર કર. આ પ્રમાણે વિચાર કરવાથી ભગવત્પ્રસાદ પ્રાપ્ત કરવામાં ઉત્તમ સાધનરૂપ દૈન્ય પ્રકટ થશે અને દીનતાદ્વારા પ્રસન્નતા થશે અને અપ્રસન્નતા ચાલી જશે. (૩)

એ પ્રમાણે જીવધર્માનુસાર વિચાર કરવાનો ઉપદેશ આપી હવે ભગવાન સ્વતંત્ર ઈચ્છાવાળા છે. ભગવાનની ઈચ્છા કદાપિ કુણ્ઠિત થઈ નથી. એવું સમજાવવા ભગવદ્ધર્માનુસાર ઉપદેશ આપે છે.

सत्यसङ्कल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति ।
आज्ञैव कार्या सततं स्वामिद्रोहोन्यथा भवेत् ॥४॥

અન્વયાર્થ : **विष्णुः**-સર્વમાં રહેલા ભગવાન, **सत्यसङ्कल्पतः**-સત્યસઙ્કલ્પવાળા હોવાથી, **अन्यथा**-સંકલ્પથી જુદું, **न**-નહિ **करिष्यति**-કરશે. **तु**-નિશ્ચય ભગવાન્ સ્વવિચારિત જ કરશે, જીવવિચારિત નહિ કરે, (માટે) **सततम्**-પ્રમાદવગર નિરંતર, **आज्ञा**-આજ્ઞા, **एव**-જ **कार्या**-કરવી, **अन्यथा**-જો આજ્ઞા ન પાળે તો, **स्वामिद्रोहः**-સ્વામિનો અપરાધ **भवेत्**-થાય. **इति-विचारय**-એમ વિચાર કર.

**ભાવાર્થ** : સર્વાન્તર્યામી પ્રભુ સત્યસંકલ્પવાળા હોવાથી સંકલ્પથી જુદું નહિ કરે. પોતે વિચારેલું કરશે, જીવ વિચારેલું નહિ કરે, માટે પ્રમાદવગર સદા પ્રભુની આજ્ઞા જ કર. જો આજ્ઞા ન પાળવામાં ન આવે તો સ્વામીનો અપરાધ થાય. એમ વિચાર કર.

**વિવેચન** : સર્વમાં વ્યાપક, અન્તર્યામી પ્રભુ સર્વમાં બિરાજેલા છે. ભગવાન સત્યસંકલ્પ છે. તે સત્ય-નિર્ધારિત વિષયમાં સ્થિતિ રહેનારા સાચા સંકલ્પવાળા છે. આ જીવને માટે આટલું સુખ આટલું દુઃખ, હું આ પ્રમાણે જ કરીશ, એવો સત્ય વિચાર પ્રભુએ કરી રાખ્યો છે, તેનાથી જરા પણ જુદી રીતે કરનાર નથી, જો કે-ભગવાન આત્મનિવેદી ભકતોના આત્મા છે, મારૂં હિત કરશે, પણ જીવના મન ફાવતું ભગવાન કદાપિ કરશે નહિ, કારણ કે આત્મનિવેદી ભકતોનો પણ નિયાયક-નિયમમાં રાખનાર-ઈશ્વર તે છે. ભકતની અયોગ્ય માર્ગે વિકાસવાળી અહિત કરનારી ઈચ્છાઓને અનુસરી કદાપિ નહિ કરે પરંતુ ભગવાન અમોઘ

સંકલ્પવાળા હોવાથી સ્વવિચારિત હિત જ કરશે, કારણ કે પ્રભુને તો જીવનનું હિત સાધવું છે. સ્વવિચારિત જ પ્રભુ કરશે. એવો નિશ્ચય હોવાથી જીવે પ્રમાદરહિત નિરંતર પ્રભુની આજ્ઞા જ કરવી, જો પ્રમાદથી આજ્ઞાભંગ કરશે તો જરૂર સ્વામિદ્રોહરૂપી મહાન અપરાધ થશે. એમ વિચાર કર. ૪

હવે સેવકધર્માનુસાર વિચાર કરવાનો ઉપદેશ આપે છે.

**सेवकस्य तु धर्मोयं स्वामी स्वस्य करिष्यति ।**

અન્વયાર્થ-**सेवकस्य**-સેવકનો, **तु**-તો. **अयं**-આ, **धर्मः** ધર્મ, (છે) **स्वामी**-પ્રભુ, **स्वस्य** જીવનું ( મારૂં ) **करिष्यति** જે પોતે વિચાર્યું હશે તે જ કરશે ( **इति विचारय** )-( એમ વિચાર કર. )

ભાવાર્થ- આ સેવકનો ધર્મ છે કે સ્વામી આત્મીય છે. પોતે મારૂં જે વિચાર્યું હશે તે જ કરશે, માટે વિચાર કર.

સેવકધર્માનુસાર ઉપદેશ આપી તેને દઢ કરવા શ્રીમદચાર્યચરણ બે શ્લોકથી સ્વવૃત્તાન્ત કહે છે,

आज्ञा पूर्वन्तु या जाता गङ्गासागरसङ्गमे ॥ ५ ॥
यापि पश्चा मधुवने न कृतं तद्द्वयं मया ।
देहदेशपरित्यागस्तृतीयो लोकगोचरः ॥ ६ ॥
पश्चात्तापः कथं तत्र सेवकोहं न चान्यथा ।

અન્વયાર્થ-**तु** ખરેખર, **पूर्वम्**-પ્રથમ, **गङ्गासागरसङ्गमे** ગંગાસાગર સમાગમ આગળના પ્રદેશમાં **या**-જે, **आज्ञा** આજ્ઞા, **जाता**-થઈ, **पश्चात्**-ત્યાર પછી, **मधुवने** મધુવનમાં **अपि**-પણ **या**-જે આજ્ઞા, **जाता**-થઈ **तद्द्वयम्** તે આજ્ઞાદ્વયને **मया**-ભગવદ્રુપ એવા મેં **न कृतम्**-ન કર્યું **देहदेशपरित्याग**-દેહત્યાગ અને દેશત્યાગ **तृतीयः**- ત્રીજો ત્યાગ વિષય, **लोकगोचर**-

---

* पकचार्यनिकेतः स्यादप्रमत्तो गुहाशयः ।
अलक्ष्यमाण आचारैर्मुनिरेकोलभाषणः ॥ ११-९-१४ ॥

લોક પ્રસિદ્ધ સંન્યાસ, **તત્ર**–આ ત્યાગવિષયિણીઆજ્ઞા થવામાં, **પશ્ચાત્તાપ**–પશ્ચાત્તાપ થયો. **કથમ્**–કેમ પશ્ચાત્તાપ થયો ? **અહમ્**–હું, **સેવકઃ**–સેવક (છું) **અન્યથા**–બીજા કોઈ કારણથી **ન**-(પશ્ચાત્તાપ થયો) નથી.

ભાવાર્થ–ખરેખર પહેલાં ગંગાસાગરના સમાગમના પ્રદેશ સમીપ જે આજ્ઞા થઈ અને ત્યારપછી જે આજ્ઞા મધુવનમાં થઈ તે બે આજ્ઞા મેં ન કરી. (બે આજ્ઞા) દેહત્યાગ કરવાની અને દેશત્યાગ કરવાની હતી. તૃતીય આજ્ઞાનો વિષય લોક પ્રસિદ્ધ સંન્યાસ હતો. આ આજ્ઞા થવામાં (મને) પશ્ચાત્તાપ (થયો). પશ્ચાત્તાપ થવાનું કારણ કે હું સેવક છું અન્યથા કારણ નથી.

**આજ્ઞાદ્વયવિચાર**

વિવેચન–ખરેખર પ્રથમ ગંગાસાગરના સમાગમના પ્રદેશ સમીપ જે આજ્ઞા થઈ; પછીથી મધુવનમાં જે આજ્ઞા થઈ તે બન્ને આજ્ઞા ભગવદ્રુપ એવા મેં ન કરી. મારો પ્રભાવ દર્શાવવા માટે અને શ્રીમદ્દભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરવાને અને પ્રથમ મૂલ આજ્ઞા થએલી હોવાથી, ઉપરની બે આજ્ઞા ન કરી, આ બે આજ્ઞા પૈકી એક આજ્ઞા દેહત્યાગ વિષયની છે. બીજી આજ્ઞા દેશત્યાગ વિષયની છે. આ બે આજ્ઞા મેં કંઈ મારા અભિમાનથી ન કરી કે કોઈ શાસ્ત્રનો વિરોધ આવવાથી ન કરી એમ ન માનવું, પરન્તુ મને શ્રીમદ્દભાગવતનો અર્થ પ્રકટ કરવા પ્રથમ મૂળ આજ્ઞા થઈ હતી, તે આજ્ઞાનું કાર્ય સિદ્ધ કરવું છે. એ હેતુથી દેહ અને દેશત્યાગ કરવાની આજ્ઞા ન પાળી. જો દેહત્યાગ કરવામાં આવે તો વાણીનો વ્યાપાર દેહાધીન હોવાથી દેહ ત્યજતાં વાણીનો વ્યાપાર બંધ પડે. તો ભાગવતાર્થ કેમ કહી શકાય ? ભાગવતાર્થ બીજા જ પ્રકારે કહેવામાં આવે તો આ કલિગ્રસ્ત જીવોને વિશ્વાસ ન બેસે. તેમ જો હું દેશત્યાગ કરું તો ભગવદ્દદેશનો ત્યાગ કરતાં બીજા દેશો ભગવદ્દદેશ જેવા ન હોવાથી ભાગવતાર્થ કરવા લાયક વિચારો પણ ન જ આવે, માટે દેહ અને દેશત્યાગ કરવાની બન્ને આજ્ઞા ન પાળી.

**ભગવાનને રહસ્ય પ્રકટ થાય તે ઈષ્ટ નથી**

ભગવાનનો તો આશય હતો. દેહઃ-ઉપચય, વૃદ્ધિ, બાહુલ્ય દેશ : દાન–આ બે શબ્દો 'दिह उपचये' 'दिश अतिसर्जने' આ બે ધાતુ ઉપરથી બન્યા છે. આજ્ઞામાં રુઢાર્થ નથી કહ્યો, પરંતુ યૌગિકાર્થ કહ્યો છે. રૂઢાર્થમાં દેહનો અર્થ શરીર, દેશનો અર્થ પ્રદેશ થાય, પરંતુ યૌગિકાર્થમાં દેહ એટલે બાહુલ્ય–બહુપણું–અને દેશ એટલે દાન એવો અર્થ થાય, તે બહુ ભાવ વધારવાનું કાર્ય અને ઉપદેશ દાન કરવાનું કાર્ય ત્યજી દેવું, એવો ભગવદાજ્ઞાનો આશય હતો. અર્થાત મેં જે ભાગવતાર્થ પ્રકટ કરવાની જે આજ્ઞા આપી છે, તે અપૂર્ણ રહેવાના દોષનો ભય ન લાવશો, પ્રથમ, દ્વિતીય, તૃતીય, દશમ અને એકાદશના ચાર અધ્યાય જેટલો ભાગવતાર્થ કહ્યો છે, તેટલાથી જ આપે આજ્ઞા પૂર્ણ કરી છે એમ માનીશ. આથી બહુ અધિક ભાગવતાર્થ કરવો નહિ, રહસ્ય પ્રસિદ્ધ થાય છે તે મને ઈષ્ટ નથી, જો મહાપ્રભુજી સમગ્ર ભાગવતનો અર્થ કહે તો રહસ્ય પ્રકટ થતાં અનધિકારીને પણ ભાગવતાર્થનું જ્ઞાન થઈ જતાં કૃતાર્થ બની જાય, તો પછી અધિકારી અને અનધિકારીનો વિભાગ જ ન થાય. તે યોગ્ય ન કહેવાય. તૃતીય આજ્ઞા ઝાડખંડમાં સંન્યાસની થઈ.

**શ્રીમહાપ્રભુજીને તો આજ્ઞાદ્વયનું પાલન થયું.**

ભગવાને શ્રીમહાપ્રભુજીના કાર્યમાં નીચે મુજબ વિઘ્ન નાંખી બે આજ્ઞાનું પાલન કરાવ્યું. (૧) સૂક્ષ્મટીકાના તિરોધાનથી, (૨) સ્કંધનો ક્રમ પ્રથમ દ્વિતીય તૃતીય સુધી ચાલ્યો. પુનઃ ક્રમ ત્યજી દશમની વ્યાખ્યા લખી, દશમ પૂર્ણ થવાના સમયમાં (૩) માધવભટ્ટ કાશ્મીરિ (શ્રીમહાપ્રભુજીના લેખક)નું શરીર બાણ વાગવાથી પડ્યું. વિગેરે કાર્યોથી ભાગવતાર્થની વૃદ્ધિ અને દાન ઉભય બંધ પડયાં અને ઉભય ભગવદાજ્ઞાનું પાલન થયું.

આ વિચાર ઠીક છે, પરન્તુ પૂર્વાપરાધથી ઉત્પન્ન થએલી અપ્રસન્નતા જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી ભયરૂપ આ ઉદ્વેગ શી રીતે દૂર થાય ? આ શંકા દૂર કરવા અન્ય ઉપાય દર્શાવે છે.

**लौकिकप्रभुवत् कृष्णो न द्रष्टव्यः कदाचन ।७॥**
**सव समर्पितं भक्त्या कृतर्थोसि सुखी भव ।**

**અન્વયાર્થ-लौकिकप्रभुवत्** લૌકિક રાજાની માફક, **कृष्णः**-પ્રભુ, **कदाचन** - કોઈ વખત અવતાર કાળમાં અને અનવતાર કાલમાં, **न** નહિ **द्रष्टव्यः**-જોવા, **भक्त्या** ભકિતથી, **सर्वम्** સર્વ **समर्पितम्**-ભગવાનને નિવેદન કર્યું છે. (તેથી) **कृतार्थः** કૃતાર્થઃ **असि** છે, **सुखीभव** ચિન્તા દૂર કરી સુખી થા.

**ભાવાર્થ**-લૌકિક રાજાની માફક શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુને કદાપિ ન સમજવા. ( હે જીવ ) તે સર્વ પ્રભુને ભકિતથી સમર્પણ કર્યું છે, માટે તું કૃતાર્થ છે. ચિન્તાદૂર કરી સુખી થા.

**વિવેચન**-લૌકિક રાજા અપરાધથી અપ્રસન્ન થાય છે. તે રાજાઓ કોઈને પ્રસન્ન થાય અને કોઇને પ્રસન્ન નથી પણ થતા. આવા લૌકિક રાજા જેવા પ્રભુને ન જાણવા.

કારણ કે-અવતાર કાલમાં તો '**अहो बकीयं**' શ્લોકમાં કહેવા મુજબ, તેમ જ પ્રહ્લાદ ઉપર જ્યારે દ્વેષ કરશે ત્યારે વરદાન લીધેલાને પણ મારીશ" આ ભગવદ્વાકયાનુસાર ભગવાનમાં જીવનો અપરાધ દૂર કરવાનો અનુગ્રહ રહેલો છે. અપરાધ દૂર કરી સત્ફલ આપવું અને ભકતની રક્ષા કરવા રૂપી કૃપા-અનુગ્રહ-ભગવાનમાં છે, એમ નિશ્ચય થાય છે, ( હે જીવ ! ) તેં ભકિતથી સર્વ સમર્પણ ભગવાનને કર્યું છે. માટે ભકત હોવાથી કૃતાર્થ છે. 'એવા ધર્મો પૂર્વક જે માણસો પ્રભુને આત્મનિવેદન કરે છે, તેને કયો અર્થ બાકી રહે છે ? કોઈ પણ પુરૂષાર્થ

અવશિષ્ટ રહેતો નથી,' માટે તેં સર્વ સાધનરૂપ ફલરૂપ પુરુષાર્થને પ્રાપ્ત કરેલો છે. માટે તું સુખી થા, દૌર્મનસ્ય ત્યજી દઈ નિવૃત્ત થા, એમ આજ્ઞા કરનાર શ્રીમહાપ્રભુજી આશીર્વાદ આપે છે.

હવે પછી જે માણસ દેહમાં સેવા કરવાનું સામર્થ્ય વિદ્યમાન છતાં પૂર્વોક્ત ખેદથી અથવા દેહાધ્યાસથી અથવા કોઈ કાર્યાન્તરમાં રોકાવાથી દૈહિક તનુજા સેવા કરવામાં પ્રમાદ કરતો હોય તેને વિચાર કરવાનો કહે છે.

**प्रौढापि दुहिता यद्वत् स्नेहान्न प्रेष्यते वरे ॥८॥**
**तथा देहे न कर्तव्यं वरस्तुष्यति नान्यथा ।**

**અન્વયાર્થ**—**प्रौढा**—સ્વામીના સર્વ કાર્યમાં યોગ્ય, **अपि**—પણ **यद्वत्**—જેમ, **दुहिता**-દિકરી, **स्नेहात्**—સ્નેહથી **वरे**—સ્વામી પાસે **न**—ન, **प्रेष्यते**—મોકલે, **तथा**—તે મુજબ, **देहे**—દેહમાં **न**—ન, **कर्तव्यम्**—કરવું. **अन्यथा** દિકરી વરસમીપ ન મોકલે તો **वरः** દિકરીનો પતિ, **तुष्यति**—સંતોષ પામતો **न**—નથી.

**ભાવાર્થ**—જેમ (પતિ) સ્વામિના સર્વ કાર્ય કરી શકે એવી દિકરીને સ્નેહથી પતિ સ્વામી પાસે ન મોકલવામાં આવે તો સ્વામી પ્રસન્ન થાય નહિ. તેમ દેહમાં ન કરવું જે દેહથી સેવા બની શકે એમ હોવા છતાં દેહસ્નેહથી સેવા ન કરે તો પ્રભુ પ્રસન્ન થતા નથી.

**વિવેચન**—સ્વામીના સર્વ કાર્ય કરી શકે એવી પ્રૌઢ દિકરી જેમ સ્નેહથી એટલે આ બાલા પ્રતિગૃહ જશે, તો ઘણું કામ કરવું પડશે, થાકી જશે, દુઃખી થશે, એમ જાણી વર પાસે ન મોકલે તો વર પ્રસન્ન ન થાય, આવી રીતે દેહાધ્યાસથી દેહને સેવા વગર રાખી મુકવો નહિ. જેમ દુહિતાને સાસરે મોકલ્યા વિના તેનો વર પ્રસન્ન થતો નથી. તેમ શરીરથી સેવા કરાવ્યા વિના પ્રભુ સંતોષ નથી પામતા. પ્રભુએ આ દેહ

**દેહને સેવામાં જ યોજવો.**

સ્વસેવા માટે આપ્યો છે. 'भवाय नाशाय' *આ શ્લોકમાં આ વાત સ્પષ્ટ પ્રતિપાદન કરેલી છે, માટે પૂર્વોકત દોષોને દૂર કરી તારે પ્રભુએ આજ્ઞા કરેલી સેવા જ કરવી.

જો અપરાધથી અથવા પ્રતિબંધથી દેહને સેવામાં યોજે નહિ તો વિચારાન્તરનો ઉપદેશ આપે છે.

અન્વયાર્થ-**लोकवत्** લોકની માફક-**चेत्** જો, **मे** મારી, **स्थिति**-**स्यात्**-સ્થિતિ, **किं** શું **स्यात्** થાય, **इति**-એ પ્રમાણે, **विचारय**-વિચારકર, **अशक्ये**-સેવાદિ કરવામાં અસમર્થ થતાં, **हरिः**-સર્વ દુઃખ હર્તા ભગવાન્ **एव**-જ, **अस्ति**-છે, **कथञ्चन**-કોઈ પણ પ્રકારે, **मोहम्**-ઉદ્વેગને, **मा गाः** પામીશ નહિ.

ભાવાર્થ-લોકો જેમ સંસરાસકત છે, તેમ હું પણ સંસારાસકત થાઉં તો લોકતુલ્યતા જ થાય તો શું થાય ? વિચાર કર, જો દેહ અશકત થતાં સેવા વિગેરે ન થાય તો સર્વ દુઃખ હર્તા હરિ ભગવાન રક્ષક છે. માટે જરાપણ ઉદ્વેગ કરીશ નહિ,

**સેવા કરતા પણ પ્રતિબંધ થાય તો પ્રભુશરણ વિચારવું.**

વિવેચન-લોકો જેમ સંસારાસકત થઈ નાના પ્રકારના સ્વભાવવાળા હોઈ ત્યાં ત્યાં તે તે શાસ્ત્રથી ભટકે છે, તે મુજબ જો મારી સ્થિતિ થાય, તો પૂર્વોકત રીતિએ મને પશ્ચાત્તાપ ન થાય તો શું થાય ? લોકસમાન-સાધારણ લોકસમાન થઇ જવારૂપી લોકતુલ્યતા મારામાં નથી આવી માટે ભગવાન મારા ઉપર દયા કરે છે, એમ વિચાર કર, એમ વિચાર કરી દેહ સેવા માટે જ છે.

---

* भवाय नाशाय च कर्म कर्तुं शोकाय मोहाय सदा भयाय।
सुखाय दुःखाय च देहयोगमव्यक्तदिष्टं जनताङ्ग धत्ते।
**स्क० ५-१-४ अव्यक्तदिष्टम्**=ભગવદ્દત્ત,

એમ નિશ્ચય કર. નિશ્ચય કરી પ્રભુએ જેમ આજ્ઞા આપી હોય તેમ સેવા કર, આવી ખાસ ઉદ્યુકત-ઉદ્યમપૂર્વક સેવા કરવામાં આવે, તો પણ પ્રતિબંધ આવે તો તું હરિ-સ્મરણ કર. સર્વ દુઃખ હર્તા-ભગવાન છે જ. "સર્વધર્મને ત્યજી મારે શરણે આવ" એ વાક્યથી પોતાને શરણે આવનારનાં સર્વ પાપ દૂર કરવાનું કહેનાર ભગવાન જ રક્ષક છે. એમ વિચાર કર. પૂર્વે કહેલા અને નહિ કહેલા ભાવી અથવા સંભાવિત એવા કોઇ પણ પ્રકારે મોહમાં પડીશ નહિ. વિચિત્રતામાં મન હવે પછી શું થશે ? એવા મૂર્ખતા ભરેલા ઉદ્વેગને પામીશ નહિ. આવી રીતે ભગવાનના શરણત્વનો વિચાર કરવાથી જ સર્વ ઉદ્વેગ દૂર થઈ જશે અને ભગવત્કૃપા મારા ઉપર પ્રકટ છે, એમ માલૂમ પડશે.

વિચારવાકય કહી, ઉપસંહાર કરે છે.

**इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः ॥ १० ॥**

**चित्तं प्रति यदाकर्ण्य भक्तो निश्चिन्ततां व्रजेत् ।**

અન્વયાર્થ-**चित्तम्** ચિત્ત પ્રત્યે, **श्रीकृष्णदासस्य** શ્રીકૃષ્ણના મુખ્ય સેવા રસને પ્રાપ્ત કરેલ **वल्लभस्य**-ભગવાન અને ભકતને વહાલા વલ્લભનું **हितम्**-હિતકારક, **वचः**-વચન **इति** શરણ ગમન પર્યન્તનું **यद्** જે **आकर्ण्य** સાંભળીને **भक्तः** ભકત, **निश्चिन्तताम्** ચિન્તારાહિત્યને **व्रजेत्** પામે.

**ભાવાર્થ**-ચિત્તપ્રતિ શ્રીકૃષ્ણના મુખ્યદાસ્ય એટલે સેવારસ પામેલા વલ્લભનું હિતકારી શરણ ગમન પર્યન્તનું વચન સાંભળીને ભકત ચિન્તારહિત થાય.

**અહ આ સારાંશ સિદ્ધ થયો**

૧. ભગવાન સમતા અને અધિકતા રહિત સ્વતંત્ર છે.

૨. માર્ગપ્રવર્તક ભકતો સ્વરૂપથી દોષરહિત છે અને ભગવાનને ભકતવશતા કહેલી છે, છતાં વ્રજભકતો ભગવાનને આધીન જ છે. ભગવાનથી અભિન્ન છે જુદા નથી. આપણે વ્રજભકતોના

માર્ગના છીએ, તો પણ માર્ગપ્રવર્તક ભક્તવત્-વ્રજભક્તોની માફક-ભગવાનની આજ્ઞાનો ભંગ કરવો અથવા ભગવાનને ન રૂચે એવું કરવું યોગ્ય નથી.

૩ જીવ સ્વભાવથી જ દોષવાળો છે, છતાં બ્રહ્મસંબંધથી જીવ નિર્દોષ થઈ જીવનો ઉત્કર્ષ થાય છે. આ મોટાઈ વખતે પ્રભુની કૃપા અધિકાધિક હોય છે, તે વખતે પણ પોતાની મોટાઈનું અભિમાન જીવે ન જ કરવું.

૪ ભગવાન સત્યસંકલ્પ હોવાથી પોતાનું ધાર્યું કરશે પણ તે જાણવું મુશ્કેલ હોવાથી સર્વદા ભગવદાજ્ઞા જ કરવી.

૫ "હું સેવક છું" તેથી સ્વામી મારૂં જે યોગ્ય હિત છે તે જ કરશે. એવો વિચાર સેવકને યોગ્ય છે તે રીતે પણ આજ્ઞા પાલન જ કરવી એ જ ફરજ છે.

૬ ભગવાન લૌકિક રાજાની માફક અપરાધથી કોપી ઉઠી ત્યાગ નહિ જ કરે. અંગીકારરૂપી પ્રભુનો ધર્મ નિત્ય છે અનિત્ય નથી. પ્રભુએ અંગીકાર કર્યો છે, એમ સમર્પણ વિગેરેથી માની. ભગવદ્ધર્મનો આરંભ કર્યા પછી ફલથી અને સાધનથી જરાપણ નાશ ન થવા ભગવાને ઉદ્ધવ પ્રત્યે પોતે જ વચન કહેલું છે.

૭. દેહ પણ ભગવાને સેવા માટે આપ્યો છે. પૌઢદીકરીને જેમ સાસરે ન મોકલનારો પિતા મૂર્ખ ગણાય છે, તેમ દેહથી સેવા ન કરનારો મૂર્ખ કહેવાય છે. માટે દેહને હરકોઈ ઉપાયે ભગવાનમાં જ જોડવો, જો સેવા ન કરવામાં આવે, તો લોકતુલ્યતા થઈ જાય, દેહ સેવામાં જોડયા છતાં જો પ્રતિબંધ આવે તો ભગવાનના શરણની ભાવના કરવીઃ તે જ પ્રતિબંધ દૂર કરશે; અન્ય કોઈ ઉપાય નથી. પ્રતિબંધ ભગવન્માયાથી થાય છે. પ્રતિબંધ કરવા ભગવાન માયાને જ યોજે છે. તેને તરવાનો ઉપાય ભગવાનને શરણે જવું એ જ છે.

**અન્તઃકરણપ્રબોધ ગ્રન્થ સમાપ્ત**

श्रीकृष्णः

# વિવેકધૈર્યાશ્રય

દૈવી જીવન ગાળવાને મનુષ્યે વિવેક ધૈર્ય અને આશ્રયને સમજી તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો.

મનુષ્યના જીવનમાં અનેક દુઃખસુખની છાંય આવે છે. દુઃખને અને સુખને મોટામાંથી નાના કરી દેવાં. નાનાને મોટા બનાવવા એ મનની યોગ્યતા કે સ્થિતિ ઉપર આધાર છે. આ મન જો ભગવદાશ્રિત થાય તો તેનામાં અનેરૂ બળ આવે છે. જે દુઃખના કે અપમાનના ડુંગરા વગર આયાસે ઓળંગી જાય છે.

શ્રીમદાચાર્યચરણે નિબન્ધમાં વૈદિક કર્મજ્ઞાન અને ભકિત-માર્ગનું સારી રીતે વિવેચન કર્યું. સ્વતંત્ર શરણ માર્ગ કહ્યો, તથાપિ *આ કલિમાં તે કર્મજ્ઞાન અને ભકિત દુઃસાધ્ય છે, એમ વિચારી આ કર્મજ્ઞાન અને ભકિત કરવામાં અસમર્થ થએલા ભકતોને માટે જ સંક્ષેપમાં શરણમાર્ગનો ઉપદેશ આપવા આ ગ્રંથ લખ્યો છે. આ શરણમાર્ગ જે 'जगन्नाथे विठ्ठले' આ નિબંધમાં કહેલો તે છે, શ્રીમહાપ્રભુજી વિવેક ધૈર્યથી થતી આશ્રયની સિદ્ધિ સમજાવવા આશ્રયના સાધનરૂપ વિવેકથી ધૈર્યનું રક્ષણ કરવાની આજ્ઞા કરે છે, અથવા તો વિવેક ધૈર્યના રક્ષણની આવશ્યકતા પ્રથમ શ્લોકથી જણાવે છે

विवेकधैर्ये सततं रक्षणीये तथाऽऽश्रयः ।
विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ॥ १ ॥

અન્વયાર્થ–विवेकधैर्ये વિવેક અને ધૈર્ય सततम् સદા रक्षणीये એવી રીતે રક્ષણ કરવા કે तथा તે પ્રકારે आश्रयः

*कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः । (કલિમાં ભકત્યાદિ માર્ગો ખરેખર દુઃસાધ્ય છે, એમ મારો અભિપ્રાય છે.) એમ અન્તમાં શ્રીમદાચાર્યચરણ કહેશે.

**સિદ્ધ્યેત્** સિદ્ધ થાય. **વિવેકઃ** વિવેક તુ તો **હરિઃ** હરિ સર્વદુઃખ હર્તા **નિજેચ્છાતઃ** સ્વેચ્છાથી **સર્વમ્** સર્વ **કરિષ્યતિ** કરશે, ૧

ભાવાર્થ– વિવેક અને ધૈર્યનું સદા રક્ષણ કરવું એવાપ્રકારે રક્ષણ કરવું કે જેથી સદા શ્રીકૃષ્ણાશ્રય સિધ્ધ થાય, વિવેકનું સ્વરૂપ આ કે–સર્વદુઃખહર્તા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર પોતાની ઈચ્છાથી સર્વ કરશે. (આ પ્રમાણે જીવે હરઘડી મનમાં વિચારવું અને વાણીથી બોલવું) ૧

વિવેકધૈર્યનું સદા રક્ષણ કરવું

વિવેક અને ધૈર્યનું સદા રક્ષણ કરવું રક્ષણ કરવાની આવશ્યકતા છે, અને તે જ માટે શ્રીમહાપ્રભુજીએ (**આનીયર્**) યોજેલ પ્રત્યયનું આ સ્વારસ્ય છે) આશ્રય સિદ્ધ થયો પછી પણ વિવેકધૈર્યનું રક્ષણ કરવું. જે જે વિવેક અને ધૈર્યમાં જે જે બાધક આવે તે દૂર કરતા રહેવું. એનું નામ રક્ષણ છે. સામ્પ્રદાયિક ટીકાકારોએ પણ એ જ રીતિ સ્વીકારી છે. વિવેકધૈર્યના અનુસન્ધાનપૂર્વક વિવેકધૈર્યને અનુકૂલ આવે એવાં આચરણ કરવાં એ રક્ષણ કરવાની રીતિ છે. આ વિવેકધૈર્યથી જ આશ્રય સિદ્ધ થશે. માટે વિવેકધૈર્યનું એવી રીતે રક્ષણ કરવું કે આશ્રય સિદ્ધ થયા વિના ન જ રહે.

આશ્રય જીવકૃતિથી સાધ્ય નથી, આશ્રયે જીવની સત્તાને આધીન નથી, માટે શ્લોકમાં આશ્રયનું ક્રિયાપદ કહેવામાં આવ્યું નથી. વિવેકધૈર્યથી પણ જુદો પાડી આશ્રય લખવામાં સુંદર આશય સમાયેલ છે, વિવેકધૈર્ય તો જીવ મેળવી શકશે. પરન્તુ જ્યારે પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર આશ્રયનું દાન કરે તો જ આશ્રયનું સિદ્ધ થાય, આશ્રયસિદ્ધ કરવામાં જીવનું બલ ચાલે તેમ નથી. પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર કૃપા કરે (**પ્રદાનવત્** સૂત્રાનુસાર) જીવને આશ્રયનું દાન કરે, તેનાથી આશ્રય અને આશ્રયનું રક્ષણ બની શકે,

અક્રૂરજી ભગવાનને બોલાવવા મથુરામાં આવ્યા, ભગવાનની સાથે પાછાં ફરતાં શ્રીયમુનાજીમાં સ્નાન સમયે અક્રૂરજીને ભગવાને પોતાનું દિવ્યસ્વરૂપદર્શન કરાવ્યું. આ દર્શનના પ્રભાવે અક્રૂરજી સ્તુતિવચનમાં શરણ ક્યારે થાય છે ? તે વર્ણવે છે. "હે ભગવન્" આપ જ્યારે જીવ ઉપર કૃપા કરી આપના અઙ્ગીકારરૂપી વ્રતનો વિચાર કરો ત્યારે જ મારા જેવા જીવથી આપના ચરણકમલમાં શરણે અવાય છે, હું નિઃસાધન છું. સાધન કરવા અસમર્થ છું, તોપણ દીનતાથી આપના ચરણ-કમલમાં શરણે આવ્યો, એ આપનો અનુગ્રહ જ માનું છું, અસજ્જનોને જે દુર્લભ છે, તે ચરણારવિન્દ મારા ભાગ્યમાં ક્યાંથી હોય ! આશ્રય ત્યારે જ પ્રાપ્ત થાય કે પ્રભુ આ દેહાદિ સઙ્ઘાતને યોગ્ય બનાવે, અથવા દેહાદિસઙ્ઘાતનો ત્યાગ કરાવે. આ બન્ને ભગવાનની કૃપા વિના ન બને. જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે સત્પુરૂષની સેવામાં રૂચિ, ભગવાનના સ્વરૂપને જાણવાની ઈચ્છા, શાસ્ત્રમાં તત્પરતા, જીવને થાય છે, અને આ અન્તિમ જન્મ પણ ત્યારે જ સિધ્ધ થાય છે. આ રીતે સર્વ સઙ્ઘાતને અનુકૂલ રીતે અથવા તો ત્યાગ કરાવી પ્રભુ જ શરણનું દાન કરે છે. એ સ્પષ્ટ થયું.

### શ્રીમહાપ્રભુજી પૃથક્શરણમાર્ગના ઉપદેષ્ટા છે

**'પૃથक्शरणमार्गोपदेष्टा'** 'પૃથક્ શરણમાર્ગનો ઉપદેશ આપનારા' એવું શ્રી હાપ્રભુજીનું નામ પણ ત્યારે જ સાર્થક થાય કે આશ્રયને સ્વતંત્ર ફલ માનવામાં આવે, તો જ સાર્થક થાય, આશ્રયને જો ફલરૂપ ન માનવામાં તો નિબન્ધમાં આશ્રયનું નિરૂપણ સંક્ષેપમાં હોવ.થી, સુબોધિનીજીમાં પણ આશ્રયનું નિરૂપણ બીજા શેષરૂપ છે, તેમ જ કવચિત્ સંકીર્ણ (બીજાથી મિશ્ર) પણ થઈ ગયું છે, તેમ નિબંધમાં તે તે સ્થલમાં આશ્રયનું

કિંચિત્ કિંચિત્ કથન છુટું છવાયું હોવાથી શ્રીમહાપ્રભુજીને પૃથક્-શરણમાર્ગના ઉપદેષ્ટા શી રીતે કહી શકાય ? માટે અત્ર પૃથક્શરણ-માર્ગનો ઉપદેશ આપવાનું સિધ્ધ કરવા અત્રે કહેલ આશ્રયને ફલરૂપ સ્વતંત્ર માનવો, તેથી શ્રીમહાપ્રભુજીનું પૃથક્શરણમાર્ગોપદેષ્ટા નામ સાર્થક થાય છે. આથી કંઈ આશ્રયને ભક્તિના અંગ તરીકે શ્રીસુબોધિન્યાદિમાં વર્ણવામાં આવ્યો છે, તેમાં બાધ આવતો નથી. કારણ કે આશ્રય ભક્તિમાં ઉપકારક હોવાથી ગૌણી-લક્ષણાર્થ-કરી લેવો, મુખ્ય ફલરૂપે મુખ્યાર્થ ન કરતાં ફલરૂપ ભક્તિના સાધન રૂપ ગણવો. અરે ભાઇ ! આ શરણ માર્ગ છે, તે કંઈ ભકિતમાર્ગથી જુદો નથી, પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં "ભકિતમાર્ગના કહેવાથી પુષ્ટિમાર્ગ છે" એમ બેને એક જ કહ્યો છે. પરન્તુ આટલું તો સમજવું જ જોઈએ કે શરણમાર્ગ પ્રવાહથી અત્યન્ત ભિન્ન છે, આશ્રયવાળો ભગવાનનું જ સ્વામી-પણું સર્વદા સ્વીકારતો હોવાથી મર્યાદામાર્ગથી પણ જુદો છે.

**ગૃહસ્થાશ્રમી પણ આશ્રયનો અધિકારી છે,** આશ્રયનો અધિકારી વિરક્ત હોવો જોઈએ, તો પણ ગીતાજીના બારમા અધ્યાયમાં **"अथैतदप्यशक्तोसि कर्तुं मद्योगमाश्रितः"** આ સ્થલે અને **"सर्वधर्मान् परित्यज्य"** આ સ્થલે પણ ગૃહસ્થાશ્રમી અર્જુન પ્રત્યે શરણઆશ્રય-માર્ગનો ઉપદેશ આપેલો હોવાથી ગૃહસ્થાશ્રમી પણ શરણમાર્ગનો અધિકારી છે. વિરકત એકલો જ આશ્રયાધિકારી કહી, શકાશે નહિ, અનુકૂલ હોય તે ઉપકારક થાય. એવું પૂર્વમીમાંસા ન્યાયમાં પ્રસિધ્ધ છે, પરન્તુ આટલો વિશેષ છે, ત્યાં ફલોપકારપણું એકલું કહ્યું છે અને આશ્રય તો સ્વરૂપને પણ ઉપકાર છે અને ફલને પણ ઉપકારક છે.

**અત્ર વિવેક કેવા અર્થમાં વપરાયો છે-વિવેક એટલે** જુદું પાડવું અથવા તેનું જ્ઞાન મેળવવું એવા અર્થમાં પ્રસિદ્ધ છે, જેમકે માણસે નિત્યાનિત્યનો વિવેક કરવો. એટલે નિત્યાનિત્ય

વસ્તુનું જ્ઞાન મેળવવું, એવો અર્થ થાય છે. કોઈ વખતે વિવેક શબ્દ સ્વભાવમાં વપરાય છે. જેમકે ઉચિત સત્કાર કરનાર તે વિવેકી કહેવાય, ત્યારે વિવેકનો અર્થ કેવો લેવો ! હરિ સર્વ સ્વેચ્છાથી કરશે. સેવા સ્મરણના અર્થમાં વિવેક લેવો.

વિવેક એટલે–હરિસર્વ દુઃખના હર્તા છે, સ્વકીય ભક્તોનું આ લોક અને પરલોક સમ્બન્ધી (લૌકિકાલૌકિક) સર્વ નિજેચ્છાથી, સ્વતન્ત્રેચ્છાથી, લીલેચ્છાથી, અથવા નિજભક્તોની ઈચ્છાથી કરશે. આ વિવેકનો વિષય દર્શાવ્યો, આ પ્રમાણે હરિ સર્વ નિજેચ્છાથી કરશે, એવી બુદ્ધિ રાખવી, તેવું અનુસન્ધાન વારંવાર રાખવું, તેનું નામ વિવેક, હરિ ગજેન્દ્રને મોક્ષ આપનાર છે. ગજેન્દ્ર જેવા અજ્ઞાન પ્રાણીનું પણ આ પ્રભુ દુઃખ હરે છે, એમ હરિપદથી રહસ્ય સુચવ્યું.

પ્રભુ નિજ ઈચ્છાથી જ સર્વ કરે છે, કારણ કે જગત્ પ્રભુનું ક્રીડાભાણ્ડ–રમણ કરવાનું સ્થળ–છે, ક્રીડા માટે જ આ જગત્ પ્રકટ કર્યું છે. "નિજ" શબ્દ પોતાનું તદીયપણું ભગવદીયપણું દર્શાવે છે. ભક્ત અજ્ઞાન હોય તે આ જગત્ ભગવાનના ક્રીડાભાણ્ડ તરીખે ન સમજી શકે, તો પણ પ્રભુ આ ભક્તનું કલ્યાણ જ કરે છે 'જે ભગવાન આ વિશ્વના સ્થિતિ, લય અને પ્રાદુર્ભાવ કરે છે, જે ભગવાન યોગેશ્વરોથી પણ ન તરી શકાય એવી માયાવાળા છે જે ત્રણે (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરના) અધિપતિ છે. તે ભગવાન અમારૂં (ભક્તનું) કલ્યાણ જ કરશે." આવી રીતે ભક્તે તો અનુન્ધાન રાખવું કે પ્રભુ મારૂં કલ્યાણ જ કરશે, એ પણ વિવેક છે. જો અધિક તદીયત્વ સ્ફૂરે તો ભગવાન ભક્તને અધીન થાય છે. "હું ભક્તને અધીન છું." "ભક્ત મારામાં છે, હું તેનામાં છું." "આત્મારામ પ્રભુએ ભક્તને માટે જ રમણ કર્યું,' વિગેરે પણ ભગવાન ભક્તને આધીન છે એ દર્શાવે છે. ભક્તનું પરોક્ષમાં હિત કરે છે. ભક્તની સમીપ સદા બીરાજે

છે. પોતાની સ્વરૂપમર્યાદાને પણ ઓળંગી ભકતની અભિલાષાઓ પરે છે, (જેમકે ભકતના આગળ નૃત્ય પણ કરે છે) અધિકાર મુજબ ભકતનું ભાવિ હિત પણ પ્રભુ જ કરે છે, ભકતના અને ભગવાનના આવા સંબંધનું વારંવાર અનુસંધાન રાખવું એ પણ વિવેક છે. પ્રભુ જીવનું સર્વકંઈ સિધ્ધ કરશે જ, ભાવિ અર્થચિન્તા દૂર કરશે. ભુત વર્તમાન ચિન્તાને પણ દૂર કરનારા તે જ હતા, છે. એવું વિચારવું તે પણ વિવેક છે ॥૧॥

**प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात् ।**
**सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च ॥ २ ॥**

**स्वाम्यभिप्रायसंशयात्** પ્રભુને આપવાની ઈચ્છા છે કે નહિ તે અભિપ્રાયને જાણ્યો ન હોવાથી **प्रार्थिते** પ્રાર્થના કર્યા છતાં પણ તે પ્રાર્થનાથી **किं स्यात्** શું થાય ? **सर्वत्र** બ્રહ્માણ્ડમાં **तस्य** તે પ્રભુનું જ **सर्वं** વસ્તુ માત્ર છે. **च** અને **तस्य** તે પ્રભુનું જ **सर्वसामर्थ्यम् एव** સર્વ પ્રકારનું જ સામર્થ્ય છે. ૨

**ભાવાર્થ**-પ્રાર્થિત વસ્તુ આપવાની પ્રભુની ઈચ્છા છે કે નહિ, એવો પ્રભુનો અભિપ્રાય જાણવામાં આવેલો ન હોવાથી પ્રાર્થ-નાથી શું વળવાનું છે. (જો પ્રભુને આપવાની ઈચ્છા હશે તો) બ્રહ્મા ણ્ડમાં આ સર્વ પ્રભુનું જ છે. પ્રભુ સર્વ પ્રકારના સામર્થ્ય યુકત-સર્વજ્ઞ-સર્વ શકિતમાન છે.

**વિવેચન**-પ્રભુ પાસે પ્રાર્થના-યાચના-ન કરવી. માની લઇએ કે જીવ પ્રભુ પાસે પ્રાર્થના કરે; પરન્તુ પ્રાર્થનાથી તેને શું મળે ? કંઈ પણ ન મળે. ગજેન્દ્રને પ્રભુએ મોક્ષ આપ્યો, તે પ્રાર્થનાથી નહિ પણ પ્રભુએ સ્વેચ્છાથી જ આપ્યો. પ્રાર્થનાથી મળે એમ હોય તો પૂર્વ જન્મમાં જ તેને મળવો જોઈએ. " પ્રાક્જન્મમાં શિખેલા પરમ જાપને આ ગજેન્દ્ર જપવા લાગ્યો." તો પૂર્વજન્મના જાપ વખતે પ્રભુએ

મોક્ષ કેમ ન આપ્યો ? માટે પ્રાર્થનાથી પ્રભુ મોક્ષ નથી આપત
પણ વિચારેલી મર્યાદાનું સંસ્થાપન કરવા, અને ભગવાન ભક્તિથ
પ્રસન્ન થાય છે એવું જગમાં પ્રસિધ્ધ કરવા જ તેમજ ભગવા
સર્વત્ર બિરાજે છે, એવું જણાવવાને સ્વેચ્છાથી મોક્ષદાન આ
છે. નહિ કે પ્રાર્થનાથી, વ્રજભકતોમાં પણ સ્વેચ્છાથી જ ફલદા
આપ્યું જો પ્રાર્થનાથી ફલ આપવા ઈચ્છા હત તો "મને ખ
બેસાડી લઈ જાઓ" એટલું કહેતામાં પ્રભુ અન્તર્ધાન થાત જ નહિ
કવચિત્ પ્રભુ પ્રાર્થનાથી અપેક્ષિત દાન ન કરે. એવું માની લઈએ
તો પણ કાલવિલંબથી અને ન્યૂનાધિક ફલ મળતું હોવાથી
અન્યથાસિદ્ધ માનવું. તેમ છતાં પ્રભુ પ્રાર્થના પૂર્ણ કરે છે, એ
કહીએ તો પણ તે પ્રાર્થના પ્રભુએ જીવને નિશ્ચય કરેલાં ફલ આપ-
વાના અભિપ્રાયથી થએલી હોય છે. તે ફલે છે. પ્રભુને પ્રાર્થનાનુ
ફળ આપવા ન આપવાના સંશયગ્રસ્ત સમયની પ્રાર્થના ફોક
છે. આ પ્રમાણે વિચારતાં જીવને માટે પ્રભુની ઇચ્છા જ સર્વમાં કારણ
થયું. ભગવાનની આપવાની ઇચ્છા ન હોય અને જીવ પ્રાર્થના
કરે તો ઉલટું જીવની અધીરાઈ જોઈ, પ્રભુ ક્રોધ ઉપેક્ષા કરે છે
તેથી પ્રાર્થના બાધક છે. આ સંશયકાલીન પ્રાર્થનાનું વ્યાખ્યા
થયું, ગમે તે હો પરંતુ જીવ અણુ હોવાથી અલ્પજ્ઞ હોવાથ
તેના મનોરથો પણ અલ્પ હોય છે, તેથી કુબ્જાની માફક અલ
માટે પ્રાર્થના કરાએલા પ્રભુ અલ્પ જ આપશે. અને તેથી કુબુદ્ધિ
અધિક થશે. અપ્રાર્થિત પ્રભુ પોતે અલૌકિક હોવાથી અનેકધણ
આપશે. અને " શ્રુતિઓએ જેમ મનોરથાન્ત પ્રાપ્ત કર્યા, તેમ
તે પણ મનોરથ સિદ્ધિ પામશે." માટે જ અમે કહીએ છીએ કે પ્રભુના
અભિપ્રાયને સમજયા વગર પ્રાર્થના કરવાથી શું વળવાનું છે ?
કંઈ નહિ અર્થાત્ પ્રાર્થના કરાએલું પ્રભુ આપે તો વિવેકના
સામર્થ્યનો નાશ થાય છે. અને ન આપે તો જીવને ખેદ થતા

જીવનો સ્વરૂપનાશ થાય છે. આ પ્રમાણે પ્રાર્થના જ ફોકટ છે તો કામ્યકર્મોની નિષ્ફળતામાં કહેવું જ શું ? કામ્યકર્મોનાં ફલ મળતાં નથી. અને ઉલટું અનિષ્ટકારક ફલ મળતું હોવાથી વિદુરજીએ ભગવાનને પૂછયું કે "લોકો સુખને માટે કર્મ કરે છે. પરંતુ તેનાથી સુખ અને શાંતિ મેળવતા નથી. ઉલટા તેનાથી વધારે દુઃખ મેળવે છે. માટે હે પ્રભુ ! આમાં જે યોગ્ય હોય તે આપ મને કહો."

સાંગ (યથાર્થ) વૈદિક કર્મનું ફળ અવશ્ય થાય છે જ, તેના ફળનો વ્યભિચાર થતો નથી, એવું પણ કરી શકાય નહિ કારણ કે દક્ષયજ્ઞાદિની માફક કર્મ સાંગોપાંગ ઉતરવું મુશ્કેલ છે. આ વાત નિબંધના **कर्मणो गहना गतिः** એ શ્લોકમાં યથાસ્થિત વર્ણવેલી છે, ત્યાંથી જાણી લેવી.

ભલે એમ હોય તો પણ નિંદાવાકયથી, અને કુબ્જા વગેરે જીવોએ પ્રભુના અભિપ્રાયને નહિ સમજવાથી પ્રાર્થનાનું બાધકપણું ભલે હો, પરંતુ પ્રભુનો અભિપ્રાય સમજાયા પછીથી પ્રાર્થના કરવામાં શું બાધ છે ? એમ સમજી પોતાની અભિલાષા પૂર્ણ કરવાને માટે પ્રભુને વિનવા જ જોઈએ એમ કોઈ કહે તે પણ ભુલ ભરેલું છે. કારણ કે પ્રભુ સર્વ બ્રહ્માંડમાં અંદર અને બહાર વસેલા છે અને તે સ્વામીનું જ આ સર્વ વસ્તુમાત્ર છે; કારણ કે આ જગત્ પ્રભુનું ક્રીડાભાંડ છે. સર્વપ્રકારનું અનેક રીતે અને સર્વ સ્થળે સામર્થ્ય પ્રભુનું જ છે. શ્રુતિ પણ આજ્ઞા કરે છે કે "ભગવાન સર્વજ્ઞ છે, સર્વશક્તિવાળા છે, સર્વને વશ રાખનારા છે, અને સર્વના શાસન કરનારા છે." અર્થાત્ જો આપવાની ઈચ્છા કરશે તો સર્વજ્ઞ હોવાથી આપણી ઈચ્છાઓને જાણી તેજ પ્રમાણે આપશે. જો જીવમાં તે ફલ અનુભવવાનું સામર્થ્ય ન જુવે તો તે (સામર્થ્ય) પણ આપે. જીવની અભિલાષા પૂર્ણ કરે છે. "હે અંગ ગોપીજનોએ લાડુ માખણથી લલચાવી પ્રશંસા

કરી પરમાત્માએ નૃત્ય કરી ભકતવશતા દેખાડી," પ્રભુએ વૈકુણ્ દર્શન કરાવી, આપે ભકતાધીનપણું દર્શાવ્યું, એમ ભગવા સ્વેચ્છાથી ભક્ત મનોરથો પૂરે છે. ભકતાધીન પ્રભુ ભકતે માગેલુ આપતા ન હોય તે સમયે ભકતે જાણવું કે પ્રભુને આપવાન ઇચ્છા નથી. આ અભિપ્રાય સમજાયા પછી પ્રાર્થનાનો અવકા નથી, માટે પ્રભુ પાસે યાચના ન કરવી. આ સર્વ વિચાર શ્રીપ્રભુચરણ ગુંસાઈજીએ કહ્યું કે-"અમે જેમ ભગવાનના છીએ તેમ પ્રભુ પણ સ્વભાવે અમારા છે. તેથી અમારે આલોક અને પરલોક સંબંધી કોઈ પણ ચિન્તા નથી" આ પ્રમાણે રૂ કામનાના પૂરક છે. એવું દર્શાવી રક્ષણપ્રકાર કહ્યા. ૨.

હવે કામનાથી રક્ષણ પ્રકાર કહે છે.

अभिमानश्च सन्त्याज्य स्वाम्यधीनत्वभावनात्

અન્વયાર્થ—स्वाम्यधीनत्वभावनात् હું પ્રભુને આધીન છુ એવું સમજીને अभिमानः અભિમાન-ગર્વ-संत्याज्य. સારી રીતે તજવો ગર્વનો ત્યાગ કરો.

ભાવાર્થ-હું જીવ મારા સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રને આધીન છુ એમ સમજીને ગર્વનો ત્યાગ કરવો.

વિવેચન-અભિમાન એટલે ગર્વ. (રૂઢ અર્થ છે,) યૌગિ અર્થથી अभित उभयतो मानोऽभिमानः પોતાનાથી અને અન્યથ જે ચિત્તમાં મોટાઈ અથવા પૂજાવવાની બુદ્ધિ આવે તે પણ અભિમાન લૌકિક અલૌકિક બન્ને પ્રકારે અભિમાન અને અભિમા થવાનાં સાધનોનો ત્યાગ કરવો. જીવ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રને આધીન છે. આ પરાધીનતાનો વિચાર કરીને ગર્વ ન કરવો. કામનાથી જ ગર્વ, ચિત્તમાં મોટાઈ, પૂજાવવાની બુદ્ધિ થાય છે. હું આવો. આવા મોટા ઉત્તમ કુલમાં ઉત્પન્ન, આવા માણસોથી પ્રશંસા કરાયલો, આવા વિચારો એ ગર્વ જ કહેવાય, આવ

વિચારો કરનારમાં તેવી કામના પણ જોવામાં આવે છે. જો જીવ સમજે કે હું પ્રભુને આધીન છું. મારે ગર્વ કરવો વ્યર્થ છે. તો આ ગર્વ ન થાય. જે ભક્તો આ પ્રમાણે સમજે છે તેમને ગર્વ થતો જ નથી. ભૌતિક ઉન્નતિ હંમેશાં ગર્વ કરાવે છે.મારો ઉત્કર્ષ પ્રભુના હાથમાં છે. એમ માની અભિમામાનનો ત્યાગ કરી વિવેકનું રક્ષણ કરવું ભક્તો તો દાસભાવવાળા રહ્યા. તેમને સ્વતઃ અભિમાન થતું નથી, પરન્તુ દુઃસંગાદિથી ગર્વ થાય છે. આ વખતે સ્વામીને આધીન છું. એમ સંભારવું. કોઈ વખત પ્રભુ કૃપા કરી ભકતાધીનત્વ દર્શાવે. અને ભકત પાસે સાનુભવના સેવાદિ કરાવે, તે સમયે ગર્વ થવા સંભવ છે. પરંતુ સ્વામ્યધીનત્વ સંભારે તો ખેદ ન થાય. પ્રભુ સ્વતંત્રેચ્છાવાળા છે. કદાચિત્ શિક્ષાદણ્ડ-કરે તો પણ સ્વામ્યધીનત્વ સંભારે તો ખેદ ન થાય. અત્ર ગર્વ તજવામાં મારે માથે મારા પ્રભુ છે એવી સ્વામ્યધીનત્વની ભાવના કરવી. સ્વામ્યધીનત્વ ભાવનાથી દેહાભિમાન પણ ન કરવું, સેવામાં અને શરણાગતિમાં બાધક દેહાધ્યાસ તજવો. આ પ્રકારે વિવેકનું આન્તર રક્ષણ પ્રકાર કહ્યો. ૨½

**विशेषतश्चेदाज्ञा स्याद् अन्तःकरणगोचरः ॥ ३ ॥**
**तदा विशेषगत्यादि भाव्यं भिन्नन्तु दैहिकात् ॥**

અન્વયાર્થ–**विशेषतः** શ્રી મદાચાર્યચરણની આજ્ઞા કરતાં વિશેષ **आज्ञा** ભગવદાજ્ઞા **चेत्** જો **स्यात्** થાય તો **अन्तःकरणगोचरः** અંતઃકરણને–અભિપ્રાયને–ગોચર એટલે વિષયભુત (ખાસ અભિપ્રાયથી યોજાયલી આજ્ઞા છે કે નહિ ?) **तदा तु** ત્યારે તો **दैहिकात्** દેહ સંબંધથી **भिन्नम्** જુદા પ્રકારનું આજ્ઞા કરાયેલું **विशेषगत्यादि** વિશેષ કર્તવ્ય **भाव्यम्** કરવું. ૩½

ભાવાર્થ :– શ્રી મદાચાર્યચરણની આજ્ઞા કરતાં ભગવાનની વિશેષ આજ્ઞા જો થાય તો તે આજ્ઞા અભિપ્રાયપૂર્વક છે કે

કેવલ પરીક્ષા જ કરવા આજ્ઞા કરી છે ? તે સમજી તે દેહના લૌકિક સંબંધ રહિત અલૌકિક આજ્ઞા હોય તો તે પ્રમાણે 'કરવું.

ભગવદાજ્ઞાનો વિચાર કરો.

**વિવેચન**—આ શ્લોકમાં પણ '**સ્વામીને આધીન રહેવાથી**' એ પદ વારંવાર જોડવું. જો આ પદ ન જોડીએ તો આ ગ્રંથ આકસ્મિક બની જાય. સેવા વગેરેમાં પણ 'સ્વામીને આધીન છું.' એવી ભાવના કરવાની જરૂર છે. અર્થાત્ 'સ્વામીને આધીન છું.' એવી ભાવના પૂર્વક કરાતી સેવા ઉત્તમ છે. સેવામાં શ્રી મહાપ્રભુજીની આજ્ઞા કરતાં વિશેષ અધિકતા બતાવનાર અથવા આગ્રહને દર્શાવનારી અથવા પ્રતિદિન તથા નિયમ કરતાં વિશેષતા દર્શાવનારી આજ્ઞા પૂર્વ કરતાં વિલક્ષણ ભગવદાજ્ઞા જો થાય તો પણ તેના પ્રયોજનનો વિચાર કરવો જોઈએ, કે આ આજ્ઞા અંતઃકરણગોચર છે કે નહિ ? એટલે અભિપ્રાયપૂર્વક (હેતુપુરઃસર) કરાએલી છે કે નહિ ? અથવા આ આજ્ઞા પરીક્ષા કરવા વિગેરે કોઈ પ્રસંગને ઉદ્દેશીને થએલી છે. સ્વપ્નદ્વારા થઈ છે કે ? તેમ અન્યદ્વારા થઈ છે કે ? એમ તેના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ. તેમાં જો આ આજ્ઞા પ્રભુએ અભિપ્રાયપૂર્વક કરેલી હોય તે વખતે તો આજ્ઞા કરાયેલું વિશેષકાર્ય વગેરે કરવું. અર્થાત્, આજ્ઞાના વિષયના વિચારમાં આજ્ઞાના પ્રયોજકનો વિચાર કરવો. જો આ આજ્ઞા દેહસંબંધી હોય તો ભગવાને આ આજ્ઞા અભિપ્રાયપૂર્વક કરી નથી એમ માનવું. પણ પરીક્ષા અર્થે કરાએલી છે. એમ જાણીને તેમાં દર્શાવેલી વિશેષ કાર્ય માટે સાધન કરવાં નહિ. ગોપાલદાસ ભગવદીય પ્રભુને અનવસર કરાવીને પાસે આંખ મીંચી પ્રભુને પંખો કરતા હતા. પ્રભુએ આજ્ઞા કરી કે તું મને જો. ત્યારે ભગવદીયે કહ્યું શ્રી મહાપ્રભુજીની આજ્ઞા નથી. તે સાંભળી પ્રભુ પ્રસન્ન થયા. પ્રભુએ આ આજ્ઞા પરીક્ષા કરવા કરી હતી. જો એ આજ્ઞા સેવા વિષયક હોય. અથવા સેવાના પ્રતિ-

બંધને દૂર કરવા સંબંધી હોય, તો અભિપ્રાયપૂર્વક કરાએલી છે એમ માનીને, તે આજ્ઞામાં સમજાવેલી સામગ્રી વગેરે સંબંધીની વિશેષતા કરવી. અથવા તીર્થદેશાંતર વગેરે દેશાંતર સંબંધવાળી આજ્ઞા પાળવી અને આ આજ્ઞાના જે જે સાધનો હોય તે પણ કરવાં.

आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ।
अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ॥ ४ ॥
विवेकोयं समाख्यातः....................॥

અન્વયાર્થ-आपद्गत्यादिकार्येषु આપત્તિ પ્રાપ્ત થાય એવા કાર્યોમાં **सर्वथा** સર્વપ્રકારે **हठः** આગ્રહ **त्याज्यः** તજવો **च** અનાયાસથી થતાં કાર્ય થવા દેવાં. **सर्वत्र** દેહસમ્બન્ધિ અને અન્ય કાર્યોમાં **अनाग्रहः** આગ્રહ ન કરવો. **च** અને **धर्माधर्माग्रदर्शनम्'** વિહિત નિષિદ્ધ કાર્યોના પરિણામનો વિચાર કરવો. **अयं** આ **विवेकः** વિવેક **समाख्यातः** રક્ષણ પ્રકાર સાથે યુકિતપૂર્વક કહ્યો.

ભાવાર્થ-આપત્તિ પ્રાપ્ત થાય એવાં કાર્યોમાં સર્વથા આગ્રહ તજવો, અનાયાસે સિદ્ધ થતાં કાર્યો થવા દેવા. દેહસમ્બન્ધ અને અન્ય કાર્યોમાં પણ આગ્રહ ન કરવો. અને વિહિત નિષિદ્ધ કાર્યોના પરિણામનો વિચાર કરવો, આ વિવેકનો રક્ષણ પ્રકાર યુકિતપૂર્વક વિવેક કહ્યો.

### હઠ તજો

વિવેચન-"સ્વામીને પ્રભુને અધીન છું" એવું સમજી જેમાં આપત્તિ થાય એવાં અશકય કાર્ય કરવામાં આગ્રહ ન કરવો. સારાંશ કે ભગવાન્ ભક્તનો નિર્વાહ ચલાવે છે. ભકતને પ્રતિબંધ આવે તો નિર્વાહ ન ચાલે, માટે ભકતને આપત્તિ આવે એવી ભગવાનને ઈચ્છા હોતી નથી. દેવું કરીને સેવા કરવાનો દુરાગ્રહ ન રાખવો.

**હવે દેહ સંબંધી** કાર્યોની વ્યવસ્થા કહે છે. દેહસંબંધી અને દેહના સંબંધથી સંબંધ ધરાવતા અન્ય કાર્યોમાં પણ આગ્રહ ન કરવો. સ્વતઃ સિદ્ધ કે વગર પ્રયાસે સિદ્ધ થતાં કાર્યો થવા દેવાં. પરન્તુ જેમાં સેવા ત્યજી પ્રયાસ કરવો પડે તેવા કાર્યમાં ઉદાસીન રહેવું. એજ વિવેકનું રક્ષણ છે. "પ્રભુને આધીન છું" એવી ભાવના કરવી એટલે બુદ્ધિ આવશે. ઉપાય જડશે.

**લૌકિક કાર્યોમાં આગ્રહ ન રાખીએ,** પરન્તુ વિધિ—વેદાજ્ઞા—શાસ્ત્રાજ્ઞા—થી પ્રાપ્ત કાર્યોમાં સર્વ સામાન્ય ભગવદાજ્ઞા હોવાથી તેમાં આગ્રહ રાખવો કે નહિ? આ પ્રસંગમાં ઉપાય દર્શાવે છે—ધર્મ અને અધર્મ,—વિહિત અને નિષિદ્ધ—કર્મોના પરિણામનો વિચાર કરી વ્યવસ્થા કરવી. જેમ લૌકિક સ્મૃત્યુક્ત, વૈદિક, એ એક પછી એક બલવત્ કર્મ છે. તેમ શરીરનાં આત્માનાં અને ભગવત્સંબંધિ કાર્યો પણ ઉત્તરોત્તર બલવત્ છે. આ કાર્યોમાં જે ભગવદ્ધર્મનું પાલન કરીએ છીએ, તે ભગવદ્ધર્મને જરાય બાધ ન આવે, એમ અન્ય કાર્ય કરવાં, આ ધર્મ અધર્મના વિચારમાં પણ "હું સ્વામીને આધીન છું" એવી બુદ્ધિ રાખી, વિવેકનું રક્ષણ કરવું. આ પ્રમાણે વિવેચનપૂર્વક વિવેક દર્શાવ્યો, આજ ખરો વિવેક, અન્ય નહે.

આ પ્રમાણે વિવેકને દર્શાવી, હવે ક્રમથી આવેલા ધૈર્યને દર્શાવે છે. ૪½

........................ધૈર્યન્તુ વિનિરૂપ્યતે ॥૫॥

**त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।**

**तक्रवद्देहवद्भाव्यं जडवद् गोपभार्यवत् ॥६॥**

**અન્વયાર્થ—धैर्यम्** ધૈર્ય **तु** તો **विनिरूप्यते** નિરૂપણ કરાય છે. (૫)

**आमृतेः** મરણપર્યંત **सर्वतः** સર્વ **सदा** હંમેશાં **त्रिदुःखसहनं** આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક આ ત્રણે દુઃખનું

સહન કરવું તે **धैर्यम्** ધૈર્ય કહેવાય. ( દુઃખ સહન કરવામાં ) તક્રવાળી રાજભાર્યાના દેહની માફક **भाव्यम्** ભાવના કરવી **जडवत्** જડની માફક **भाव्यम्** ભાવના કરવી **गोपभार्यवत्** ગોપભાર્યાના સમૂહની માફક **भाव्यम्** ભાવના કરવી. (૬)

ભાવાર્થ– ધૈર્યનું નિરૂપણ કરાય છે, મરણપર્યન્ત સર્વ પ્રકારે સદા આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક આ ત્રણે દુઃખ સહન કરવા તે ધૈર્ય કહેવાય, દુઃખ સહન કરવામાં તક્રવત્ દેહ નિસાર છે. એમ ભાવના કરવી જડભરતની ભાવના કરવી, અને ગોપભાર્યાના સમૂહની ભાવના કરવી. (૬)

**મનુષ્ય જીવનમાં ધૈર્ય અત્યન્ત ઉપયોગી છે**

**વિવેચન**–પૂર્વે કહેલા પ્રકારે વિવેકના રક્ષણમાં જીહ્વા ઉપસ્થ–ગુહ્યેન્દ્રિયનો જય મેળવવા ધૈર્યની આવશ્યકતા હોવાથી ધૈર્ય તે પ્રસંગે કહેવાઈ ગયું છે, પુનઃ આ ધૈર્યનું નિરૂપણ શા માટે ? તેના ઉત્તરમાં જણાવે છે કે–વિવેકસ્વરૂપ હૃદયારૂઢ થાય તો ધૈર્ય આપોઆપ સિદ્ધ થઈ જાય, પરન્તુ તે ધૈયના સ્વરૂપને યથાર્થ સમજ્યા વિના કે રક્ષણ વિના ધૈર્ય ન રહે, માટે તેના સ્વરૂપને અને રક્ષણના પ્રકારને કહેવાની આવશ્યકતા છે તે આ ધૈર્ય આ પ્રમાણે છે, મરણ પર્યન્ત સર્વ સમયે ત્રણે આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક, કાયાના વાણીના મનનાં કાલકર્મ સ્વભાવથી થએલા ધર્મ અર્થ-કામના સમ્બન્ધવાળા ત્રણે પ્રકારનાં દુઃખોનું સહન કરવું, ઉપેક્ષા કરવી, સામા ઉપાય કર્યા વિના ભોગવી લેવું, અનુભવવું, એ ધૈર્ય છે.

કોઈ કહે છે કે ભગવાન સર્વજ્ઞ છે, તેમને પરીક્ષા કરવાનું શું પ્રયોજન ? ભગવાનની ભકતમાં દયા છે. પરીક્ષા માટે ભકતને દુઃખ દેવું શું યોગ્ય છે ? તો તેનો પણ આ ઉત્તર. ભગવાનમાં સર્વજ્ઞત્વાદિ ધર્મ જ્ઞાનમાર્ગમાં સાધારણેચ્છાઓ પ્રકટ રહે છે.

પરંતુ પુષ્ટિમાર્ગમાં તો વિશેષ રમણેચ્છામાં રમણેચ્છાનુસારજ કરે છે, એટલે પરીક્ષા કરવામાં કોઈ પુષ્ટિરીતિએ અયોગ્ય નથી, અન્તરંગ ભકતોની પણ "ભલે પધાર્યા તમારૂં પ્રિય શું કરૂં" વિગેરે વાકયોથી પરીક્ષા કરી હતી, દ્વારકાલીલામાં પણ લોક રીતિને અનુસરી પ્રભુએ *અન્તઃપુરમાં રમણ કર્યું છે. તેમજ "મારાથી તે અન્ય જે કંઈ જાણતા નથી, હું પણ ભકતથી અન્યત્ર કંઈ જરાપણ જાણતો નથી" આ ભગવદ્વાકયાનુસાર ભક્તિમાર્ગરીતિ પ્રમાણે ભગવાન ભકતાતિરિકત કંઈ જાણતા નથી. માટે સમજાય છે કે ભક્તિમાર્ગમાં લોકરીતિને પ્રભુ વારંવાર દર્શાવે છે, આ લોકરીત્યનુસાર ભકતની પરીક્ષા કરી છે? તેનું ઉત્તર સાંભળો. પ્રભુને સાક્ષાત્ સ્વરૂપનું દાન કરવું છે, સાક્ષાત્ સ્વરૂપદાન કરવા, ધૈર્યની પરીક્ષા કરવી જોઈએ. જેમ બાળકને ભણાવવામાં તાડન, એ તાડન નથી પણ પરિણામે સુખ છે. તેમ આ પરીક્ષાર્થે દુઃખદાન તે દુઃખ નથી. પણ સ્વરૂપદાનમાં કારણરૂપ હોઈ સુખરૂપ છે.

આ એક દૃષ્ટાન્ત થયું. હવે બીજું દૃષ્ટાન્ત વિચારીએ દેહ શું અન્નદાતાનો, કે ગર્ભનું આધાન કરનારનો, કે માતાનો માતાપિતામાંથી એકનો, કે માતાના પિતાનો, કે બલિનો, કે યત્નનો, કે અગ્નિનો? આ પ્રમાણે દેહ સાધારણ રીતે પોતાનો ગણાતો નથી. અને આ સર્વની સાથેનો સંબંધ પણ તે તે અદૃષ્ટદ્વારા થયેલો હોવાથી માતાપિતા પણ સાધારણ સંબંધી છે. આ પ્રમાણે મનમાં સાધારણપણાનું અનુસંધાન રાખી દેહનું અભિમાન ત્યજવું. આ દૃષ્ટાન્ત ભૌતિક, કાયિક, કર્મજન્ય અને આર્થિક એ સર્વ દુઃખ સહન કરવામાં કહ્યું.

---

* । द्वारकालीला । मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनक् अपि ।

## આધ્યાત્મિક દુઃખ સહન કરવું

આધ્યાત્મિક દુઃખ સહન રવામાં હવે બીજું દૃષ્ટાન્ત કહે છે. જેમ જડભરતમાં મુક્તિનું સાધન વિદ્યમાન હતું છતાં તે જડભરતે પૂર્વનું મૃગશરીર પ્રાપ્ત થવાથી થએલું દુઃખ, ભ્રાતૃસ્ત્રીવર્ગે કરેલું દુઃખ, ભદ્રકાલિના બલિદાન સમયનું દુઃખ, રહૂગણની શિબિકા (પાલખી) ઉંચકવા સમયનું દુઃખ સહન કર્યું તેવી રીતે આધ્યાત્મિક કાલ વગેરેથી ઉત્પન્ન થએલું દુઃખ સહન કરવામાં જડભરતજીની ભાવના કરવી, આ લૌકિક દેહ પછી સાક્ષાત્ સેવોપયોગી દેહપ્રાપ્ત થવામાં વિપ્રયોગ વગેરેના દુઃખને સહન કરવાને માટે જડભરતજીના દૃષ્ટાન્તની ભાવના કરવી, ભાવના કરવી એટલે તે દુઃખ દૂર ન થઈ શકે એવું હોવાથી તેને દૂર કરવાને માટે યત્ન ન કરવો પણ ભરતે સહન કર્યું એવી સહન શક્તિ કેળવવી.

## આધિદૈવિક દુઃખ સહન કરવું

સ્વાભાવિક એવું આધિદૈવિક દુઃખ સહન કરવામાં ગોપભાર્યાનું દૃષ્ટાંત કહે છે. ગોપભાર્યાઓનો સમૂહ તે ગોપભાર્ય કહેવાય. તેની માફક ભાવના કરવી. જેવી રીતે અંતર્ગૃહગતા ગોપીઓનો સમૂહ ભગવાનના વિરહથી અત્યંત દુઃખ સહન કરી પુનઃ ધ્યાન પ્રાપ્ત પરમાત્માની સાનિધ્ય સુખને અનુભવી પાપપુણ્ય નિવૃત્ત થતાં નિર્ગુણ દેહ મેળવી, પરમાત્માને પામ્યાં, તેવી રીતે હું પણ પ્રારબ્ધ આદિથી ઉત્પન્ન થએલા અંતરાય દુઃખને સહન કરી પ્રભુને પ્રાપ્ત થઈશ. અર્થાત્ પ્રારબ્ધ આદિ જન્ય અને વિરહજન્ય દુઃખને સહન કરીએ પ્રભુને પ્રાપ્ત થઈશ માટે અધિદૈવિક દુઃખના સહન માટે ગોપભાર્યાઓનું અનુસંધાન કરવું. એમ નિર્ણય થયો.

**प्रतिकारो यदृच्छातः सिद्धश्चन्नाग्रही भवेत् ।**
**भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ॥ ७ ॥**

અન્વયાર્થ– **यदृच्छातः** પ્રભુ ઇચ્છાથી **प्रतीकारः** દુઃખ

નિવારણોપાય **ચેત્** જો **સિદ્ધઃ** પ્રાપ્ત થાય **આગ્રહી** દુરાગ્રહી **નન ભવેત્** થવું, **भार्यादीनाम्** પોષણ કરવાલાયક સ્ત્રી વિગેરેના **अन्येषां** તટસ્થોના **च** અને **असतः** દુર્જનોનાં **अतिक्रमम्** તિરસ્કારને **सहेत्** સહન કરવો. (૭)

**ભાવાર્થ**–પ્રભુ ઈચ્છાથી દુઃખ નિવારણને ઉપાય પ્રાપ્ત થાય તો દુરાગ્રહી ન થવું ભરણપોષણ કરવા લાયક સ્ત્રીપુત્રાદિકના, તટસ્થના, અને દુર્જનોના આક્રમણ ને (તિરસ્કાર) સહન કરવો (૭)

**વિવેચન**-ભગવદિચ્છાથી પોતાના કરેલા પ્રયત્ન વિના દુઃખ દૂર થઇ કાર્ય સિધ્ધથતું હોય તો થવા દેવું. અત્ર આગ્રહી શબ્દમાં નિન્દાવાચક **इति** પ્રત્યય થએલો છે તે આપણને સમજાવે છે ભગવદિચ્છાથી સિધ્ધ થતા દુઃખના ઉપાયોમાં દુરાગ્રહ કરવો નહિ, આ પ્રમાણે નિન્દિત આગ્રહને તજવાના પ્રસંગથી ધૈર્યની સિદ્ધિ થાય છે.

## દુઃખના આપોઆપ ઉપાયો થાય તો થવા દેવા જાતે ન કરવા.

અથવા નીચે પ્રમાણે યોજના કરવી. જડની માફક અને ગોપભાર્યાની માફક દુઃખનો ઉપાય પ્રભુ ઈચ્છાથી સિધ્ધ થતો હોય તો આગ્રહી થવું નહિ. જડ ભરતજીએ ભગવદ્દઈચ્છાથી રહૂગણ જોડે સંવાદ કર્યા પછી પાલખી ઊંચકવી જ જોઈએ એવા આગ્રહી થયા નહિ. તેમજ રાસમંડળના ભૂષણરૂપ જોડે ગોપભર્યાઓ વિરહતાપના સમયમાં ભગવદિચ્છાથી ગુણગાન સ્મરણ અને રૂપદર્શન વિગેરે ઉપાયો પાપ્ત થતાં જરાએ આગ્રહી બન્યાં નહિ; અને ભગવદિચ્છાનુકુલ જ વર્ત્યા. તેવી રીતે આપણે પણ સ્વાત્રિકરાનુસાર દુઃખનિવર્તક ઉપાય પાપ્ત થતાં આગ્રહી થવું નહિ.

આવા વિરહતાપમાં જલદી આશ્રયનું દાન કરવાને માટે પ્રભુ જ દુઃખ દૂર કરવાના ઉપાયો યોજે છે, અને કવચિત્ નથી

પણ યોજતા. માટે પ્રભુની ઈચ્છાપર આધાર રાખીને પોતે તેને માટે પ્રયત્ન કરવો નહિ. જો પ્રભુની અનિચ્છા છતાં દુઃખ દૂર કરવાના ઉપાયો યોજવામાં આવે તો પ્રભુની મરજી વિરૂદ્ધ થતાં ક્રોપથી વિપરીત પરિણામ આવે છે.

શ્રી મહાપ્રભુજી દુઃખ-અપમાન-સહન કરવાનું કહે છે. પોતાની પત્નીએ કરેલું અપમાન પણ સહન કરવાની આજ્ઞા કરે છે. ભાર્યા શબ્દનો તેના ગૌણ અર્થ કરતાં ભરણ પોષણ કરવા લાયક એવો અર્થ થાય છે, તેથી ભરણ પોષણ કરવા લાયક આપણા તાબેદાર સ્ત્રી પુત્ર વગેરેના અતિક્રમો અપમાન સહન કરવાં. એજ ખરું ધૈર્ય છે.

દુર્જનનાં પણ આક્રમણ સહન કરવાં. દુર્જનનાં આક્રમણ દુઃસહ હોવાથી ખાસ જુદાં બતાવ્યાં છે, કારણ કે 'હું, દુર્જનનાં આક્રમણને બહુજ દુઃસહ માનું છું' એ વાક્યથી સમજાય છે કે દુર્જનનાં આક્રમણ સદા દુઃસહ હોય છે.

એ લોકના તિરસ્કારના સહન કરવા, એટલું જ નહીં પરંતુ લાત મારે તો તે પણ સહન કરવી. તેઓ જો સેવામાં પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરવારૂપી દુઃખ સહેવું-સેવામાં બાધક ન હોય પણ પોતાની જાતને જ કેવળ બાધક હોય તો તેમના તિરસ્કાર મૌનપણે સહેવા. આવો જ ઉપાય નિબંધમાં પણ બતાવ્યો છે. 'સર્વમાં પ્રભુ બિરાજે છે. એવી શ્રીકૃષ્ણભાવનાથી સર્વનાં કટુ વચનો સહેવાં.' કારણ કે પ્રભુ જ તેના હૃદયમાં બિરાજી તેને એ પ્રમાણે બોલાવી આપણને ઉપદેશ આપે છે. ૭

આ પ્રમાણે તિરસ્કારના સહનનો ઉપદેશ ઘરમાં સ્થિતિ કરવાને માટે કહેવામાં આવ્યો અને ગૃહસ્થિતિ કરનારને ઇંદ્રિય-સંબંધી કાર્યો અવશ્ય કરવાં પડે છે અને ઇંદ્રિયોનાં કાર્યો રતાં તેમાં અશક્તિ થતાં ધૈર્ય સ્વરૂપનો અને સામર્થ્યનો નાશ

થવાનો સંભવ છે. આ ધૈર્ય અને સામર્થ્યનો નાશ ન થાય તે માટે ધૈર્ય, રક્ષણનું બીજું સાધન બતાવવામાં આવે છે.

स्वयमिन्द्रियकार्याणि, कायवाङ्‌ मनसा त्यजेत् ।
अशूरेणापि कर्तव्यं, स्वस्यासामर्थ्यभावनात् ॥ ८ ॥

અન્વયાર્થ—स्वयम् પોતે इन्द्रियकार्याणि ઈન્દ્રિયના કાર્ય ભોગોને, कायवाङ्‌ मनसा કાયા વાણી અને મનથી, त्यजेत् તજે, अशूरेणापि સ્વભાવ અને ઈન્દ્રિયોને જીતવાને અસમર્થ માણસે પણ स्वस्य પોતાનું असामर्थ्यभावनात् અસામર્થ્યની ભાવના કરીને ગ્લાનિ લાવીને પણ कर्तव्यम् વિષય ભોગનો ત્યાગ કરવો.

ઈન્દ્રિયનિગ્રહ કરવો.

ભાવાર્થ—પોતે ઈન્દ્રિયના કાર્ય-ભોગોને કાયા વાણી અને મનથી તજવા, સ્વભાવ અને ઈન્દ્રિયને જીતવાને અસમર્થ નિર્બલ પણ પોતાના અસામર્થ્યની-ભાવના-એટલે ગ્લાનિ લાવીને પણ ઈન્દ્રિયભોગનો ત્યગ કરવો. (હું અસમર્થ છું, એવી ગ્લાની એ ત્યાગ કરવામાં ઉત્તમ સાધન છે) ૮

**વિવેચન**—પોતે આગ્રહપૂર્વક ઈન્દ્રિયકાર્યોને અર્થાત્ જ્ઞાન-ક્રિયા જેમાં પ્રધાન છે એવા ભોગોનો કાયા અને વાણિ સહિત મનથી સર્વ રીતે તજવા. મનને વશ કરવું, રમત માત્રમાં પણ તેનો સ્વીકાર કરવો નહિ, કારણ કે તે અત્યંત બાધક છે. વિષયોના ધ્યાન કરનાર પુરુષને વિષયોમાં સંગ થાય છે." આ ગીતા વાક્યથી તેમનું બાધકત્વ સ્પષ્ટ સમજાય છે. ભોગ્ય પદાર્થોને ન સ્વીકારવા તે કાયિક ત્યાગ છે. વસ્તુના સારા ખોટાપણાનું વર્ણન કરવું એનું નામ વાણીનો ત્યાગ છે. નિઃસ્પૃહ થવું, એ મનનો ત્યાગ છે. અત્રે એમ શંકા ન કરવી કે આગ્રહપૂર્વક ત્યાગ કરવાથી વિવેકની હાનિ થશે. કારણ કે આગ્રહનો ઉપભોગ્ય વસ્તુઓના

અંશમાં જ સમાવેશ થઈ જતો હોવાથી તે વિવેકભંગ કરવા સમર્થ નથી.

સ્વભાવ અને ઈંદ્રિયોને જીતવાને અસમર્થ પુરુષે પણ પોતાના અસામર્થ્યની ભાવના કરીને ઈંદ્રિયના કાર્યરૂપ ભોગોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. શુ કરું ? હુ મંદભાગ્ય છું, અસમર્થ છું, કે મારાથી આટલી આજ્ઞાનું પાલન પણ થતું નથી, વગેરે ભાવના કરીને ભોગો તજવા. આ પ્રમાણે યત્ન કરકરનારાને ગ્લાનિ આવતાં ઈંદ્રિયોની તીવ્રતા શાન્ત થશે; અને અનુક્રમે વિષયોથી પણ મન પાછું ખેંચાતાં ધૈર્યની સિદ્ધિ થશે.

આટલું ભાવન કરવાનું કાર્ય પણ ન બની શકે તો તેને અન્ય ઉપાય દર્શાવે છે.

अशक्ये हरिरेवास्ति, सर्वमाश्रयतो भवेत् ।
एतत्सहनमत्रोक्तमाश्रयोतो निरूप्यते ॥९॥

અન્વયાર્થ:- अशक्ये सर्वे અશક્ય થતાં हरिः પ્રભુ एव જ अस्ति શરણ છે. सर्वम् સર્વ કાર્ય आश्रयतः શરણથી જ भवेत् થાય, एतत् આ सहनम् ધૈર્ય अत्र આ પ્રસંગે उक्तम् કહ્યું अतः હવે પછી आश्रय આશ્રય विनिरूप्यते કહેવાય છે. ૯

ભાવાર્થ:-ઈંદ્રિય આદિનો જય અશક્ય થઈ પડે તો પ્રભુ સર્વ દુ:ખ હર્તા હરિને શરણે જવું કારણ કે સર્વ કાર્ય શરણથીજ સિદ્ધ થાય છે. આ પ્રમાણે ધૈર્ય કહ્યું હવે આશ્રયનું નિરૂપણ કરાય છે. ૯

અશક્ય પણ હરિશરણથી શક્ય થાય છે.

ઈંદ્રિયનિગ્રહ કરવામાં જ્યારે અસમર્થ થાય ત્યારે દયાળુ પ્રભુનું શરણ વિચારવું. પ્રભુના આશ્રયથી સર્વ કંઈ સિદ્ધ થાય. सर्वधर्मान परित्यज्य શ્લોકના શરણોપદેશ વાક્યમાં ભગવાન પાપના મોચક છે, અને શોકના નિવારણ પૂર્વક આશ્રયનું દાન કરી

આશ્રયથી જ સર્વ પ્રકારની સિદ્ધિ કરે છે, એમ દર્શાવેલું છે તેથી આશ્રયથી સર્વ સિધ્ધ થાય છે એ નિર્ણય થયો.

આ પ્રમાણે ધૈર્યનું સપરિકર નિરૂપણુ કરીને ઉપસંહાર કરતાં, આશ્રયને કહેવાની આવશ્યકતા બતાવે છે,

આ શરણુમાર્ગમાં સાધનપૂર્વક ધૈર્ય કહ્યું. **अशक्ये हरिरेवास्ति** અર્થાત્ જયારે ધૈર્ય રક્ષવામાં અસમર્થ થાય ત્યારે હરિને શરણુ જવું આશ્રય (શરણુ) ધૈર્યના પ્રકરણુમાં કહેલો હોવાથી, ધૈર્યરૂપ જ છે. ત્યાં આશ્રયનું સ્વરૂપ બતાવવામાં આવ્યું નથી, માટે હવે પછી ક્રમપ્રાપ્ત પ્રધાનરૂપ આશ્રયનું નિરૂપણુ કરે છે. હરિને શરણુ જવાની આજ્ઞાથી જ આશ્રયના સ્વરૂપનું ભાન થતું નથી. માટે પુનઃ સપરિકર (સાંગ) આશ્રયનું નિરૂપણુ કરાય છે. ૯

આશ્રયએટલે આધાર એ યોગરૂઢ અર્થ થયો. આશ્રય એટલે સેવા. એ યૌગિક અર્થ થયો, જેમકે आ ચારે તરફ आश्रयणं સેવન કરવું, આ આશ્રયનો પર્યાય થયો, આ બે અર્થ માંથી અત્રે કયો અર્થ સ્વીકારવો તે કહે છે.

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।
दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥ १० ॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥ ११ ॥
अहङ्कारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथाऽन्तेवास्यतिक्रमे ॥ १२ ॥
अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥ १३ ॥
अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च ।
प्रार्थना कार्यमात्रेपि तथाऽन्यत्र विवर्जयेत् ॥ १४ ॥

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥ १५ ॥
यथाकथञ्चित् कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किं वा प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥ १६ ॥
एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ।

અન્વયાર્થ : ऐहिके આલોક સંબંધિમાં च અને पारलोके પરલોક સંબંધિમાં च અને सर्वथा સર્વ પ્રકારે, हरिः સર્વ દુઃખ હર્તા પ્રભુ, शरणम् શરણુ છે. दुःखहानौ દુઃખ દૂર કરવાને માટે અથવા દુઃખ દૂર કરવામાં पापे સેવાદિ પ્રતિબંધક પાપ થઈ જાય તેમાં, भये ભયમાં, कामाद्यपूरणे કામ છે આદિ જેને એવા લૌકિકાલૌકિક કામની પૂર્તિ કરવામાં, અથવા કામ વિગેરેની સિધ્ધિ ન થાય તો, भक्तद्रोहे ભક્તનો દ્રોહ થઈ જાય તો, भक्त्यभावे ભક્તિ ન પ્રાપ્ત થાય તો च અને भक्तैः ભક્તોથી अतिक्रमे कृते सति ભક્ત આપણો તિરસ્કાર કરે તો, अशक्ये જીવકૃતિથી સિધ્ધ ન થાય એવા કાર્યોમાં, वा અથવા, सुशक्ये, સારી રીતે સિધ્ધ થાય એવા કાર્યોમાં सर्वथा સર્વ પ્રકારે हरिः શ્રીકૃષ્ણ शरणम् શરણુ ( अस्ति ) છે. ૧૧

अहङ्कारकृते અહંકાર થઈ જાય તો, पोष्यपोषणरक्षणे પાલ્યના પાલનરક્ષણ કરવા માટે, पोष्यातिक्रमणे પાલ્ય સ્ત્રીપુત્રાદિ તિરસ્કાર કરે તો तथा અને अन्तेवास्यतिक्रमे આપણો વિદ્યાર્થી આપણું અપમાન કરે તો, अलौकिकमनःसिद्धौ મન અલૌકિક બનાવવા માટે, सर्वार्थे સર્વ પુરુષાર્થ સિધ્ધ કરવામાં, हरिः શ્રીકૃષ્ણચન્દ્ર शरणं શરણુ अस्ति છે एवं આ પ્રમાણે चित्ते ચિત્તમાં सदा હંમેશાં भाव्यम् વિચારવું च અને वाचा વાણીથી परिकीर्त्तयेत् રટન કરવું. ૧૨–૧૩

अन्यस्य ભગવાન વિના અન્યનું भजनं ભજન, च અને तत्र ત્યાં તે દેવ પસે स्वतः પોતાની મેળે गमनम् જવાનું च અને

તથા તે પ્રકારે બીજા દેવ પાસે **પ્રાર્થના:** પ્રાર્થનાને **કાર્યમાત્રે** સર્વ કાર્યમાં **વિવર્જયેત્** તજવી. ૧૪

**અવિશ્વાસ:** (શ્રીમહાપ્રભુજીના વચનમાં) અને પ્રભુમાં અવિશ્વાસ, **ન** નહિ, **કર્તવ્ય:** કરવો, **સ:** તે **સર્વથા** સર્વ પ્રકારે **બાધક: તુ** હાનીકારક જ (છે) (તેમાં) **બ્રહ્માસ્ત્રચાતકૌ** બ્રહ્માસ્ત્ર અને ચાતક **ભાવ્યૌ** વિચારવા **પ્રાપ્તં** યદચ્છા પ્રાપ્ત, સુખ દુઃખને **નિર્મમ: સન્** મમતારહિત થઇને **સેવેત** ભોગવવું. ૧૫

**ઉચ્ચાવચાનિ** સેવા વિગેરે કાર્યો અને લૌકિકકાર્યો, **યથાકર્થચ્ચિદ્** યથાશકિત **કુર્યાત્** કરે. **બહુના** વધારે **પ્રોક્તેન** કહેવાથી **કિમ્** શું ? **હરિ:** પ્રભુનું **શરણં** શરણ **ભાવયેત્** વિચારે, **એવમ્** આ પ્રમાણે **સર્વેષાં** સર્વને **સર્વદા** સંપત્તિ વિપત્તિ સર્વ કાળમાં **હિતમ્** ઉત્તમ ભળઆપી હિત કરનાર **આશ્રયણં** શરણ **પ્રોક્તમ્** કહ્યું. ૧૬½

ભાવાર્થ : આ લોકસંબંધી અને પરલોકસંબંધી સર્વ-દુઃખના હર્તા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર શરણ છે, દુઃખ દૂર કરવા માટે અથવા દૂર કરવામાં. સેવાદિ પ્રતિબંધક થાય તેમાં, ભયમાં, લૌકિકાલૌકિક કામ પૂર્ણ કરવામાં, અથવા મનોરથ પૂર્ણ ન થાય તો, ભકતનો દ્રોહ થઈ જાય તો, ભકિત ન થાય તો, ભકતો આપણું અપમાન કરે તો, જીવકૃતિસાધ્ય જીવકૃતિથી અસાધ્ય એવાં સર્વકાર્યોમાં, સર્વપ્રકારે શ્રીહરી શરણ છે. ૧૦-૧૧

અહંકાર થઈ જાય તો, પાળવાલાયકના ભરણપોષણ-રક્ષણ માટે, અથવા સ્ત્રીપુત્રાદિ આપણો તિરસ્કાર કરે તો, અને આપણો વિદ્યાર્થી આપણો તિરસ્કાર કરે તો, અલૌકિક મન બનાવવામાં, સર્વ પુરૂષાર્થ સિધ્ધ કરવામાં, હરિ શ્રીકૃષ્ણપ્રભુ જ શરણ છે આવું ચિત્તમાં ભાવન કરવું અને વાણીથી રટન કરવું. ૧૨-૧૩,

અન્યદેવનું ભજન અને તેમની પાસે પોતાની મેળે ન જવું, તેમ જ તે અન્યદેવની પ્રાર્થનાને કાર્યમાત્રમાં તજવી, શ્રીમહાપ્રભુજીના વચનમાં અને પ્રભુમાં અવિશ્વાસ ન કરવો. તે અવિશ્વાસ સર્વમાં બાધક

છે. આ બાધકસાધકમાં બ્રહ્માસ્ત્ર અને ચાતકનો દૃષ્ટાન્ત વિચારવો. પ્રભુ ઈચ્છાએ જે કંઈ સુખદુઃખ પ્રાપ્ત થાય તે સર્વ ભોગવવું. ૧૫

અલૌકિક કાર્યમાં પણ લૌકિક વ્યવહારોપયોગી કાર્ય યથાશક્તિ કરવાં, વધારે કહેવની શી જરૂર છે. ( સર્વ કાર્યોમાં ) શ્રી હરિના શરણને વિચારવું. આ પ્રમાણે સર્વને સર્વકાળમાં હિતકારી આ શરણ કહ્યું. ૧૬ ૧/૩

**વિવેચન** – શરણ એટલે રક્ષણ કરનાર, શરણ એટલે ઘર, શરણ એટલે વધમાંથી રક્ષણ કરનાર આટલા અર્થ થાય છે તે સર્વ અર્થરૂપ પ્રભુ છે, અર્થાત્ તે તે પ્રમાદમાંથી ( અનેક પ્રકારની ભૂલોમાંથી ) બચાવનાર પ્રભુ છે. તે તે સ્થળમાં પ્રભુ ગૃહરૂપ છે, તે તે પ્રતિબંધની નિવૃત્ત કરનારા છે. અને તે તે સ્થળમાં અર્થાત્ સર્વ સ્થળમાં દરેક પ્રકારની આપત્તિમાંથી વધ – નાશ – માંથી બચાવનાર પ્રભુ શ્રી કૃષ્ણચંદ્ર પોતે છે. આનું અનુસંધાન મનમાં રાખવું, તેનું નામ તે આશ્રય છે. તેથી અહીં ચિત્તનું ભગવાનમાં એકતાન થવા રૂપી જે સેવા, એને જ આશ્રય રૂપે સ્વીકારવામાં આવી છે. અન્ય વ્યાખ્યાતાઓએ 'પણ મારો આશ્રય કરીને જે યત્ન કરે છે,' તેમ જ મારો આશ્રય કરીને પાપયોનિવાળાં સ્ત્રી વૈશ્ય તથા શૂદ્ર પણ શ્રેષ્ઠ ગતિને પામે છે' આ વાક્યોમાં ચિત્તની એકતાન રૂપે અન્યના શરણત્યાગ પૂર્વક પ્રભુની શરણાગતિ રૂપ આશ્રય સ્વીકારેલો છે.

## આશ્રયનું રક્ષણ કરો

આજ આશ્રય અનુકલ્પરૂપ થાય છે, ભક્તિના અધિકારીઓની ભક્તિને પોષણ કરનાર હોઈ ઉત્તમ ગણાય છે, અને ભક્તિને ઉત્પન્ન કરતો, અને ભક્તિને માર્ગે ચઢાવતો ભક્તિ માર્ગમાં આ * અનુકલ્પરૂપ છે. આ પ્રમાણે જ્ઞાનાધિકારીઓને

* અનુકલ્પ – એટલે સર્વનો પ્રતિનિધિ – સર્વનાં કાર્યો પોતે કરી દે.

જ્ઞાનમાં પોષણ આપતો આ આશ્રય જ્ઞાનમાર્ગીયને પણ જરૂર છે. એવી જ રીતે કર્મફળરૂપ વૈરાગ્યનું પોષણ કરતો આ આશ્રય કર્મમાર્ગીયને પણ જરૂર છે.

આ પ્રમાણે સ્વરૂપનું નિરૂપણ કરીને આશ્રય રક્ષણનો પ્રકાર કહે છે. નીચેના સર્વ પ્રસંગોમાં સદા ચિત્તમાં શ્રીહરીના શરણુની ભાવના કરવી. દુઃખ હાનિમાં એટલે દુઃખ દૂર કરવાને માટે હરિનું શરણ વિચારવું, તેથી દુઃખહાનિને માટે શરણે ગએલા જીવને શરણદાન પ્રભુએ આપ્યું છે કે નહિ એવા અજ્ઞાન સંશયથી જીવબુદ્ધિથી ઉત્પન્ન થએલું અસંભાવતારૂપી દુઃખ દૂર કરવાને શરણ રાખવું. અથવા દુઃખ દૂર કરવાના વિષયમાં પણ હરિનું શરણ* રાખવું.

## ભગવદાશ્રય એટલે શરણભાવન
## એ મનુષ્યજીવનની ઊંચી સિદ્ધિ છે.

(૧) **પાપમાં**-સેવા વગેરેમાં પ્રતિબંધક પાપ દૈવયોગે થઈ જાય તો ચિત્તમાં સદા શરણ ભાવન કરવું.

(૨) **ભયમાં**-જીવ પોતે તુચ્છ હોવાથી બ્રહ્માદિને પણ દુર્લભ પ્રભુચરણરેણુ મને શી રીતે પ્રાપ્ત થશે ? એવા ભયમાં અથવા પ્રત્યેક ભય પ્રસંગે ચિત્તમાં સદા શરણ ભાવન કરવુ.

(૩) **કામાદિના અપૂરણમાં**-અલૌકિક કામ જે ગુણ ગાનાત્મક મોક્ષરૂપ છે, તેની પૂર્તિ માટે, અથવા કામ એટલે મનોરથ પૂર્ણ ન થાય તો ચિત્તમાં સદા શરણભાવન કરવું.

(૪) **ભક્તદ્રોહમાં**-પોતાના કામાદિ પૂર્ણ કરવામાં ભક્તનો દ્રોહ થતો હોય તો, અથવા કામાદિની પૂર્તિ અન્યત્ર ન જેવામાં

---

* નિમિત્તથી કર્મયોગમાં સપ્તમીનો એ અર્થ છે. * વિષય સપ્તમીનો એ અર્થ છે.

આવે તો, અથવા તો મદથી ભક્તનું અપમાન થઈ જાય તો; અથવા કોઈ પણ પ્રકારે ભક્તનો અપરાધ થઈ જાય તો ચિત્તમાં સદા શરણ ભાવન કરવું. મર્યાદામાર્ગમાં પણ અંબરીષનો દુર્વાસા-મુનિએ જે અપરાધ કર્યો હતો, તે અપરાધ દૂર કરવાને દુર્વાસા મુનિ સમર્થ થયા ન હતા; તો પુષ્ટિમાર્ગમાં ભક્તદ્રોહરૂપી અપરાધ થાય, તે કેમ જ દૂર થઈ શકે? એવો ભક્તદ્રોહાપરાધ ન થાય, તે માટે આ ઉપદેશ આપવામાં આવ્યો છે,

(૫) **ભક્તિના અભાવમાં**—પોતાને અથવા પોતાનાઓને ઉત્કટ ભક્તિભાવ ન પ્રકટ થાય તો; અથવા દુઃસંગ વગેરેથી ભક્તિનો નાશ થઈ જાય તો ચિત્તમાં સદા શરણભાવન કરવું.

(૬) **ભક્તકૃત અતિક્રમણમાં**-ભક્ત જો આપણું અપમાન કરે તો તેના સહનને માટે આ ઉપદેશ છે. એ ભક્તો વિનાનિમિત્તે કદાપિ પણ કોઈનુ અપમાન (તિરસ્કાર) કરતા નથી. તેમ છતાં અતિક્રમણ કરે તો આપણામાં જ કંઈ દોષ છે એમ માનવું. તે દોષ દૂર કરવાને માટે અને અપમાન સહન કરવાને માટે ચિત્તમાં સદા શરણભાવન કરવું. એ પ્રમાણે ચાચા ગોપીશજીનો મત છે.

(૭) **અશક્યમાં અને સુશક્યમાં**-પોતાનાથી ન બની શકે એવા સર્વ કાર્યોમાં, ચિત્તમાં સદા કાય, વાણી અને મન વડે સર્વ દુઃખહર્તા શ્રીહરિનું શરણ ભાવન કરવું. બની શકે એવા કામોમાં પણ શરણભાવન રાખવાનું કારણ કે મેં કર્યું એવું અભિમાન ન થવા પામે. એવો ચાચા ગોપીશજીનો મત છે.

આ પ્રમાણે વિસ્તાર પૂર્વક આ સર્વ ઉપદેશ આપવામાં આવ્યો છે, તે વિવેક ન હોય તો પણ *અસહાય શૂર આશ્રય-

---

* અન્યની સહાય વિનાસ્વકાર્ય સિદ્ધિ કરવામાં સમર્થ તે અસહાયશૂર.

દ્વારાજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે એવું દર્શાવવા આ ઉપદેશ છે. ધૈર્ય ન હોય તો પણ આશ્રયથી જ સર્વ કાર્ય સિદ્ધ થાય છે એમ દર્શાવે છે.

(૮) અહંકાર થઈ જાય તેમાં-અહંકાર રૂપી દોષ દૂર કરવામાં ચિત્તમાં સદા શરણ ભાવન કરવું. અહંકારના જેવા મદ વગેરેમાં પણ શરણભાવન કરવા ચૂકવું નહિ. શરણભાવન સિવાય અન્ય કોઈ પણ ઉપાયસાધક નથી.

(૯) પોષ્યના પોષણ અને રક્ષણમાં-પાળવા લાયક કુટુંબની સંભાળ લેવાનું કામ લૌકિક હોવાથી તે કરવા જતાં પોતાની સેવામાં પ્રતિબંધ થાય છે. તેમ જ કુટુંબનું પોષણ-રક્ષણ સેવાપરાયણ જીવથી થઈ શકતું નથી, તેથી ભગવદીયોના હૃદયમાં કલેશ થાય છે. તે બંને દૂર કરવાને ચિત્તમાં સદા શરણભાવન કરવું. પ્રભુ તેમનું ભરણપોષણ કરશે.

(૧૦) પોષ્યવર્ગના અતિક્રમણમાં-પોષ્ય એટલે ભરણપોષણ કરવા યોગ્ય. જેમનું નિવેદન થયું છે એવા પોષ્યોવડે આપણું અપમાન થાય તો; અથવા આપણાથી તેમનો તિરસ્કાર થાય તો, ચિત્તમાં કલેશ ન કરતાં સદા શરણભાવન કરવું. આસુરભાવ વિના તિરસ્કાર સંભવતો નથી. તે તે વ્યકિતમાં રહેલા આસુરભાવને દૂર કરવાને જીવે પોતાનો બીજો કોઈ પણ પ્રયત્ન ન કરતાં ચિત્તમાં સદા શરણભાવન કરવું.

(૧૧) વિદ્યાર્થીના અતિક્રમણમાં-વિદ્યાર્થી જો આપણું અતિક્રમણ કરે તો તેના પર આપણે કરેલા ઉપકાર સંભારીને ગર્વ ન કરતાં ચિત્તમાં સદા શરણભાવન કરવું, કારણ કે ગર્વથી અનિષ્ટ થવાનો સંભવ હોવાથી ગર્વ નિવૃત્તિ માટે આ જુદો ઉપદેશ આપવો પડયો છે.

(૧૨) અલૌકિક મન સિદ્ધ કરવામાં-"મન બે પ્રકારનું છે. શુધ્ધ અને અશુધ્ધ કામ સંકલ્પવાળું ચિત્ત અશુધ્ધ

છે, અને કામરહિત ચિત્ત શુદ્ધ છે" આ શ્રુતિથી કામસંકલ્પ રહિત શુદ્ધ મન સેવા અને આશ્રયને અનુકૂલ બનાવવાને ચિત્તમાં સદા શરણ ભાવન રહેવું.

(૧૩) સર્વ અર્થમાં-પુષ્ટિમાર્ગીય સર્વ પુરૂષાર્થ સિધ્ધ કરવાને ચિત્તમાં અતિદીનભાવન પૂર્વક શ્રીહરિનું શરણ વિચારવું.

શરણભાવના જાળવી રાખો. આ પ્રમાણે શરણનો ઉપદેશ આપીને શરણના રક્ષણનો પ્રકાર કહે છે. ચિત્તમાં શરણભાવન વડે ભગવાન આશ્રય આપે છે અને ક્ષણમાત્ર પણ આસુરાવેશ થતો નથી. વાણીથી વારંવાર શરણનું રટણ કરવાથી શરણમાર્ગનો પ્રચાર થાય છે, માટે **શ્રીકૃષ્ણઃ શરણં મમ** એ મંત્રનું રટણ સદા કરતા રહેવુ, અન્યનું ભગવદ્દતિરિકતનુ ભજન ન કરવું. બીજા દેવને કોઈ પણ કામનાની આશાથી સેવવા નહીં તેમ જ તેમની પાસે ખાસ ઉદ્યમપૂર્વક જવું નહીં, "ભગવાન" અનન્યભકતવત્સલ છે. જયાં સુધી અન્યાશ્રય હોય છે, ત્યાં સુધી જીવને પ્રભુ કૃપાથી જોતા નથી., અન્યાશ્રયમાં ભગવાન આશ્રયનું પણ દાન કરતા નથી. અંબિકાવનમાં કૌતુક અર્થે ગએલા નંદરાયજીને અન્યાશ્રય થતાં અન્યાશ્રયની શિક્ષારૂપ સર્પનો ગ્રાસ થયો માર્ગમાં દેવાલય આવતાં અવગણના ન કરવી. કારણ કે સર્વ દેવો ભગવાનના સેવક હોઈ ભગવાનના અવયવરૂપ છે અન્ય જે દેવોની પાસે પ્રાર્થના પણ નહીં કરવી. કદાચિત્ પ્રાર્થના કરવી પડે તો એકાદ વખત ભગવાનની પાસે કરવી, પરંતુ અન્ય દેવ પાસે તો નહીં જ કરવી.

## પ્રાર્થના એટલે યાચના અને વિજ્ઞાપન

શ્રીરઘુનાથચરણ તો પ્રાર્થનાનો પ્રકાર આ પ્રમાણે જણાવે છે, દરેક કાર્યના આરંભમાં પ્રભુને વિજ્ઞાપન કરવું, કે હે પ્રભુ ! અમે લગ્નાદિ કાર્યોનો આરંભ કરીએ ? આ પ્રાર્થના કરવાનો રિવાજ વિષ્ણુધર્મની શંકરગીતામાં પણ છે. "જે પ્રભુને વિજ્ઞાપન

કર્યા વિના કાઈ પણ કાર્યનો આરંભ કરતો નથી, જે ભક્ત પ્રભુની મર્યાદાને લોપતો નથી, તેના ઉપર શ્રીકેશવ પ્રસન્ન થાય છે. આપ્રમાણે આશ્રવ એટલે વિજ્ઞાપન એવો અર્થ થવાથી પૂર્વગ્રન્થ સાથે વિરોધ ન આવે એમ વિચારાર્યું છે. યાચનાના વ્યવહારમાં ખાસ કરાતો કાયા વગેરેનો "આ મને આપો" એવા વિચાર પૂર્વક થતો વ્યાપાર એનુ નામ પ્રાર્થના. કંઈ પણ કારણ વિના–કોઈ પણ વસ્તુની ઇચ્છા વિના પોતાની જાણેલી વસ્તુના સ્વરૂપમાત્રનું કથન તે વિજ્ઞાપન છે. આ પ્રમાણે પ્રાર્થના અને વિજ્ઞાપનના સ્વરૂપનો ભેદ હોવાથી, તેમ જ પ્રભુ સમક્ષ આ પ્રમાણેના વિજ્ઞાપનથી સ્વામીની તાબેદારીની ભાવના સ્ફુરતાં વિવેકનું પણ રક્ષણ થાય છે, તેથી વિજ્ઞાપન અર્થ યોગ્ય જ છે. પ્રભુ કાર્ય કરવાની આજ્ઞા આપતાં કાર્યસિધ્ધિમાં વિલંબ કરે તો, ધૈર્યની જરૂર પડે, અને ધૈર્યમાટે આશ્રયની આવશ્યકતા હોવાથી આશ્રય દઢ થતાં આ ભક્તમાં જલ્દી સ્વકાર્ય સિધ્ધિ કરવાની શક્તિ પ્રભુ આપે છે. જેમ ભગવાન પાસે કદાચિત્ એકાદવાર પ્રાર્થના સેવાર્થે કરવાની અને પાસે પ્રકારનું જ્ઞાપન કરવાની આજ્ઞા છે, તેમ તે બંને બીજા દેવમાં કરવાનો નિષેધ છે, એ પ્રાર્થના અને વિજ્ઞાપન શ્રીકૃષ્ણ વિના અન્ય દેવમાં કરવાં નહીં.

## ભગવાનમાં અવિશ્વાસ દૂર કરો. વિશ્વાસ રાખો. નહીં તો શરણ સિદ્ધ નહીં થાય.

હવે પછી આ સર્વની સિધ્ધિ માટે બાધકનો ત્યાગ કરવાનું કહે છે. સર્વથા સ્વરૂપથી અને ફળથી અવિશ્વાસ બાધકરૂપ છે. અજ્ઞ અને શ્રધ્ધારહિત સંશયવાળો મનુષ્ય નાશ પામે છે. સંશય ન થાય, તેને માટે બ્રહ્માસ્ત્ર અને ચાતકની ભાવના કરવી. અર્થાત્ અવિશ્વાસ બાધક છે, તેમાં બ્રહ્માસ્ત્રનું દૃષ્ટાંત છે, અને વિશ્વાસ સાધક છે, તેમાં ચાતકનું દૃષ્ટાંત છે. તે બેના વૃત્તાન્તનું સ્મરણ કરવું. લંકામાં રાક્ષસોએ બ્રહ્માસ્ત્રથી હનુમાનજીને

બાંધ્યા. બ્રહ્માસ્ત્રથી બંધાએલા હનુમાનજીને દોરડાઓથી બાંધવાનો આરંભ કરતાં બ્રહ્માસ્ત્ર પરનો વિશ્વાસ દૂર થયો, એટલે બ્રહ્માસ્ત્ર પણ નીકળી ગયું અને હનુમાનજી દોર તોડીને બંધનથી મુક્ત થયા. બાંધનારાઓના બાંધવાના પ્રયાસ વ્યર્થ ગયા, તેમ અત્રે અવિશ્વાસમાં ભગવાન પણ તજે છે. શરણભક્તિમાર્ગમાં કરેલો પ્રયાસ પણ વ્યર્થ જાય છે.

ચાતક એક પક્ષી છે. તે સ્વાતિ નક્ષત્રના બિંદુને મેળવવા એક વર્ષ પર્યંત વિશ્વાસ પૂર્વક તેની જ રાહ જોતું બેસે છે. તેનું કલ્યાણ પ્રભુ જરૂર કરે છે. તેને માટે સ્વાતિમાં વૃષ્ટિ જરૂર વર્ષે છે. અહીં શ્રીમદચાર્યચરણની ઉક્તિમાં વિશ્વાસ રાખવાથી અને તે દ્વારા ભક્તિમાર્ગમાં વિશ્વાસ થતાં સર્વ આશ્રય સિધ્ધ થશે. સારાંશ કે અવિશ્વાસને તજી દઢ વિશ્વાસ રાખી જે કંઈ પ્રાપ્ત થયું હોય તે મમતારહિત સેવવું. લૌકિકમાં મમતાને ત્યજીને યદચ્છાથી પ્રાપ્ત થએલા સુખદુઃખને અથવા તેના સાધનને અનુભવવું, અને તેમાં જરાએ આસક્તિ કરવી નહિ. લૌકિકમાં આસક્તિ તજી નિર્વાહ કેમ કરવો તેનો પ્રકાર કહે છે. સેવા માટેનાં કાર્યો, તેમજ લૌકિકનાં કાર્યો એ બંને કરવાં. હર્ષમાં આવી જઈ, દેવું કરી તેમ જ લૌકિક સંભ્રમથી એટલે લોક દબાણથી લૌકિક ન કરવાં. તેમ છતાં પણ કરવાનો આવશ્યકતા આવી જાય તો વધારે શા ઉપાયો કહીએ! મુખ્ય ઉપાય એક જ છે કે શ્રી હરિના શરણને વિચારવું. કારણ કે – કાલ, કર્મ સ્વભાવ, સંગ, દેશ વગેરે અનેક બંધનોથી કાર્ય કરવાની ફરજ પડે, તે વખતે તે સર્વના ઉપાય પૃથક્ પૃથક્ કહેવા અશક્ય હોવાથી, પૂર્વ કહેવામાં આવેલા મુખ્ય ઉપાયરૂપ– શ્રીહરિના શરણનું ભાવન જ કરવું. ગીતાના શરણોપદેશથી અને ભાગવતનાં એકાદશસ્કંધના ઉધ્ધવ પ્રત્યેના વાક્યોથી શરણ જ સિધ્ધ થાય છે, શરણે આવેલા વ્રજભક્તોમાં, સત્યવ્રતમાં, અને સપ્તઋષિમાં શરણ વડે જ સર્વ

કાર્ય સિધ્ધ થએલા હોવાથી શરણુ એ મુખ્ય સાધન છે. આથી આશ્રય અસહાયશૂર છે, એમ નિશ્ચય થયું.

આ પ્રમાણે માર્ગનો ઉપદેશ આપી ઉપસંહાર કરે છે, આશ્રયરૂપી શરણમાર્ગ વિવેક, ધૈર્ય સહિત કહ્યો, અને તેનું સ્વરૂપ પણ વર્ણવ્યું. તે આશ્રય સર્વ વર્ણાશ્રમવાળાઓને અને વર્ણાશ્રમરહિતને પણ સર્વદા સર્વયુગમાં અને બીજા યુગોમાં પણ સુખદુઃખમાં પણ અધિકાર મુજબ હિતકારી છે, પ્રભુ આજ્ઞા કરે છે કે "મારો આશ્રય કરવાથી પાપ યોનિવાળા જીવોનો પણ ઉદ્ધાર થાય છે" પછી તે ભીલ હોય કે આહિર, તો પણ શરણાગતનો તો ઉધ્ધાર જ થાય છે.

**कलौ भक्तयादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ॥१७॥**

**अन्वयार्थ–कलौ** કલિમાં **भक्तयादिमार्गाः** ભકિત વિગેરેમાર્ગો **दुःसाध्या** : દુઃખથી બને એવા છે. **इति** એ પ્રમાણે **मे** મારો **मतिः** અભિપ્રાય છે. ૧૭

ભાવાર્થ– કલિમાં ભકિત વિગેરે માર્ગ દુ સાધ્ય છે. એવો મારો અભિપ્રાય છે.

## સર્વ માર્ગ નાશ પામ્યા !

વિવેચન–ભગવાને એકાદશ સ્કંધમાં કલ્યાણ માટે કર્મ, જ્ઞાન અને ભકિત એમ ત્રણ માર્ગ કેમ બતાવ્યા હશે? તેનો ઉત્તર આપતાં કહે છે કે કલિયુગમાં ભકિત વગેરે સર્વ માર્ગ દુઃસાધ્ય છે, કારણ કે તે સાધનની હોવાથી તે ત્રણેને એક પંકિતમાં કહ્યા. અને આ શરણમાર્ગ તો ધર્મી પ્રભુનો છે. કોઈ પણ સાધનની અપેક્ષા વિનાનો હોવાથી, અને પ્રભુ દ્વારા સર્વ કાર્ય સિદ્ધ થતું હોવાથી અત્ર સ્વતંત્ર કહેવામાં આવ્યો છે. આ ભગવદાશ્રયનું ઉત્તમ રહસ્ય શ્રીમહાપ્રભુજી જાણે છે, અને તેથી જ તેમાં પોતાની સંમતિ આપે છે કે-આ ગ્રંથની આજ્ઞા પ્રમાણે અનુસરી આશ્રયને સિદ્ધ કરનાર પ્રાણીને જરૂર સર્વ પ્રકારે ભગવાન આશ્રયનું દાન કરે છે.

**વિવેકધૈર્યાશ્રય સમ્પૂર્ણ.**

**આ પુસ્તકનો ત્રીજો ભાગ હવે પછી પ્રસિદ્ધ થશે તે અવશ્ય મેળવી લેવો.**

## શ્રીકૃષ્ણઃ

## પુષ્ટિપ્રવાહમર્યાદા

સચ્ચિદાનંદ ભગવાનના ચિદંશમાંથી જીવો થયાં, ચૈતન્ય-ગુણ છે. અને આનંદ ધર્મ ગુપ્ત થયો છે. આમ દરેક જીવ સરખા હોવા છતાં ગીતાજીએ (ગીતા અધ્યાય. ૧૬ માં) દૈવ-આસુર એ ભાગ પાડ્યા છે. જગતને જોઈને આશ્ચર્ય થાય છે, પ્રભુએ અસંખ્ય પ્રકારના દેહો સરજ્યા છે, સરજીને તેના સ્વભાવ અને ક્રિયા પણ જુદા જુદાં, કાર્યો, કોઈને જન્મમરણ થાય, દુઃખ થાય, મોક્ષ થાય, સ્વર્ગ મળે, ભાગ્યશાળીને સાક્ષાત પુરૂષોત્તમ પણ મળે. આમ થવાનું કારણ તમારે સમજવું જોઈએ, તમે દૈવ સમ્પત્તિમાં જન્મ્યા છો કે આસુર સમ્પત્તિમાં જન્મ્યા છો ? તે મનુષ્ય માત્રે સમજવાની ફરજ છે. આ સમજવાથી તમે દૈવ માર્ગો શોધી શકો અને પછી દૈવીસમ્પત્ મેળવવા દૈવીજીવન ગાળવાના ઉપાયો અવશ્ય આ ગ્રંથથી જડશે.

**पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक् पृथक्**
**जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ॥ १ ॥**

અન્વયાર્થ : **पुष्टिप्रवाहमर्यादाः** (પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા) **विशेषेण** (તેના જુદા પાડી શકાય એવા વ્યાવર્તક ધર્મથી) **पृथक् पृथक्** (જુદા જુદા છે) **जीवदेहक्रियाभेदैः** (તેમના જીવો, દેહો અને ક્રિયાઓ પણ જુદી હોવાથી ભિન્ન છે) **प्रवाहेण** (સર્ગપરમ્પરાથી) **फलेन** (ફલથી) પણ જુદા જુદા છે. (૧)

## ત્રણે માર્ગના જીવો અને તેના દેહ અને ક્રિયા જુદાં છે. પ્રવાહ અને ફળ પણ ભિન્ન છે

જીવ

| | | | |
|---|---|---|---|
| સૃષ્ટિ = | પુષ્ટિ | પ્રવાહ | મર્યાદા |
| જીવ = | અનુગ્રહ માર્ગીય | જન્મમરણ પ્રવાહ માર્ગીય | વેદોક્તમાર્ગીય |
| દેહ = | ભગવચ્ચરણ રેણુથી થયા છે | લૌકિક-સંસારી જીવ | જીવ જીવો- શુધ્ધ દેહ |
| ક્રિયા = | ભગવત્પરાયણતા | સંસ્કાર હીન | વેદોક્ત સંસ્કારી |
| ફળ = | પુરુષોત્તમપ્રાપ્તિ | લૌકિક જન્મમરણ | જ્ઞાનદ્વારા અક્ષર પ્રાપ્તિ |

**वक्ष्यामि सर्वसन्देहा न भविष्यन्ति यच्छ्रुतेः ॥**
**भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः ॥ २ ॥**

અન્વયાર્થ : **वक्ष्यामि** ( ત્રણે માર્ગોના ભેદોને કહીશ. ) **यच्छ्रुतेः** ( જે સાંભળવાથી **सर्वसन्देहाः**–સર્વ પ્રકારના સંશયો **न भविष्यन्ति** થશે નહિ. **भक्तिमार्गस्य** ( ભક્તિમાર્ગના ) **कथनात्** ( શાસ્ત્રમાં કહેવાથી ) **पुष्टिः** (ભગવદનુગ્રહમાર્ગ ) **अस्ति इति** છે એ પ્રમાણે **निश्चयः** એ વાત નિશ્ચત છે.

રહસ્યાર્થ : પ્રથમ શ્લોકમાં કહેલ ભેદો આ ગ્રન્થથી સમજાવીશ, જે સાંભળવાથી કોઈપણ પ્રકારનો સંશય નહિ રહે. શાસ્ત્રમાં ભક્તિમાર્ગ કહયો છે, તેથી પુષ્ટિમાર્ગ વિદ્યમાન છે. એમ સ્પષ્ટ સમજાય છે. (૨)

'द्वौ भूतसर्गौ' इत्युक्तेः प्रवाहोपि व्यस्थितः ।
वेदस्य विद्यमानत्वात् मर्यादापि व्यवस्थिता ॥ ३ ॥
कश्चिदेव हि भक्तो हि "यो मद्भक्त' इतीरणात् ।
सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीतिनिश्चयः ॥ ४ ॥

अन्वयार्थ—"द्वौ भूतसर्गौ" इति उक्तेः (ગીતાજીમાં બે સર્ગ દેવ અને આસુર એમ બે કહેલા છે. તેથી ) प्रवाहोपि (જન્મ-મરણ રૂપી પ્રવાહમાર્ગ પણ) व्यवस्थितः ( શાસ્ત્રમાં સિદ્ધ જ છે ) वेदस्य વેદોને विद्यमानत्वात् ( વેદની બે કાંડની પ્રક્રિયા ચાલુ હોવાથી ) मर्यादा अपि ( મર્યાદા માર્ગ પણ ) व्यवस्थिता ( સિદ્ધ જ ) (૩)

અન્વયાર્થ— ("यो मद्भक्त.") ગીતાજીમાં જે મારો ભકત છે તે इतीरणात् એવું કહેલું હોવાથી कश्चिदेव ( કોઈક જ भक्तो हि ભકત નિશ્ચયે હોય છે. सर्वत्र સર્વ શાસ્ત્રોમાં उत्कर्षकथनात् ભકિત અને ભકતની મોટાઈ કહેલી હોવાથી पुष्टिः પુષ્ટિ–કૃપામાર્ગ अस्ति इति છે એમ પણ निश्चयः સિદ્ધ છે. (૪)

રહસ્યાર્થ : ગીતામાં द्वौ भूतसर्गौ लोकेस्मिन् दैव आसुर एव च લોકમાં બે સર્ગ અનાદિની ચાલતા આવે છે, દૈવ અને આસુર, જે અસુર છે તેને અમે પ્રવાહમાર્ગીય કહીએ છીએ. વેદના બે કાણ્ડ છે. પૂર્વકાણ્ડ એટલે ક્રિયાકાણ્ડ, ઉત્તરકાણ્ડ એટલે જ્ઞાનકાણ્ડ. આ બે કણ્ડમાં ક્રિયા અને જ્ઞાનદ્વારા વર્તનારા મર્યાદામાર્ગ પણ છે. તે દૈવ જીવ છે. (૩)

ગીતા અને ભાગવતમાં વેદ અને બ્રહ્મસૂત્રમાં ભકિતમાર્ગનો ઉત્કર્ષ કહેલો છે.

निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ।
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः १ ॥
मय्यर्पितमनो बुद्धिः यो मद्भक्तः स मे प्रियः ।

નિર્મમ નિરહંકાર સર્વે દુઃખસુખમાં સમાન, ક્ષમાવાન સન્તુષ્ટ ભકિતયોગી નિયમનવાળો, દઢ સ્નેહથી પ્રભુમાં પરાયણ પ્રભુમાં મન બુદ્ધિ અર્પેલ, મારો ભકત મને પ્રિય છે.

આ પ્રમાણે ભકતનો મહિમા ગાઈને ઉત્કર્ષ વર્ણવ્યો છે.

ગીતામાં ૧૨ અધ્યાયમાં

योगीनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः । ગીતા અ. ૧૨

યોગી કરતાં પણ જે શ્રદ્ધાપૂર્વક મને ભજે છે, તે ભકત મને વધારે વહાલો છે.

આ પ્રમાણે ભકિતનો ઉત્કર્ષ કહી ભકતની મોટાઇ કહેલી છે. માટે પુષ્ટિમાર્ગ કહેલો છે. (૪)

न सर्वोतः प्रवाहाद्धि भिन्नो वेदाच्च भेदतः ।
'यदा यस्ये' तिव वचना 'न्नाहं वेदै' रितीरणात् ॥ ५ ॥
मार्गैकत्वेपि चेन्द्त्यौ तनू भक्त्यागमौ मतौ ।
न तद् युक्तं सूत्रतो हि भिन्नो युक्त्या हि वैदिकः ॥ ६ ॥

અન્વયાર્થઃ— न सर्वैः - (સર્વ જીવ પુષ્ટિમાર્ગીય ભકત થઈ શકતા નથી. अतः - પ્રવાહથી हि નિશ્ચય भिन्न - પુષ્ટિમાર્ગ ભિન્ન છે.च અને वेदात् વેદમાર્ગથી પુષ્ટિમાર્ગ ઉચ્ચ છે. भेदतः - (ભેદ હોવાથી જુદો છે) (૫)

અન્વયાર્થ :— मार्गैकत्वे अपि (ભકિતમાર્ગના અંગભૂત ગણીને પુષ્ટિ મર્યાદા પ્રવાહ ત્રણે એક જ ગણો. अन्त्यौ પ્રવાહ મર્યાદા માર્ગ भक्त्यागमौ ભકિત પ્રતિપાદક શાસ્ત્રરૂપે तनु ભકિતના અંગભૂત मतौ જો તમે માનતા હો તો न तद्युक्तम् તે યોગ્ય નથી. वैदिकः - વૈદિક મર્યાદામાર્ગ सूत्रतः - બ્રહ્મસૂત્ર - ભકિતસૂત્રથી युक्त्या શાસ્ત્રોકત યુકિતથી भिन्नः - જુદો જ છે. ) (૬)

રહસ્યાર્થ—જેના ઉપર પ્રભુ અનુગ્રહ કરે તે જીવનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થાય છે. માટે સર્વનો અંગીકાર થતો નથી. 'પ્રભુ જેના ઉપર અનુગ્રહ કરે તે લોક અને વેદમાંથી નિષ્ઠા તજી ભગવત્પરાયણ થાય છે, આ ભાગવતવાક્યથી સ્પષ્ટ છે કે પ્રવાહ અને મર્યાદા બન્નેથી પુષ્ટિમાર્ગ જુદો છે.

ગીતાજીમાં કહે છે કે नाहं वेदैः હું વેદથી મળતો નથી હું તપથી જ્ઞાન કે યજ્ઞથી મળતો નથી. ફક્ત ભક્તિથી જ મળું છું. માટે પણ ભક્તિમાર્ગ જુદો છે.

પૂર્વપક્ષ – મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ બન્ને ભક્તિના અંગ ગણી મુખ્ય ભક્તિમાર્ગ અને ગૌણ પ્રવાહ અને મર્યાદાને ગણીએ, તો તમોને ઈષ્ટ છે ?

ઉત્તર ના. વ્યાસસૂત્રમાં तन्निष्ठस्य मोक्षोपदेशात् ભક્તિમિમાંસા સૂત્ર–શાણ્ડિલ્ય સૂત્રમાં. तत्संस्थस्यामृतत्वोपदेशात् ભક્તિમાર્ગમાં પ્રાપ્ત પુરુષોત્તમમાં નિષ્ઠાવાળો ભક્ત પુરુષોત્તમની સુધાને પ્રાપ્ત કરે છે. ગીતાના બારમા અધ્યાયમાં પણ ભક્તિમાર્ગ જુદો કહ્યો. આ સ્વતંત્ર ભક્તિમાર્ગને પ્રવાહ–મર્યાદા માર્ગોના અંગની જરૂર નથી. તે બે માર્ગથી ભક્તિમાર્ગ ઘણોજ જુદો છે. અને સ્વતંત્ર છે.

जीवदेहकृतीनां च भिन्नत्वं नित्यता श्रुतेः ।
यथा तद्वत् पुष्टिमार्गे द्वयोरपि निषेधतः ॥७॥
प्रमाणभेदाद् भिन्नो हि पुष्टिमार्गो निरूपितः ॥८॥

અન્વયાર્થ—जीवदेहकृतीनां भिन्नत्वं પુષ્ટિ–પ્રવાહ મર્યાદા ત્રણે માર્ગનાં જીવો, દેહો અને કૃત્યો જુદાં જુદાં છે. श्रुतेः શ્રુતિથી, नित्यता ત્રણે માર્ગનાં જીવો અને દેહ અને કૃત્ય પણ સર્ગના આરંભથી નિત્ય ચાલુ આવેલાં છે. यथा જેમ ત્રણે જુદાં છે. तद्वत् તેવી રીતે पुष्टिमार्गे પુષ્ટિમાર્ગમાં द्वयोः अपि મર્યાદા અને પ્રવાહની વેદ

અને લોકનિષ્ઠાનો નિષેધતઃ નિષેધ કરેલો હોવાથી પુષ્ટિમાર્ગથી મર્યાદા અને પ્રવાહમાર્ગ જુદા છે. ૭

પ્રમાણભેદાત્ પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ પ્રમાણ છે. માટે પુષ્ટિમાર્ગઃ કૃપામાર્ગ હિ નિશ્ચય ભિન્નઃ જુદો જ નિરૂપિતઃ કહ્યો છે. ૭૧/૨

ભાવાર્થ-(૧) પ્રવાહમાર્ગીય જીવો આસુર છે. તે દૈવ જીવોથી જુદા છે. પ્રવાહમાર્ગીયની કૃતિ પશુહિંસા વિગેરે છે.

(૨) મર્યાદામાર્ગીય જીવોની કૃતિ વૈદિક ધર્મ ભગવત્પૂજાને અનુકૂળ છે. મર્યાદામાં દૈવજીવો છે. તે આસુર પ્રવાહથી જુદા છે. જેમ આ બેનો ભેદ કહ્યો તેમ.

(૩) પુષ્ટિમાર્ગીય જીવો પણ પ્રવાહ અને મર્યાદાથી જુદા છે. મર્યાદામાર્ગીયને અક્ષર પ્રાપ્તિ કે સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. પુષ્ટિમાર્ગીયને પુરુષોત્તમપ્રાપ્તિ છે. મર્યાદા જીવોના દેહ અગ્નિહોત્રાદિ ને અનુકુળ છે. પુષ્ટિમાર્ગીય જીવોના દેહો શુદ્ધ પુષ્ટિમાર્ગીય આચાર્ય પ્રકટિત સેવાને અનુકૂળ છે.

મર્યાદામાં પ્રમાણ-વેદ છે.
પુષ્ટિમાર્ગમાં પ્રમાણ-અનુગ્રહ છે ૭૧/૨

सर्गभेदं प्रवक्ष्यामि स्वरूपाङ्गक्रियायुतम् ॥ ८ ॥
इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।
वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः ।९॥

અન્વયાર્થ : स्वरूपाङ्गक्रियायुतम् (સ્વરૂપ-દેહ અને ક્રિયાના ભેદોથી सर्गभेदः પુષ્ટિ પ્રવાહ મર્યાદા ત્રણે પ્રકારની સૃષ્ટિના ભેદને प्रवक्ष्यामि કહું છું इच्छामात्रेण ઈચ્છાદ્વારા मनसा મનવડે प्रवाहम् પ્રવાહને सृष्टवान् રચ્યો, वचसा વાણીવડે वेदमार्गम् મર્યાદા માર્ગને सृष्टवान् રચ્યો कायेन શ્રીઅંગથી पुष्टिम् પુષ્ટિસૃષ્ટિને सृष्टवान् રચી निश्चयः-એવો નિશ્ચય જ છે. ૮૧/૨

રહસ્યાર્થ—શ્રી હરિએ હું બહુ થાઉં એવી ઈચ્છા કર્તા મનથી પ્રવાહ માર્ગની સૃષ્ટિ કરી. વાણીથી મર્યાદામાર્ગીયસૃષ્ટિને અને શ્રી અંગથી પુષ્ટિમાર્ગીયસૃષ્ટિને પ્રકટ કરી. ૯

मूलेच्छातः फलं लोके वेदोक्तं वैदिकेपि च ।
कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोपि नैकता ॥ १० ॥

અન્વયાર્થ : लोके मूलेच्छात : પ્રવાહમાં મૂલ ઈચ્છાથી फलं ફલ થાય છે. वैदिके મર્યાદામાર્ગમાં वेदोक्तम् વેદમાં કહેલું ફલ થાય છે पुष्टौ પુષ્ટિ માર્ગમાં कायेन શ્રી અંગથી ફલ થાય છે. भिन्नेच्छातः ફલ અપવામાં ભિન્ન ભિન્ન ઈચ્છા હોવાથી अपि પણ न एकता ત્રણે માર્ગની એકતા નથી. (૧૦)

રહસ્યાર્થ : સૃષ્ટિ સદા ચાલુ રહે એવી ભગવદિચ્છાથી પ્રવાહમાર્ગમાં જન્મમરણરૂપી લૌકિક ફલ થાય છે. મર્યાદામાર્ગમાં વેદોક્ત અક્ષર–કે સ્વર્ગ પર્યન્ત ફળ મળે, પુષ્ટિમાર્ગમાં સાક્ષાત્ સ્વરૂપના દાનરૂપી પરમ ફલ છે, આમ ફલ આપવામાં ભિન્ન ભિન્ન ઈચ્છા હોવાથી ત્રણે માર્ગ જુદા જ છે. (૧૦)

'तानहं द्विषतो' वाक्याद् भिन्ना जीवाः प्रवाहिणः ।
अत एवेतरौ भिन्नौ सान्तौ मोक्षप्रवेशतः ॥ ११ ॥

અન્વયાર્થ:–"तानहं द्विषत" वाक्यात् જગતનો દ્વેષ કરનારને આસુરી યોનિમાં મૂકું છું. આ વાકયાનુસાર प्रवाहिणः પ્રવાહિ જીવો भिन्नाः જુદા જ છે अत एव એ જન્મમરણવાળા પ્રવાહીથી मोक्षप्रवेशतः મોક્ષ પ્રાપ્ત કરનારા सान्तौ જન્મમરણ વગરના इतरौ પુષ્ટિમર્યાદામાર્ગ भिन्नौ જુદા જ છે. ૧૧

રહસ્યાર્થ : જગત પણ બ્રહ્મ છે, આ જગતરૂપ બ્રહ્મનો દ્વેષ કરનારને હું આસુરી યોનિમાં ફેંકું છું. આ ગીતાવાકયથી પ્રવાહ માર્ગીય જીવ જન્મમરણવાળા જુદા છે.

મર્યાદામાર્ગના જીવોને અક્ષરમાં અને પુષ્ટિ જીવોને પુરુષોત્તમની પ્રાપ્તિ હોવાથી તેમનો જીવભાવ મટી જઈ બ્રહ્મભાવ થાય છે. માટે પણ પ્રવાહથી પુષ્ટિ અને મર્યાદામાર્ગ જુદા છે. (૧૧)

હવે શુદ્ધ પુષ્ટિમાર્ગીય જીવોનું વર્ણન કરે છે

तस्माज् जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥ १२ ॥

અન્વયાર્થ–तस्मात् પુષ્ટિમાર્ગીય જીવોને સ્વરૂપથી ફલ મળે છે માટે पुष्टिमार्गे પુષ્ટિમાર્ગમાં जीवाः જીવો भिन्नः एव જુદાજ છે. न संशयः ને તેમાં શંકા જ નથી. भगवद्रूपसेवार्थम् ભગવાનના સ્વરૂપની સેવા માટે જ तत्सृष्टिः પુષ્ટિ–સૃષ્ટિ છે, न अन्यथा भवेत् સેવાવિના અન્ય કાર્યો માટે આ પુષ્ટિ–સૃષ્ટિ સંભવી ન શકે. (૧૨)

પુષ્ટિ-સૃષ્ટિ

રહસ્યાર્થ–પુષ્ટિમાર્ગીય જીવોને તો પ્રભુ પોતાનાથી શ્રીઅંગથીજ ફળ આપે છે. તેથી આ જીવો પ્રવાહમર્યાદાથી જુદા છે. એમાં શંકા નથી.

પુષ્ટિસૃષ્ટિ ભગવત્સેવા માટે જ ભગવાને પોતાના સુખ માટે પ્રકટ કરી છે, આ સૃષ્ટિનો બીજો લૌકિક કે કર્મ-જ્ઞાનમાર્ગીય મર્યાદા સાધનો માટે કે ફલ માટે સરજી નથી. ૧૨

स्वरूपेणावतारेण लिङ्गेन च गुणेन च ।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥ १३ ॥
तथापि यावता कार्यं तावत् तस्य करोति हि ॥ १३½ ॥

અન્વયાર્થ–स्वरूपेण લીલોપયોગી દેહથી च અને अवतारेण લીલા સૃષ્ટિમાં પ્રકટ કરવાથી च અને लिङ्गेन ભજનોપયોગી દેહનાં ચિહ્નોથી गुणेन સૌન્દર્ય રસોદ્બોધક ચાતુર્ય વગેરે ગુણોથી (પુષ્ટિસૃષ્ટિનું ભગવાન સાથે) स्वरूपे સ્વરૂપમાં देहे દેહમાં तारतम्यम्

તફાવત **न** નથી **तथापि** તો પણ **यावता कार्यम्** જેટલો લીલામાં ઉપયોગ હોય **तावत्** તેટલો તફાવત **तस्य** લીલાના જીવોનો **करोति हि,** કરે છે. ૧૩½

રહસ્યાર્થ – જેમ ભગવાન આનન્દમય શ્રીઅંગવાળા છે, તેવી જ પુષ્ટિસૃષ્ટિ ગોપીજન વિગેરેના લીલોપયોગિ દેહ છે. પુષ્ટિ-સૃષ્ટિનું પ્રાકટ્ય પ્રભુ જેવું છે. ચિહ્ન અને વય વિગેરે લીલાને અનુકૂળ છે. સૌન્દર્ય રસને ઉદ્દીપન કરે એવું છે, ચતુર્ય ભાવ વિગેરે સર્વ ગુણો છે. આ પ્રમાણે પ્રભુની સમાન આ પુષ્ટિસૃષ્ટિ છે. તફાવત નથી. તો પણ લીલા તારતમ્ય વિના થાય નહિ. માટે લીલામાં ઉપયોગી તારતમ્ય ( તફાવત ) પ્રભુ કરે છે, પુષ્ટિસૃષ્ટિના સ્વરૂપ દેહ અને ક્રિયામાં પોતાના સ્વરૂપાનન્દનો પૂર્ણ અનુભવ કરવામાં ઉપયોગી ફેરફાર કરે છે ૧૩½

**ते हि द्विधा शुद्ध मिश्रभेदात् मिश्रास्त्रिधा पुनः ॥ १४ ॥**
**प्रवाहादिविभेदेन भगवत्कार्यसिद्धये ।**
**पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः ॥ १५ ॥**
**मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णाऽतिदुर्लभाः ॥**

અન્વયાર્થ – **ते हि** તે પુષ્ટિ જીવો **शुद्धमिश्रभेदात्** શુદ્ધ અને મિશ્ર એવા બે ભેદથી **द्विधा** બે પ્રકારના છે **भगवत्कार्यसिद्धये** ભગવાનને લીલા કરી શકાય તે માટે **पुनः ते मिश्राः** પુનઃ તે મિશ્ર જીવો **प्रवाहादिविभेदेन** પ્રવાહ-મર્યાદા-પુષ્ટિના ભેદથી **त्रिधा** ત્રણ પ્રકારના છે ૧૪½

**पुष्ट्या** પુષ્ટિથી મિશ્રજીવો **सर्वज्ञाः** પુષ્ટિમાર્ગના સ્વરૂપને જાણકાર છે. **प्रवाहेण** પ્રવાહથી મિશ્રજીવો **क्रियारताः** ક્રિયામાં કામ્યકર્મમાં પ્રીતિવાળા છે **मर्यादया** મર્યાદાથી મિશ્રજીવો ભગવાનના ગુણોમાં તત્પર રહે છે. **प्रेम्णा शुद्धाः** શુદ્ધ પ્રેમવાળા પુષ્ટિમાર્ગીય ભાવભાવનાવાળા જીવો તો **अतिदुर्लभाः** અત્યન્ત દુર્લભ છે ૧૫½

## પુષ્ટિના ચાર ભેદ

મર્યાદા, (સામાન્ય અનુગ્રહ) પુષ્ટિ, (વિશેષ અનુગ્રહ)

મિશ્ર શુદ્ધ ૪
(લૌકિકવૈદિકભયરહિત
કેવલ પ્રેમ)

૧ ૨ ૩

પ્રવાહ, મર્યાદા પુષ્ટિ

ક્રિયાસક્ત, ગુણગાનરત સર્વજ્ઞ,

આ ઉપરથી તમે સમજી શકશો કે-પુષ્ટિભક્તિ ચાર પ્રકારની છે, પુષ્ટિ અટલે ભગવાનનો અનુગ્રહ એ અનુગ્રહ-કૃપા ભગવાનનો જે માર્ગ તે પુષ્ટિમાર્ગ કહેવાય, એવું પહેલા તમો સમજી ગયા છો. હવે એનું સ્વરૂપ જાણવું જોઈએ કારણ કે જગતમાં પ્રભુનો અનુગ્રહ જીવો ઉપર ઓછાવત્ત પ્રમાણમાં માલુમ પડે છે. તેનું કારણ આ ચાર ભેદ ઉપરથી સમજાશે. જેવો જેનો અંગીકાર, તેવું તેને ફલ.

પુષ્ટિપ્રવાહભક્તો — એટલે ભગવાનનો અનુગ્રહ; અને અને પ્રવાહ એટલે ક્રિયામાં આસક્તિ. અહંતા મમતા પ્રવાહમાં વધારે હોય છે. આ લોકો પ્રવાહી હોવાથી નારદપંચરાત્ર વિગેરેમાં કહેલાં કર્મ કરે છે. પણ ભગવાનનો અનુગ્રહ હોવાથી તે કર્મ તેને બાધક થતાં નથી; પરન્તુ સેવાને અનુકુળ થાય છે. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી હોતું, એ ભક્તમાં મુખ્ય ભક્ત કરતાં આટલી ખામી છે.

મારી ઉપાસના વિગેરેમાં તત્પર થાઓ, આવી પ્રભુની ઈચ્છા થતાં જે જીવો ક્રિયામાં આસક્ત થાય છે, છતાં પ્રભુનો

અનુગ્રહ જેમના ઉપર છે. એવા જીવો પુષ્ટિપ્રવાહી કહેવાય છે. જેવા કે શ્રુતદેવ અને નિમિરાજા જેવા પ્રવાહી ભકતો હતા. તેમને ભગવાનના સ્વરૂપનું અને ગુણનું જ્ઞાન ન હતું. પણ અનુગ્રહથી સેવાને અનુકૂલ કર્મમાં તત્પર રહેતા. કર્મમાં પ્રીતિ રાખતા એ પ્રવાહનું લક્ષણ છે.

૨. પુષ્ટિમર્યાદા ભકતો—પુષ્ટિ એટલે અનુગ્રહ અને મર્યાદા એટલે શાસ્ત્રોક્ત નિયમ. પુષ્ટિપ્રવાહી ભક્તોની માફક કેવલ ક્રિયામાં પ્રવૃત્તિવાળા નથી હોતા; પરન્તુ નિવૃત્તિમાં તેમનું મન હોય છે. પ્રભુની કૃપાપૂર્વક શાસ્ત્રમાં કહેલી શ્રવણ મનન વિગેરે ભકિત કરે છે. વિષયાસકિતરહિત ગુણગાન પણ કરે છે. બ્રહ્મસંબંધ મંત્ર, પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાર આ ભકતોમાં સાધન તરીકે હોય છે. આધુનિકોનો પુષ્ટિમર્યાદામાં જ અંગીકાર છે, એમ શ્રી હરિરાયજી કહે છે.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ દ્વારાજ શુદ્ધ જ્ઞાન થાય છે. તેથી બ્રહ્મવાદ પ્રમાણે જ્ઞાન મેળવેલું ઉપયોગી થાય. મારા ગુણોને જાણો, એવી ભગવાનની ઈચ્છા થતાં ભગવાને કહેલા વેદ–ગીતાથી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના ગ્રંથો પ્રમાણે જ્ઞાન મેળવી ગુણવાન વિગેરે કરનારા પુષ્ટિ–મર્યાદા–ભકતો છે. દાખલા તરીકે ભીષ્મ વિગેરે ભકતો છે.

આ ભકતોને ભગવાનના ગુણોનું જ્ઞાન હોવાથી પુષ્ટિપ્રવાહ કરતાં સારા છે. પરંતુ પુષ્ટિપુષ્ટિભકતો જેટલું લીલાનું જ્ઞાન નહિ હોવાથી પુષ્ટિ પુષ્ટિ કરતાં, ઉતરતો દરજ્જો છે.

૩. પુષ્ટિપુષ્ટિ ભકતો–પુષ્ટિ–અનુગ્રહ–પૂર્વક પુષ્ટિ અર્થાત્ કૃપાથી અંગીકાર. પ્રવાહ અને મર્યાદા મિશ્ર ભકતો કરતાં વધારે અનુગ્રહ પૂર્વક જેમનો અંગીકાર છે, તે પુષ્ટિપુષ્ટિ ભકતો જાણવા. આ ભકતોને ભગવાનના સ્વરૂપનું અને ગુણનું યથાર્થ જ્ઞાન હોય છે. મર્યાદા ભકતોને સ્વરૂપનું કે લીલાનું જ્ઞાન નથી હોતું, પણ

આ પુષ્ટિપુષ્ટ ભક્તોમાં હોય છે. 'મને જાણો' એવી ભગવાનની ઈચ્છાપૂર્વક જેમનો પુષ્ટિમાં અંગીકાર થયો છે. તેવા સર્વજ્ઞ ભક્તો પુષ્ટિપુષ્ટિ ભક્તો ભક્તો જાણવા. પરમભક્તોના ઉદાહરણમાં નારદજી અને ઋષભજી કહી શકાય, તેમને ભગવાનના સ્વરૂપનું લીલાનું અને ગુણનું જ્ઞાન યથાર્થ હોય છે.

૪. શુદ્ધપુષ્ટિભક્તો—જેમાં કોઈ પણ જાતની મિશ્રતા નથી. તે શુદ્ધ નિર્ગુણપુષ્ટિભક્તો કહેવાય. નિરુપધિ પ્રેમ-અનહદ સ્નેહ-એ તેનું લક્ષણ છે.

આ શુધ્ધ પુષ્ટિભક્તોનો વિચાર કરીએ. પ્રભુનો પ્રેમ એજ મુખ્ય હોય છે, તેઓ ગુણુવાન કે શ્રવણ સાધનથી કરાતા નથી. પણ ગોપીગીત અને વેણુગીતની માફક પ્રત્યક્ષ થએલા પ્રભુનું ફલરૂપ વર્ણન કરે છે. પ્રભુનો પ્રેમ જ એમને સહજ ગાન કરાવે છે. પ્રભુના તરફથી કાંઈ પણ ફલની આકાંક્ષા આવા ભક્તમાં હોય જ શાની ? પ્રભુની પૂર્ણ કૃપા હોય ત્યારે જ શુધ્ધ પુષ્ટિનું દાન કરે છે. આ ભક્તિથી ભગવાન પોતે જ વશ થઈ રહે છે, આ નિર્ગુણ ભક્તના સાધન અને ફલરૂપ પ્રભુ પોતે જ થાય છે, તેથી આ પૂર્ણપ્રેમી નિર્ગુણ ભક્ત જે કંઈ શ્રવણુ કીર્તન કરે તે પ્રેમના સહજ આકર્ષણુથી જ કરે છે. સાધન તરીકે નહિ માટે તે સાધન નથી, પણ ફલ છે. આ ભક્તનો ભગવાન કદાપિ ત્યાગ કરતા નથી. આ ભક્તિરસ શ્રીગોપીજનને મળ્યો હતો અને તેથી જ તે ગોપીજનો આપણા પુષ્ટિમાર્ગના ભાવના ગુરુ તરીકે ગણાય છે. કારણ કે આપણે પણ તેમના પ્રકટાવેલા માર્ગે પૂર્ણ ભાવથી ભગવાનને ભજીએ છીએ. ગોપીજનો શુધ્ધ પુષ્ટિભક્તો છે. તેમણે આપણુને અનુગ્રહનું-પુષ્ટિમાર્ગનું સ્વરૂપ આચરણ કરીને દર્શાવ્યું છે.

| | |
|---|---|
| ૧ કેવલ પ્રવાહ | દૈવી અને આસુરી બે પ્રકારની સૃષ્ટિ છે. તેમાં જન્મમરણના તેમાં પ્રવાહમાં પડેલા આસુરી સંપત્તિવાળા જીવો પ્રવાહી છે. પ્રભુએ આ સૃષ્ટિ ઈચ્છામાત્રથી જ મનવડે રચી છે. ફળ પણ લૌકિકજ મળે છે. કારણ કે સૃષ્ટિ હંમેશાં જન્મમરણમાં પડેલી રહે, એવી ભગવદિચ્છા છે, |
| ૨ કેવલ મર્યાદા ભક્ત | વેદ માર્ગ ભૂતલમાં છે માટે મર્યાદા પણ છે. મર્યાદાના જીવોને ફળ વેદમાર્ગથી મળે છે. ભગવાને વાણીથી વેદમાર્ગ પ્રકટ કર્યો છે. પુષ્ટિને તો કાયાથી ઉત્પન્ન કરી છે અને કાયાથી જ ભગવાન ફળ આપે છે. |
| ૩. પુષ્ટિ પ્રવાહ ભક્ત | ભગવાનના ગુણ સ્વરૂપનું જ્ઞાન નથી. પરન્તુ ભક્તિને અનુકુલ ઉપાસના કર્મોમાં આસક્તિવાલા શ્રુત દેવ જેવા છે. |
| ૪ પુષ્ટિ મર્યાદા ભક્ત | ભગવાનના ગુણનું જ્ઞાન હોય છે. સ્વરૂપનું નહિ વિહિત–શાસ્ત્રોક્ત શ્રવણમનનાદિ ભક્તને કરનારા છે. અર્જુન જેવા ભક્ત જાણવા, પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાર–બ્રહ્મસંબંધ વિગેરે આ ભક્તોમાં પુષ્ટિમાર્ગીય જ સાધન હોય છે. |
| ૫ મર્યાદા પુષ્ટિ ભક્તિ | અંબરીષ જેવા મર્યાદામાં રહી વિધિ–શાસ્ત્રાજ્ઞામાં રહેનાર ભક્ત આ કક્ષામાં આવે છે. પણ પ્રભુનો અનુગ્રહ છે. |


## મહાસભાની પાંચ પરીક્ષાઓનો

## ગામે ગામ પ્રચાર કરો

| | | |
|---|---|---|
| ૬. | પુષ્ટિ પુષ્ટિ ભક્ત | ભગવાનના ગુણ અને સ્વરૂપના જ્ઞાનવાળા, લીલાનું સ્વરૂપ સમજનારા. વિશેષ અનુગ્રહવાળા ક્રમપ્રાપ્ત વિશેષ અનુગ્રહવાળા નારદ-પ્રહ્લાદ |
| ૭. | શુદ્ધ પુષ્ટિ ભક્ત | ભગવાને અખંડ પ્રેમનું દાન જેનને ભરેલું છે. અત્યન્ત પ્રેમ એજ મુખ્ય હોય છે. નિ:સાધનના એ જેનું મુખ્ય લક્ષણ છે, જેના સર્વરૂપ હરિ છે શ્રી ગોપીજનો જેવા ભક્તો પુષ્ટિભક્તો છે. પ્રભુ તેમને વશ થઈ રહે છે. |
| ૮. | પ્રવાહસ્થ પુષ્ટિમિશ્રિત જીવો | ભગવદ્‌ભજનને અનુકુળ કર્મ કરે છે, |
| ૯ | પ્રવાહસ્થ પ્રવાહ મિશ્રિત જીવો | આસુર છે; કેવલ લૌકિક કાર્ય કરે છે |
| ૧૦. | પ્રવાહસ્થ પ્રવાહ મિશ્રિતજીવો | આસુર છે; કેવલ લૌકિક કાર્ય કરે છે. |

ઉપર પ્રમાણે શ્રી કલ્યાણરાયજીએ ભેદ દર્શાવ્યા છે.

## પુષ્ટિમર્યાદા અને મર્યાદાપુષ્ટિ

* પુષ્ટિ મર્યાદા અને મર્યાદ પુષ્ટિ આ ઉભય શબ્દોમાં મુખ્ય તરતભાવ છે. તેમાં કેટલાક ગુંચાય છે. શ્રી પુરૂષોત્તમજી સદૃષ્ટાંત સ્પષ્ટીકરણ કરે છે. અમ્બરીષ રાજાનો મર્યાદા પુષ્ટિમાં અંગીકાર

*वस्तुतस्तु राजा ( अम्बरीषः ) मर्यादापुष्टाङ्गीकृतो, न केवलपुष्टौ, न वा पुष्टिमर्यादायाम् अतस्तस्य महद्भिर्मृग्यभक्त्यर्थित्वाभावात्तत्र तदकथनेऽप्यदीयः । तस्य तदर्थित्वाभावे च केवलेन हि भावेने'तिसन्दर्भे तदनुल्लेख एव । ( अम्बरीषस्य गणना 'गोप्यो गावो खगा मृगा' इत्यत्र न वर्तत इत्यर्थः )

છે, કેવલપુષ્ટિમાં અને પુષ્ટિમર્યાદામાં અંગીકાર નથી. માટે પ્રેમ-લક્ષણા, માનસી, નિર્ગુણભકિતના અધિકારી નથી; તેથી તેમની ગણના કેવલ ભાવાત્મકભકતો નથી. શ્રીકૃષ્ણાવતાર પહેલાં તે માર્ગનું પ્રાકટ્ય ન હતું. અર્જુનનો પુષ્ટિમર્યાદામાં અંગીકાર છે.

### શુદ્ધ પુષ્ટિસૃષ્ટિ

આપણે પાછળ વિચાર કરી ગયા કે ભકિતમાર્ગરૂપી સરળ માર્ગ પ્રભુએ દર્શાવ્યો છે, તેથી ભગવાનમાં અનુગ્રહ છે, પુષ્ટિ છે, [1]ભગવાને છ પ્રકારની સૃષ્ટિ રચી છે, તે પૈકી આત્મસૃષ્ટિમાં ભગવાનના સચ્ચિદાનન્દ ગુણો પૈકી સદંશ અને ચિદંશ આ બે ગુણો જ છે; પરન્તુ આ પુષ્ટિસૃષ્ટિમાં ભગવાનના સદંશ ચિદંશ અને આનન્દાંશ, એ ત્રણ ગુણો છે. [2]ભગવાને આ સૃષ્ટિ પોતાની કાયાથી બનાવી છે પુષ્ટિસૃષ્ટિમાં કાર્ય કારણરૂપ ભગવાન જ છે. [3]સર્વ ભકતોના પ્રાણરૂપ ભગવાન છે. પુષ્ટિભકતના આ લોક અને પરલોક પણ જ્ઞાનક્રિયાયુકત ભગવાન છે. એક વખત શ્રુતિઓએ વરદાન માગતાં ભગવાન પાસે વિનંતિ કરી કે 'હે ભગવાન આપનું આનંદમય સ્વરૂપ દર્શાવો' ત્યારે ભગવાને સર્વથી પર શ્રીવૃંદાવન; શ્રીગોવર્ધન; શ્રીયમુનાજી અને સર્વ ભકતસહિત આપનો લીલાવૃંદ દેખાડયો, અને કિશોર આકૃતિવાળા ભગવાનનાં પણ દર્શન કરાવ્યાં. આ સૃષ્ટિ નિત્ય છે. ભગવાન આ ભકતોની ઈચ્છા મુજબ પોતાના આનંદમય શ્રીઅંગથી જ ફળ આપે છે.

---

(૧) જુઓ શાસ્ત્રાર્થ નિબંધકારિકા ૪૦-૫૧.
૨ (પુષ્ટૌ કાયેન નિશ્ચયः । स इममेवात्मानं द्वेधाऽपातयत्ततः पतिश्च पत्नी चाभवताम् । रस्य रूपमभूद् द्वेधा तत्कायमभिलक्षते) ૩ (भा० १०-३-९ मा श्लोक उपर सु० कारिका- सर्वेषां प्राणरूपश्च ऐहिकः पारलौकिकः । ज्ञानक्रियोभययुतो दृशलीलाप्रवर्तकः)

પ્રભુ પોતાના ભકતને વશ છે, એવું દર્શાવવા [1]પુષ્ટિભકતોના આગળ નૃત્ય પણ કરે છે, વખતે સ્નેહથી કંઈ કામ કરવાનું સોંપે તો તે પણ ભગવાન કરે છે.

[2]જે મર્યાદાભકતો હોય છે તેમને તો આવું ફળ ન મળે, તેમને જ્ઞાનથી મોક્ષ મેળવવાની માત્ર યોગ્યતા થાય છે, અને ભગવાન જ તેમને મુકિત આપે છે. પુષ્ટિના જેવું લીલાનું દાન કરવું હોય તો અક્ષરમાં પ્રવેશ કરાવી ઉદ્ધાર કરે, શુધ્ધ નૂતન તનુ આપી સેવાને માટે પુષ્ટિજીવોમાં પ્રકટ કરી લીલાનું દાન કરે છે.

શુદ્ધપુષ્ટિ જીવોનું સ્વરૂપ પણ ભગવાનના જેવું છે. આનન્દમય છે. ભગવાન સચ્ચિદાનન્દ છે. તેમ આ પણ સચ્ચિદાનન્દ જ છે ભગવાન જેમ લીલાર્થે અવતાર ધારણ કરે છે, [3]તેમ આ ભકતો પણ લીલા માટે અવતાર ધારણ કરે છે-ભગવાનમાં જેમ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય છે. તેમ આ શુદ્ધ પુષ્ટ ભકતોમાં ઐશ્વર્ય વિગેરે છ ધર્મો છે. ભગવાનને જેમ ધ્વજ, વજ્ર વિગેરે ચિહ્ન છે, તેવી રીતે આ ભકતોને પણ ચિહ્ન છે. ભગવદ્રુપ જ આ સૃષ્ટિ છે. માટે જ આ શુધ્ધ પુષ્ટિસૃષ્ટિના જો ગુણગાન ગાઈએ તો પ્રભુના ગુણગાન કરવા માફક આપણે કૃતાર્થ થઈએ.

---

१ गोपीभिस्तोभितो० ।

२ ज्ञानेन स्वरूपयोग्यतायां मुक्तिर्भगवता दीयते इति न ज्ञानमात्रसाध्या, 'मोक्षमिच्छेज्जनार्दनात् तथा सति चरक वृत्तिरूपमपि ज्ञानं स्वरूपे योग्यतासम्पादन पर्यो रक्षीयमाणं न फलोपहितां कारणतां स्वस्मिन् अवरोद्धुमीष्टे। अतो मुक्तिरपि भगवन्नियतैवेति । सेवार्थे विचारितान् (जीवान्) शुद्धान् विधायाऽऽविर्भावयति । (श्रीपुरुषोत्तमचरणाः)

३ मुक्ता अपि लीलाविग्रहं कृत्वा भजन्ते ।

स्वरूपेणावतारेण लिङ्गेन गुणेन च तारतम्यं न० ।

આ સૃષ્ટિને સેવા માટે જ ભગવાને પ્રકટ કરી છે. નામસેવા તો કોઈપણ મર્યાદાજીવથી પણ કરાવી લે. રૂપસેવા તો પ્રભુની સાક્ષાત્ સૃષ્ટિ વિના બની શકે નહીં. માટે આ પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી છે. મર્યાદા સૃષ્ટિને પણ દૈવીસૃષ્ટિ કહેવાય ખરી. પણ તે શ્રીઅંગમાંથી પ્રકટ થએલ નથી; અને રૂપસેવા પણ તેને મળે નહીં; એ તો પુષ્ટિસૃષ્ટિને જ મળે. *આ સૃષ્ટિ ભગવાનથી ભિન્ન નથી ભગાવાન પણ આ સૃષ્ટિથી ભિન્ન નથી. જેમ રાજાને મૃગયા ખેલવામાં રમણ સિવાય બીજું કારણ હોતું નથી. તેમ ભગવાન લોકવત લીલા જ કરવાને આ પુષ્ટિસૃષ્ટિ રૂપે થયા છે. અત્રે શ્રીગોપીજનો શ્રીયમુના, શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, દષ્ટાન્ત છે.

ભગવાનને લીલા કરવા માટે જો કોઇ જીવના સ્વરૂપ દેહ અને ક્રિયામાં ફેરફાર કરવાની જરૂર હોય તો ભગવાન તે પ્રમાણે તેમના સ્વરૂપમાં દેહ અને ક્રિયામાં ફેરફાર કરી લે છે. જુઓને કેટલાક ગોપીજનોને તામસાદિ બનાવી પ્રભુએ તેમનું તામસાદિપણું દૂર કર્યું. એમ ભાષ્યમાં છે. હાલમાં ભગવાન જે જીવને પ્રવાહ અને મર્યાદામાંથી જુદા પાડી પુષ્ટિમાં પ્રવેશ કરાવવાની ઈચ્છા રાખે છે તે જીવને પોતાનામાં પ્રવેશ કરી શુદ્ધ કરી પુનઃ પુષ્ટિસૃષ્ટિમાં પ્રકટ કરે છે; જીવભાવ વખતે સંતાઈ ગએલા ભગવાનના ધર્મો ભગવાનનો સમ્બન્ધ થતાં પ્રકટ થાય છે.

આ સૃષ્ટિને માટે ભગવાન જ ફળ છે. ભગવાન વિના બીજાની સ્પૃહા જ નથી, ભગવાનમાં નિરૂપધિ પ્રેમ એ જ તેમનું લક્ષણ છે.

* लोकवत्तु लीलाकैवल्यम् (२-१-३३)

तस्मान्न भिन्न एतास्तु आभिर्भिन्नो न वै प्रभुः। भूमावृत्तारितं सर्वं वैकुण्ठं स्वर्गवासिनाम्। (अथर्वोपनिषदि कृष्णोपनिषद्) हानौ तूपायनशब्दशेषत्वात्। कुशाच्छन्दःस्तुत्युपगानवत्तदुक्तम्। (२-३-२६

हित्वा कृष्णे परं भावं गतः प्रेमप्लुतः सदा। निबन्धे।

## પુષ્ટિસૃષ્ટિને ફ્લ

एवं सर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते ॥ १६ ॥
भगवानेव हि फलं स यथाविर्भवेद् भुवि ।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥ १७ ॥

અન્વયાર્થ - **एवं** એ પ્રમાણે **तेषां** પુષ્ટિમાર્ગીય ભકતની **सर्गः तु** સૃષ્ટિનું તો નિરૂપણ કર્યું. **अत्र** હવે અહિ **फलम्** ફ્લ **निरूप्यते** દર્શાવવામાં આવે છે. **भगवान् एव हि फलम्** ભગવાન જ પુષ્ટિસૃષ્ટિને ફળરૂપ છે. **सः** ભગવાન **भुवि** ભકતના ઘરમાં હૃદય-ભૂમિમાં અને લીલાસ્થાન વૃન્દાવન વિગેરેમાં **गुणस्वरूपभेदेन** ગુણરૂપે અથવા સ્વરૂપથી **आविर्भवेत्** પ્રકટ થાય **तथा** તે પ્રકારે **सर्वत्र** પુષ્ટિ અને મર્યાદામાં **सकलं** સર્વ **फलम्** ફલ થાય. [૧૭]

**રહસ્યાર્થ** - એ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ભકતોની સૃષ્ટિનું વર્ણન કર્યું. હવે તેમના ફલનું વર્ણન કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય ભકતો તો ભગવાન સાક્ષાત પોતે જ ફળરૂપ છે. ભગવાન ભકતોના ગૃહમાં હૃદયમાં કે વૃન્દાવન જેવા લીલાસ્થાનમાં પ્રકટ થઈને પુષ્ટિભકતોને ફળ આપે છે. એક નિયમ છે તે જે ભકત માટે જેવા રૂપે પ્રકટ થાય તેવું ફળ આપે.

ગુણરૂપે-શ્રીનૃસિંહ, શ્રીરામ, શ્રીવામન વિગેરે ગુણરૂપે પ્રકટ થઈ તેમને મુકિતમાં પણ તે સ્વરૂપે જ ફળરૂપ થાય છે.

બાલ્યપૌગણ્ડરૂપે-બાલક પૌગણ્ડ કિશોર સ્વરૂપે પ્રકટ થઈ દર્શન આપે તેમને તે રૂપે નિત્યલીલામાં ફળરૂપ થાય છે. સાક્ષાત ધર્મિરૂપે ફળે છે.

आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।
अहङ्कारेथवा लोके तन्मार्गस्थापनाय हि ॥ १८ ॥

---

આગળ આ પુસ્તકનો ત્રીજો ભાગ વસાવો, વાંચો-વંચાવો.

અન્વયાર્થ-आसक्तौ આસક્તિ થતાં अथवा અથવા अहङ्कारे અભિમાન થતાં लोके લોકોમાં तन्मार्गस्थापनाय તે ભક્તિમાર્ગનું સ્થાપન કરવા क्वचित् કોઈ વખત भगवान् एव ભગવાન પોતે જ शापम् શાપને दापयति અપાવે છે. (૧૮)

રહસ્યાર્થ-ભક્તની અન્યમાં આસક્તિ થાય તો તેના હિત કરવાને માટે જ ભગવાન પોતે શાપ અપાવે છે. જેમ નલકુબર, તેમજ ભક્તને અહંકાર થતાં પણ શાપ અપાવે છે. જેમ ચિત્રકેતુ અને પરિક્ષિતને શાપ અહંકારને લીધે અપાવ્યો. ભગવાન આ શાપ તેમજ નીચી કોટીમાં મૂકવા કે રોગી-દુઃખી કરવા નથી અપાવ્યા. પણ ભક્તનું હિત કરવા, ઈન્દ્રદ્યુમ્ન પણ શાપથી ગજેન્દ્ર થયો હતો. અર્જુનને બ્રાહ્મણ પુત્રોનું રક્ષણ કરવામાં થએલ અહંકાર પ્રભુએ તે પુત્રો લાવી આપી ઉતાર્યો, આ પ્રમાણે લોકમર્યાદાનું રક્ષણ કરવાને શાપ અપાવે. ભક્તનો પણ અહંકાર અને અન્યાસક્તિ દૂર કરવા માટે શાપ અપાવે છે, તે એનો ઉપકારક શાપ છે પણ શાપનું દુઃખ નથી. શ્રીમદ્ ભાગવતમાં શાપએ આશીર્વાદ છે. (૧૮)

न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः ।
महानुभावाः प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे ॥१८॥

અન્વયાર્થ- ते તે શાપિતભક્તો पाषण्डतां પાખંડીપણાને न यान्ति પ્રાપ્ત થતાં નથી. च અને તેમને रोगाद्युपद्रवः न શાપના) કારણથી રોગ વિગેરેનો ઉપદ્રવ કે દુઃખ થતા નથી. प्रायेण ઘણું કરીને તેઓ महानुभावाः મહા પ્રભાવશાળી હોય છે. शास्त्रम् આ શાસ્ત્ર એટલે શિક્ષા શાસન તે ભક્તોના शुद्धत्वहेतवे શુદ્ધિને માટે હોય છે.

રહસ્યાર્થ - આ શાપિત ભક્તોને જે શાપ આપવામાં આવે છે તે તેમને શુદ્ધ કરવા માટે જ આપવામાં આવે છે. તેથી તેઓ પાખંડી કે રોગી થતા નથી. પરંતુ મહાન પ્રભાવશાલિ જોવામાં આવે છે માટે શાપ એ પ્રભુના અનુગ્રહનું મૂળ છે.

શાપથી શુદ્ધ થાય છે, જેમ કે જયવિજયના ત્રણ અવતાર પ્રભાવશાલી થયા, શુદ્ધત્વનું લક્ષણ શ્રી કલ્યાણરાયજીએ આપ્યું છે

" शुद्धित्वं नाम भक्तिमार्गविरूद्धधर्मराहित्येन कायवाङ्मनोभिः तत्परत्वम् "

ભક્તિમાર્ગ વિરૂધ્ધ ધર્મો, અહંકાર, મદ, અન્યાસક્તિ, અન્યાશ્રય, માર્ગાન્તરમાં રહેવું દુઃસંગ આ સર્વને દૂર કરી ભક્ત કાયા, વાણી, મનથી ભગવાનમાં તત્પર રહે એ ભક્તની શુદ્ધિ છે.

भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि । १९½

અન્વયાર્થ - भगवत्तारतम्येन ભગવત્સ્વરૂપ અને તેમના ભજન પ્રકારમાં તારતમ્ય એટલે ફેરફાર તફાવટ થવાથી तारतम्यम् ફલમાં તારતમ્ય (તફાવટ) भजन्ति થાય છે.

રહસ્યાર્થ — ભજનમાં તારતમ્ય (તફાવત) થાય છે. તો ફલમાં તફાવત થાય જ. જેમ પુષ્ટિમાર્ગીય ભજનમાં ભજનીય પુરૂષોત્તમ છે અને સ્નેહ જ નિયામક છે મર્યાદામાર્ગમાં ભજનીય વિભૂતિ કે પુરૂષોત્તમ હોય તો પણ વિધિને આધીન રહેવું પડે છે. સ્નેહ પ્રધાન નથી. જેમ કે ચિત્રકેતુ ભક્ત હતો. પણ સંકર્ષણ ઉપાસક હતો. નિર્વિશેષ ઉપાસક ઇન્દ્રદ્યુમ્ન રાજાનો ગજેન્દ્ર જન્મમાં પણ સ્તુતિ વખતે ગજેન્દ્રે " જે કોઈ પરાત્પરતત્ત્વ હોય તે પધારો " એમ કહી નિર્વિશેષ સ્તુતિ કરી છે. લૌકિકમાં નરસિંહ મહેતાનું દૃષ્ટાન્ત શ્રીકલ્યાણરાયજીએ આપી દર્શાવ્યું કે ભક્તનું સર્વસ્વ પ્રભુ જ સર્વ કાર્ય સિધ્ધ કરે છે. નરસિંહ મહેતાને પુષ્ટિમાર્ગનો વધૈયો કહેવાય છે. ૧૯½

હવે પુષ્ટિમાર્ગીય ભક્તોને લૌકિક વૈદિક કર્મ કરવાં કે નહિ ?

लौकिकत्वं वैदिकत्वं कापट्यात् तेषु नान्यथा ॥२०॥
वैष्णवत्वं हि सहजं ततोन्यत्र विपर्ययः ।

અન્વયાર્થ - तेषु તે પુષ્ટિ ભક્તોમાં वैदिकत्वम् વૈદિક કાર્ય लौकिकत्वम् લૌકિક વ્યવહાર कापट्यात् કપટથી ( આસક્તિ

રહિત ) (લોકસંગ્રહાર્થે ) હોય છે. वैष्णवत्वम् વૈષ્ણવપણું हि નક્કી सहजम् સ્વાભાવિક હોય છે अन्यत्र મર્યાદા પ્રવાહમાર્ગીય જીવોમાં ततः તેનાથી विपर्ययः ઉલટું હોય છે.

રહસ્યાર્થ–પુષ્ટિમાર્ગીય જીવોમાં પોતાના ભાવને ગુપ્ત રાખવા, વૈદિક કાર્યો લગ્નાદિ નૈમિત્તિક કાર્ય લૌકિક કાર્ય વ્યવહારમાં સગાસંબંધીના વ્યવહારો જાળવવા વિગેરે કાર્યો આસક્તિવિના લોકમાં દેખાડવા પુરતાં જ કરે છે. તેમને તે કરવાનું પ્રયોજન નથી. તેમનામાં વૈષ્ણવપણું સહજ જન્મસિદ્ધ–સ્વાભાવિક જ હોય છે.

મર્યાદા અને પ્રવાહ જીવોમાં એથી ઉલટું હોય છે. મર્યાદાજીવમાં વૈદિકપણું સહજ અને પ્રવાહીજીવમાં લૌકિકપણું સ્વાભાવિક હોય છે અને વૈષ્ણવપણું કપટથી હોય છે.

શ્રી ગુંસાઈજીએ આજ્ઞા કરી કે विजातीयजनाक्रान्ते निजभावस्य गोपनम् પુષ્ટિજીવોએ વિજાતીય જનોની પાસે ભાવ ગુપ્ત રાખવો. લોકસંગ્રહાર્થ લૌકિકવૈદિક કાર્ય અનાસક્તિથી કરવા ૨૦½-

सम्बन्धिनस्तु ये जीवाः प्रवाहस्थास्तथापरे ॥ २१ ॥
चर्षणीशब्दवाच्यास्ते ते सर्वे सर्ववर्त्मसु ।
क्षणात् सर्वत्वमायान्ति रुचिस्तेषां न कुत्रचित् ॥२२॥
तेषां क्रियानुसारेण सर्वत्र सकलं फलम्

અન્વયાર્થ–सम्बन्धिन: ભક્તિમાર્ગીય જીવોના સંબંધિ હોઈ ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત ન થયેલા એવા ये जीवाः જે જીવો तथा अपरे प्रवाहस्था: દીક્ષા વગરના પ્રવાહમાં પડી લૌકિકાસક્ત जीवाः જીવો ते सर्वे તે સર્વે જીવો चर्षणीशब्दवाच्या: ચર્ષણી એટલે (સર્વ માર્ગમાં ભટકનારા) જીવો છે. તે ચર્ષણી જીવો सर्ववर्त्मसु સર્વ માર્ગમાં क्षणात् ક્ષણવારમાં सर्वत्वम् તે તે માર્ગનો સંગ મેળવી તેમનાં જેવા आयान्ति થઈ જાય છે. तेषां

તે પ્રવાહી ચર્ષણી જીવોની રુચિ : સ્નેહ कुत्रचित् કોઈ પણ સ્થાનમાં न નથી, तेषाम् તે ભટકતા જીવોને क्रियानुसारेण કર્માનુસાર सकलम् કામનાનુસાર ખંડિત फलम् ફલ થાય છે. ૨૨½.

ભક્તિમાર્ગીય વ્યવસ્થાને કહી હવે તેમના સંબંધી દીક્ષા વગરના જીવોને વર્ણવે છે. તેમાં ચર્ષણી જીવનું સ્વરૂપ કહે છે.

રહસ્યાર્થ–ભક્તિમાર્ગીય જીવોના સંબંધી હોય પણ ભક્તિમાર્ગ પ્રમાણે વર્તે નહિ, તેવા અને બીજા દીક્ષા વગરના પ્રવાહી જીવો લૌકિક જાણવા, તે જીવો ચર્ષણી છે. એટલે ભટકવાના સ્વભાવવાળા હોય છે. તેમને જેવો સંગ તેવો રંગ ચઢતાં વાર લાગતી નથી. તેથી તે તે માર્ગોમાં જાય છે. આવા મધ્યમ અને અધમ પંક્તિના જીવોનું વર્ણન નારદપંચરાત્ર શાસ્ત્રમાં છે. તેમને તે તે માર્ગનું ખંડિત ફળ મળે છે. અને અને તે કામિતફળને ભોગવી પ્રભુએ નક્કી કરેલી ગતિને પામે છે અને જન્મમરણના પ્રવાહમાં પડે છે. છેવટે નીચથી પણ નીચ અધોગતિને પામતાં નરકભાગી પણ થાય છે ૨૨½

प्रवाहस्थान् प्रवक्ष्यामि स्वरूपाङ्गक्रियायुतान् ॥२३॥
जीवास्ते ह्यसुराः सर्वे 'प्रवृत्तिं चे'ति वर्णिताः ॥
ते च द्विधा प्रकीर्त्यन्ते ह्यज्ञदुर्ज्ञविभेदतः ।
दुर्ज्ञास्ते भगवत्प्रोक्ता ह्यज्ञास्ताननु ये पुनः

અન્વયાર્થ — स्वरूपाङ्गक्रियायुतान् સ્વરૂપ–દેહ અને ક્રિયા સાથે प्रवाहस्थान् પ્રવાહી જીવોને प्रवक्ष्यामि કહીશ. प्रवृत्तिञ्च એ ગીતા શ્લોકથી કહેલા ते તેઓ जीवाः જીવો हि નક્કી आसुराः આસુરો જ છે. ते द्विधा : તેઓ બે પ્રકારના છે. अज्ञदुर्ज्ञविभेदत : અજ્ઞ અને દુર્જ્ઞ એવા ભેદથી प्रकीर्त्यन्ते કહેવાય છે. दुर्ज्ञाः : દુર્જ્ઞ भगवत्प्रोक्ता : ગીતામાં આસુરસમ્પત્‌માં કહેલા તે अज्ञा :તે દુર્જ્ઞને અનુસરનારા અજ્ઞ જાણવા.

રહસ્યાર્થ—સ્વરૂપ-દેહ અને ક્રિયાનાં લક્ષણ સાથે હવે પ્રવાહી જીવોને કહીશું. ગીતામાં પ્રવૃત્તિંચ એ શ્લોકથી આસુરસૃષ્ટિનું વર્ણન કરેલું છે તે જીવો આસુર છે, તેને અજ્ઞ અને દુર્જ્ઞ એવા બે ભેદથી કહેલા છે. દુર્જ્ઞ ગીતાજીમાં આસુર સંપત્તિવાળા કહેલા છે. તે જાણવા. તે દુર્જ્ઞને અનુસરનારા અજ્ઞ જાણવા.

આસુરસૃષ્ટિ

દુર્જ્ઞ — અજ્ઞ (દુર્જ્ઞને અનુસરનારા)

દુર્જ્ઞ: જગદ્રૂપનો દ્વેષ કરે છે માટે ઉદ્ધાર નથી

અજ્ઞ: વિભૂતિનો કે અવતાર પ્રભુનો દ્વેષ કરનાર — મૂલ રૂપનો દ્વેષ કરનાર પૂતનાદિ

આનો ઉદ્ધાર પ્રભુ કરે છે

प्रवाहेपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते ।
सोपि तैस्तत्कुले जातः कर्मणा जायते यतः ॥ २५½ ॥

અન્વયાર્થ—પુષ્ટિસ્થઃ પુષ્ટિમાર્ગીયજીવ (કારણવશાત્) प्रवाहे अपि પ્રવાહમાં આસુરકુળમાં समागत्य જન્મ લે અથવા તેમના સમાગમમાં આવ્યા છતાં तैः તે આસુરે સાથે न युज्यते જોડાતો નથી यतः કારણકે कर्मणा પૂર્વોક્ત ભગવદપરાધ થવાથી અથવા પ્રારબ્ધકર્મથી, सोपि ને પુષ્ટિ જીવ तत्कुले આસુરકુળમાં जातः જન્મેલ છે. ૨૫½

રહસ્યાર્થ—પુષ્ટિમાર્ગીય જીવનો પ્રવાહમાં આસુરોમાં પ્રહ્લાદ આદિ જન્મ થાય, અથવા આસુરના સમાગમમાં આવે તો પણ તે

પુષ્ટિજીવમાં આસુરભાવ પ્રવેશ કરતો નથી. પ્રારબ્ધવશાત અથવા ભગવદિચ્છાથી અથવા વેદનિન્દા થતાં આસુરકુળમાં જન્મે પણ પ્રભુએ આ જીવનો પૂર્વ જન્મમાં અંગીકાર કરેલો હોવાથી, પ્રભુનો અંગીકાર નિત્ય અને સબળ હોવાથી, પ્રહ્લાદ વૃત્રાસુર જેવા આસુરોને આસુરદોષભાવ પ્રવેશ કર્યો નથી, પૂર્વજન્મમાં ભગવદ્ધર્મના સંસ્કાર બળિષ્ટ છે. જેમ યોગભ્રષ્ટને બીજા જન્મમાં પવિત્ર શ્રીમાનને ઘેર જન્મ મળી આગળ વધે છે, તેમ આ પૂર્વજન્મનાં ભગવદ્ધર્માચરણ કરેલાં તેથી અને ભગવાનનો અંગીકાર સબળ હોવાથી અલિખાન પઠાણ, રસખાન, મોહના જેવાને પૂર્વસંસ્કાર પ્રબળ હોવાથી આસુરયોનિમાં પણ ભગવત્પ્રાપ્તિ જ થાય છે. એમ મોટા શ્રી ગોકુળનાથજી આજ્ઞા કરે છે.

નોંધ:—આ ગ્રન્થ આપણા અદૃષ્ટવશાત્ પૂર્ણ મળતો નથી આની આગળ ચાલતાં પ્રવાહ અને મર્યાદાનાં પ્રયોજન, સાધન, અંગ, ક્રિયા, અને ફલનું વર્ણન હોય એટલો ગ્રન્થ અપેક્ષિત છે. (શ્રીપીતાંમ્બરજી)

## પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થ સમાપ્ત

મહાસભાની ધાર્મિક સરળ પાંચ પરીક્ષાઓ આપો-અપાવો અને તેનો ગામેગામ પ્રચાર કરો. પત્રવ્યવહાર મધુસૂદન શાસ્ત્રીજી અવૈતનિકમાનદ મુખ્ય મંત્રી અ. ભા. ભા. શુ. મહાસભા ૧૦-૩૧૦ મોટા મંદિર, સુરત ૩૯૫૦૦૩

श्रीकृष्णः

# ભક્તિવર્ધિની

આ ભકિતવૃધિનીનો પ્રકાર પુષ્ટિમર્યાદા ભકતો માટે છે. બ્રહ્મસંબંધી સર્વ જીવોને હાલમાં પુષ્ટિમર્યાદામાં અંગીકાર થાય છે, એમ શ્રીહરિરાયજીનું મંતવ્ય છે. આત્મા સાથે સર્વ નિવેદન કરી નીચે પ્રમાણે યત્ન કરવો જોઈએ.

यथा भक्तिः वृद्धा स्यात् तथोपायो निरूप्यते ॥
बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥

અન્વયાર્થ - यथा જે પ્રકારે भक्तिः સ્નેહરૂપા ભકિત प्रवृद्धा વધેલી स्यात् થાય तथा તે પ્રકારે उपायः ભકિતમાર્ગીય સાધન निरूप्यते નિરૂપણ કરાય છે. बीजभावे પ્રેમરૂપ બીજભાવ दृढे દઢ થતાં त्यागात् ભકિતમાર્ગીય સાધનથી બીજા સાધનોનો ત્યાગ કરવાથી, અથવા આત્મનિવેદનરૂપ ત્યાગ કરવાથી અને श्रवण-कीर्तनात् પ્રભુનું શ્રવણ અને કીર્તન કરવાથી ભક્તિવૃધ્ધિ થાય છે. ૧

અર્થ – પુષ્ટિ ભક્તિ વધે એવો ઉપાય દર્શાવાય છે, બીજભાવ દઢ થવામાં બીજા સાધનો ન લેતા ત્યાગ [અને] શ્રવણુ કીર્તન કરવા, જેથી બીજ ભાવ દઢ થશે.

રહસ્યાર્થ : સ્નેહરૂપી ભકિત જે પ્રકારે વધે, તેવો ઉપાય આ ગ્રન્થમાં દર્શાવવામાં આવે છે. ભગવાનના અનુગ્રહથી જ સ્નેહરૂપ ભકિત મળે છે. ભકિતમાર્ગીય સાધન દ્વારા બીજભાવ દઢ થાય છે. કદાપિ પણ અન્ય સાધનો ન કરવા. ભકિતમાર્ગીય સાધનો જ કરવા. શ્રવણુ અને કીર્તનથી ભકિતની વૃધ્ધિ થાય છે. ૧

बीजदार्ढ्यं प्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥

અન્વયાર્થ : बीजदार्ढ्यं प्रकारस्तु ભકિતનું બીજ દઢ કરવાનો પ્રકાર તો गृहे ઘરમાં स्थित्वा રહીને स्वधर्मतः ભગવદ્ધર્મપૂર્વક

**અવ્યાવૃત્ત : સન્** વ્યાવૃત્તિ રહિત થઈને (ભગવદ્‌ભજનને પ્રતિકુલ પ્રવૃત્તિ તજી દઈ) **પૂજયા** સેવા વડે **શ્રવણાદિભિઃ** શ્રવણ કીર્તન કરીને **કૃષ્ણમ્** શ્રી ગોપીજનવલ્લભને **ભજેત્** સેવવા. (૨)

રહસ્યાર્થ : **શ્રી ગોકુલનાથજી બીજભાવ** સમજાવે છે કે શુધ્ધપુષ્ટિમાર્ગીય આચાર્ય શ્રીમહાપ્રભુજીના અનુગ્રહથી પુષ્ટિમાર્ગીય પ્રકારે થયેલ આત્મનિવેદન પછી ભગવાને કરેલો જીવનો અંગીકાર એ બીજભાવ છે. **શ્રીરઘુનાથજી** ભકિતનું અસાધારણ કારણ એટલે બીજભાવ. **શ્રીકલ્યાણરાયજી** બીજરૂપ ભાવ અલ્પસ્નેહ. **શ્રીહરિરાયજી** પ્રાથમિક અવસ્થાનો સ્વામિસેવક ભાવ એ બીજભાવ. આ સર્વ અર્થ સરખા જ છે. સારાંશમાં પુષ્ટિભકિતનું સૂક્ષ્મ રૂપ ભકતહૃદયમાં વિદ્યમાનતા એ બીજભાવ એવો અર્થ થાય છે; બીજભાવને વધારી દૃઢ કરવો. હોય તો લોકોની અને વેદની પ્રવૃત્તિઓ, અને તેના ફલની આશાઓ તજી દેવી. પોતાના ઘરમાં રહી સ્વધર્મ—સ્વમાર્ગીય ભગવધ્ધર્મ આચરવો. પૂજા-સેવા શ્રવણ વિગેરેથી શ્રીકૃષ્ણને ભજવા અથવા સ્વધર્મ એટલે વર્ણાશ્રમ ધર્મ યથાશકિત પાળે.

व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥
बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ॥

અન્વયાર્થ : **व्यावृत्तः** વ્યાપાર વિગેરે કરતો **अपि** પણ **हरौ** હરિમાં **चित्तम्** ચિન્તને સ્થાપીને **श्रवणादौ** સુબોધિની વિગેરે લીલાઓના શ્રવણમાં **यतेत्** યત્ન કરે. **ततः** તેથી **प्रेम** પ્રભુમાં પ્રેમ **तथा** તેમજ **आसक्तिः** આસકિત **च** અને **यदा** જ્યારે **व्यसनम्** પ્રભુમાં વ્યસન થાય ત્યારે **तद्** તે વ્યસનને શાસ્ત્રમાં **बीजम्** બીજ **उच्यते** કહેવાય છે. **यत्** જે બીજ **दृढम्** દૃઢ હોવાથી **अपि** કદાપિ પણ **न नश्यति** નાશ પામતું નથી. ૩½

અર્થ—વ્યાપારવાળો હોય તો પણ શ્રી હરિમાં ચિત્ત લગાવીને હંમેશાં શ્રવણ વિગેરેમાં યત્ન કરે, તે પછી જ્યારે શ્રી પ્રભુમાં પ્રેમ થાય, તેમ આસક્તિ થાય અને વ્યસન થાય, તે ભક્તિ શાસ્ત્રમાં દઢબીજ કહેવાય છે તે મજબૂત એવું બીજ કોઈ પ્રકારે પણ નાશ થતું નથી.

**વિવેચન**—શ્રી ગોકુલનાથજી મહારાજ પોતાનો અભિપ્રાય જણાવે છે કે પ્રભુની સેવાના નિર્વાહ માટે વ્યાપાર વિગેરે કર્યા પછી આગળની માફક શ્રવણ કીર્તન વિગેરે માટે યત્ન કરવો. એ પ્રમાણે ભક્તિમાર્ગમાં ભક્તિની વૃદ્ધિનાં સાધનો કહીને હવે ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહે છે કે (તે પછી પ્રેમ) પહેલાં પ્રેમ એટલે સ્નેહનો અંકુર ઉત્પન્ન થાય છે અને તે પછી પ્રેમની પ્રૌઢ અવસ્થા આવ્યા પછી શ્રીપ્રભુમાં અસક્તિ થાય છે, અને ચિત્ત ભગવત્સ્વરૂપમાં લાગીને જ્યારે તેમાં જ પરાયણ થાય છે, ત્યારે તે ચિત્ત પ્રૌઢ અવસ્થામાં આવ્યા પછી વ્યસન થાય છે, વ્યસન એટલે ભગવાન સિવાય રહી શકાય નહિ તેવી સ્થિતિ. (૩½)

શ્લોકઃ-स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारूचिः ॥४॥
गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ॥ ४½ ॥
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥५॥

અન્વયાર્થ — स्नेहात् પ્રભુના સ્નેહથી रागविनाशः स्यात् લોકમાં રાગ-પ્રેમનો નાશ પામે છે. आसक्त्या પ્રભુમાં આસક્તિ થતાં गृहारूचिः ઘરમાં અરૂચિ स्यात् થાય છે. गृहस्थानाम् ઘરમાં રહેલાં પતિ સ્ત્રી પિતા પુત્રાદિ સંબંધીઓમાં बाधकत्वम् બાધકપણું च અને अनात्मत्वम् તેઓ ભગવત્સંબંધી નથી એવું भासते ભાસે છે यदा જ્યારે कृष्णे પ્રભુમાં व्यसनम् વ્યસન स्यात् થાય तदा एव તે વખતે कृतार्थः કૃતાર્થ स्यात् થાય. (૫)

અર્થ-પ્રભુમાં સ્નેહથી ઈતરમાં પ્રીતિનો નાશ થાય (અને) પ્રભુમાં આસક્તિથી ઘરમાં અરૂચિ થાય. ત્યારે ઘરમાં રહેલાઓ પોતાના જેવા પ્રભુમાં ભાવનાવાળા ન હોય તો તેઓ મારા ભાવમાં બાધક છે, અને આ ભગવત્સંબંધી નથી. એમ ભાસે છે. અને પછી જયારે ભગવાનમાં વ્યસન થાય ત્યારે જ કૃતાર્થ થઈ જાય છે. (૫)

વિવેચન-જે ભકતને સ્નેહનાં અંકુર ઉત્પન્ન થયાં છે. તેને ભગવાન સિવાય બીજામાં રાગ થતો નથી. અને તે જયારે આસકિત થાય છે, એટલે પ્રૌઢ ભાવ થાય છે. ત્યારે ઘરની આસકિત ચાલી જાય છે. ભગવાનમાં આસકિત થયા પછી ઘરમાં અરૂચિ થવામાં બે કારણો છે. ઘરમાં રહેનારા સ્ત્રી અને પુત્ર વિગેરે ગૃહસ્થ કહેવાય છે, તેઓને પોતાની જાતનો ભાવ નહિ હોવાથી તેઓ સાથેનો સંબંધ પોતાના ભાવનો નાશ કરનાર છે, એમ સ્ફુરણા થવાથી તેઓમાં અરૂચિ થાય છે.

ભાવની સાત અવસ્થા ભાવને જાણનારાઓએ કહેલી છે. તેમાં પહેલી અવસ્થા ભાવ, બીજી પ્રેમ, ત્રીજી અવસ્થા પ્રણય, ચોથી અવસ્થા સ્નેહ, પાંચમી અવસ્થા રાગ, છઠ્ઠી અવસ્થા અનુરાગ અને સાતમી અવસ્થા વ્યસન કહેવાય છે. તેમાં પ્રથમ બીજની અભિવ્યકિતનો પ્રકાર કહીને તે પછી તત : પ્રેમ'' એમ પ્રેમથી ત્રણ અવસ્થા પ્રેમ, પ્રણય અને સ્નેહ એ ત્રણ અવસ્થા ક્રમે કરીને થાય છે, ત્યારે ભગવદ્ગુણ શ્રવણાદિ સિવાય બીજામાંથી પ્રીતિ નાશ પામે છે. ભગવાનના ગુણગાન શ્રવણાદિ સિવાય બીજામાંથી પ્રીતિ નિવૃત્ત થાય છે ત્યારે ભાવ, પ્રેમ પ્રણય અને સ્નેહ એ ચાર અવસ્થા તેમને સિધ્ધ થઈ એમ સમજવું, અને જયારે આસકિત થાય ત્યારે રાગ અને અનુરાગ એ બે અવસ્થા સિદ્ધ થઈ એમ સમજવું, પ્રભુમાં આસકિત થાય ત્યારે ગૃહાદિમાં આકાંક્ષા રહેતી નથી. ગૃહાદિમાં અરૂચિ થાય છે. વ્યસન થતાં જીવ કૃતાર્થ થાય છે. (૫)

# પ્રેમ

લક્ષણ— સ્વવિષયમાં ( પ્રભુમાં ) સ્વત: પ્રવૃત્તિ કરાવે તે પ્રેમ.
સપ્તાવસ્થા પૈકી—ભાવ–પ્રેમ–પ્રણય–સ્નેહ.
ફલ—પ્રભુ સિવાય અન્ય સર્વમાંથી સ્નેહ ન રહે.

# આસક્તિ

લક્ષણ—સ્વવિષયમાં ( પ્રભુમાં ) વિવિધ મનોરથોને ઉત્પન્ન કરે તે આસક્તિ સપ્તાવસ્થા પૈકી-રાગ અને અનુરાગ.

ફલ—ગૃહમાં રહેલ કુટુંબમાં અનાસક્તિ–પોતાના ભાવમાં બાધ કરનાર, અનાત્મકતા એટલે સ્વકીયપણાનો અભાવ ભગવત્સંબંધી ન લાગે. તેનું કાર્યલક્ષણ નીચે છે.

'भगवदितरविषयकबाधकत्वस्फुर्तिसम्पादको भावः आसक्तिः'
ભગવાન સિવાય સર્વમાં બાધકતા સ્ફૂરે તે આસક્તિ.

# વ્યસન

લક્ષણ— સ્વવિષય-ભગવાન વિના ક્ષણ પણ ન રહી શકે તે વ્યસન. સપ્તાવસ્થા પૈકી—વ્યસન

ફલ—સર્વાત્મભાવ-વિરહભાવદ્વારા કૃતાર્થતા

विशेषण अस्यन्ते प्राणाः येन तद् व्यसनम् ।
तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् ।
त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥
लभते सुदृढां भक्ति सर्वतोऽप्यधिकां पराम् ॥ ६½ ॥

અન્વયાર્થ—तादृशस्य આસક્તિ અને વ્યસનદશા વાળા ઉંચી કક્ષાના ભકતને अपि પણ सततम् સર્વદા गृहस्थानम् ઘરમાં રહેવું તે विनाशकम् ભાવોને નાશ કરે છે. તેથી त्यागम् कृत्वा तु ત્યાગ કરી તે તો यः જે ઉચ્ચકક્ષાનો ભકતો तदर्थार्थैकमानसः ભગવદર્થે જ એકતાન મન રાખી यतेत् પ્રભુ

માટે યત્ન કરે તો सुदृढाम् સુદૃઢ सर्वतोधिकाम् સર્વથી પર સર્વાત્મભાવરૂપા–પરાભક્તિને लभेत् મેળવી શકે. ૬½

ઉચ્ચ કક્ષાના ભક્તે શું કરવું ?

રહસ્યાર્થ—આ આસક્તિ અને વ્યસનદશા પછી ઘર તજવું. ઘરમાં રહે તો તેના ભાવનો નાશ થાય. માટે ગૃહત્યાગ કરવો. આ વિરહી ભક્ત ભગવાનમાં તન્મય મન કરી પ્રભુપ્રાપ્ત કરવા યત્ન કરે, તો આવા પરમભાગ્યવાન વિરહી ભક્તને સર્વાત્મભાવરૂપ એટલે ભગવાનના સ્વરૂપરૂપી ફલને પ્રાપ્ત કરે છે. ભગવાન તેના લૌકિક દેહને દૂર કરી અલૌકિક દેહ આપી પોતાના સાક્ષાત્ સ્વરૂપને ભક્ત આગળ પ્રકટ કરે છે. ભક્તેચ્છા મુજબ સર્વ આનંદમય લીલાને ભોગવે છે. ૬½

त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥ ७ ॥
अतः स्थेयं हारस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥

અન્વયાર્થ—જેમને આસક્તિ વ્યસન થયું નથી, એવા ભગવદીયે त्यागे ત્યાગ–કે ગૃહત્યાગ કરવાથી दुःसंसर्गात् દુઃસંગ तथा અને अन्नतः અપવિત્ર અપ્રસાદી અન્નદોષની बाधकभूयस्त्वम् ઘણાજ બાધક આવે છે, अतः માટે તેવા ભક્તે हारिस्थाने હરિના સ્થાનમાં तत्परैः ભગવત્પરાયણ तदीयैः सह ભક્તો સાથે स्थेयम् રહેવું. अदूरे ભક્તના સ્થાનથી જરા સમીપ અને विप्रकृष्टे દૂર રહેવું. यथा કે જેથી चित्तम् ચિત્તમાં न दुष्यति દૂષણ ન આવે (૮)

વ્યસન વગરના મધ્યમ અધિકારીએ શું કરવું ?

રહસ્યાર્થઃ–જ્યાં સુધી આસક્તિ વ્યસન થયાં નથી ત્યાં સુધી ઘરમાં રહેવું જ યોગ્ય છે. અધિકાર વગર ગૃહત્યાગ કરે તો દુઃસંગ દોષ લાગે વ્યસનથી બીજભાવ દૃઢ થયા પછી લૌકિક

દુઃસંગદોષ લાગવાનો ભય નથી. દુઃસંગથી અપૂર્ણ ભક્તનો ભાવ નાશ પામે. અન્નદોષ પણ લાગે. અપ્રસાદિ અને અપવિત્ર અન્ન રાજસ તામસ આહારો બુધ્ધિ ભ્રષ્ટ કરી ભાવનો નાશ કરે છે. બહિર્મુખ કરે છે, તેથી ઘરમાં રહે અને હૃદયમાં આર્તિ કરે.

ગૃહમાં અનુકૂળતા ન હોય તો સારા ભગવત્પરાયણ ભક્તો જ્યાં હોય એવા હરિસ્થાનમાં રહેવું ત્યાં શ્રવણકીર્તનનો લાભ મળશે. સત્સંગ થશે અને હરિસ્થાનમાં પ્રસાદી પવિત્ર અન્ન મળશે. પરન્તુ અતિ પરિચયથી અવજ્ઞા–અપમાન–થાય છે. માટે બહુ સમિપ નહિ કંઈક દૂર રહેવું, ચિત્તમાં દોષ ન આવે તેમ રહેવું. (૮)

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत्
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥९॥

અન્વયાર્થ — सेवायाम् સેવામાં वा અથવા कथायाम् ભગવલ્લીલાચરિત્રમાં यस्य જે ભક્તની आसक्तिः આસક્તિ दृढा દૃઢ भवेत् થાય, तस्य તે ભક્તોના यावज्जीवम् જીવન પર્યન્ત नाशः અધઃપાત क्व अपि કોઈ પણ દેશ કે કાળમાં न નથી થતો. इति એ પ્રકારે मम મારી શ્રીવલ્લભની मतिः સમ્મતિ છે. (૯)

રહસ્યાર્થઃ—કોઈથી સેવા બને છે. કોઈ ભગવલ્લીલા ચરિત્રોનું શ્રી સુબોધિનીજી જેવા ગ્રન્થોનું અવગાહન–મનન કરે, તે બન્ને સાધકનો જીવનભર નાશ અધઃપાત થતો નથી, પરન્તુ સેવા અથવા લીલાચરિત્રમાં આસક્ત બન્નેને ઉચ્ચ ફળ મેળવવામાં જરાય વિલંબ થતો નથી, (૯)

बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥

અન્વયાર્થઃ— बाधसम्भावनायाम् ઘરમાં અનેક બાધક ઉદ્વેગ વિગેરે થાય तु તો एकान्ते એકાન્તમાં वासः વાસ કરવો,

न इष्यते ઈષ્ટ નથી. તેના ભકતનું હરિઃ હરિ દુઃખહર્તા પ્રભુ સર્વતઃ સર્વ પ્રકારે રક્ષામ્ રક્ષણ કરશે. ન સંશયઃ સંશય નથી (૧૦)

રહસ્યાર્થ :- ઘરમાં હરકતો આવે ઉદ્વેગ થાય, સેવા સ્મરણ ન થાય. તો શું કરવું ? શું ગૃહત્યાગ કરવો ? એકાન્તમાં રહેવું ?

ઉત્તર જો ગૃહત્યાગ કરી એકાન્તમાં રહેશે તો ભાવનો નાશ થશે. એકાન્તવાસ ભકિતમાર્ગીયને સ્મરણ-ભજનમાં ઉપયોગી થતો નથી. આ વખતે પ્રભુનું શરણ વિચારવું. દીનતાથી પ્રભુ જે કંઈ સેવાસ્મરણ કરાવે તે ગૃહમાં જ કરવું. જીવનો સદાગ્રહ ભરેલ પ્રેમ દેખી પ્રભુ જ તે બાધકોથી રક્ષણ કરશે. ( આશરો એક શ્રી વલ્લભાધીશનો એમ પદ બોલો. )

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।
य एतत् समधीयीत तस्यापि स्याद् दृढा रतिः ॥११॥

અન્વયાર્થઃ—इति एवं એ પ્રમાણે भगवच्छास्त्रम् ભગવાનની ભકિતવૃધ્ધિનું શાસ્ત્ર गूढतत्वम् ગૂઢતત્વથી ભરેલું અનુભવથી જ જણાય એવું निरूपितम् કહ્યું यः જે ભકત एतत् આ ભગવતશાસ્ત્રને समधीयीत ભણે तस्य તેને अपि પણ दृढा દઢ रतिः ભગવાનમાં રતિ ફલરૂપા ભકિત स्यात् થાય. ૧૧

રહસ્યાર્થ : આ ભગવાનની ભકિતવૃધ્ધિનું શાસ્ત્ર કહ્યું વાણીથી કહેવાય નહિ, પણ અનુભવથી જ જણાય એવું ગૂઢ તત્વ આ ગ્રન્થમાં છે. તેનો જે વિચાર પૂર્વક અભ્યાસ કરશે તેને પણ ભગવાનમાં રતિ-પરમભકિત થશે. ૧૧

## ભક્તિવર્ધિની સમ્પૂર્ણ.

## ભક્તિવર્ધિનીનો માર્મિક સારાંશ

આ ભક્તિવર્ધિની ગ્રન્થ ઘણો જ ઉપયોગી છે. બ્રહ્મસંબંધ લીધા પછી જીવે કેવી રીતે તેણે વર્તવું । ઘરમાં રહીને સેવા શ્રવણ વિગેરે સાધનો કેવી રીતે કરવાં તેનું વર્ણન છે. આ ગ્રન્થમાં ૧. ભાવ, ૨. પ્રેમ, ૩. પ્રણય, ૪. સ્નેહ, ૫. રાગ ૬. અનુરાગ ૭. વ્યસન એમ સાતે અવસ્થા કહી છે.

(૧) કૃપાપાત્ર ભક્તિમાર્ગીય જીવોનાં સાધન પણ ભક્તિ માર્ગીય હોવા જોઈએ.

(૨) કેટલાકને આ માર્ગ ઠેરપુરીનો, ખાવું પીવું મોજ કરવો, ભોગ રાગનો આ માર્ગ દેખાય છે. પરંતુ આચાર્યશ્રીના ગ્રન્થોમાં જેવી ત્યાગ ભાવના છે, એવી વાસના સહિતની ત્યાગભાવના કોઈ પણ માર્ગમાં નથી. મુખ્ય અધિકારી માટે શ્રી હરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી કહે છે કે વૈષ્ણવે વાસના સહિત ગૃહનો ત્યાગ કરી શ્રવણ કીર્તન કરવાં. એટલે કે રોજ પ્રભુના સ્વરૂપ, ગુણ અને લીલા ચરિત્ર સાંભળવાં. અને તેનું ભાવન કરવું.

હીનાધિકારી માટે, ગૃહસ્થાશ્રમમાં રહી યથાશક્તિ વર્ણાશ્રમને પાળે. અને સ્વધર્મ એટલે ભગવદ્ધર્મને મુખ્યત્વે આચરે.

(૩) કેટલાકને આજીવિકાને માટે અમુક સમય વેપાર ધંધો પ્રવૃત્તિ કરવાં પડે. તે વખતે પણ ચિત્ત તો માથે બિરાજતા શ્રીનાથજીમાં જ રાખે. અને શ્રવણ. કીર્તન, સેવા નિયમિત કરે.

(૪) જેને વેપાર વિગેરે કરવાની આવશ્યકતા નથી તે. સેવા અને શ્રવણ કીર્તન કરે, પૂજામાર્ગ અને સેવામાર્ગ જુદા છે. પૂજામાર્ગમાં વિભૂતિની ઉપાસના છે. સેવામાં પુરુષોત્તમની સેવા છે.

(૫) પ્રેમ–આસક્તિ અને વ્યસન ક્રમશઃ થાય છે. તેનું કોષ્ટક આ સાથે છે. તે જોવું. અત્યારના ભક્તોમાં પ્રેમ આસક્તિ વ્યસન એમ ત્રણ અવસ્થા થઈ હોઈ તેની સમજવાની ચાવી છે.

પ્રભુનો પ્રેમ બધાના પ્રેમને ભુલાવે. પ્રભુની આસક્તિ ઘર અને

ઘરના માણસોમાં આખા કુટુંબમાં સંબંધી ભાવના જતી રહે છે અને હૃદયમાં રહેલા પ્રભુના ભાવમાં બાધ કરતા હોય એમ લાગે.

ગૃહત્યાગ–ત્યારબાદ વ્યસન દશામાં સર્વને ત્યાગ આપે આપ થઈ જાય છે. આવા ઉચ્ચ કક્ષાના ભકતે હવે ગૃહત્યાગ કરી, ભકિતમાર્ગીય સંન્યાસી થવું. ગૃહત્યાગ ન કરે તો ભાવ શિથિલ થશે માટે ત્યાગ કરી એકાગ્ર મનથી માનસી સેવાભાવના કરતો સુદઢ ભકિત–મહાફલ મેળવે.

કોઇ અધુરા ભકતે ગૃહત્યાગ કરવો નહિ.

આજકાલ સર્વ સ્થળમાં કુસંગ અને અપવિત્ર અન્ન હોવાથી વૈષ્ણવનો રહ્યો સહ્યો ભાવ પણ નાશ પામે છે. હાલમાં આપણા સમ્પ્રદાયમાં આવા મધ્યમવર્ગનો ત્યાગીઓ માટે પવિત્ર પ્રસાદી અન્ન મળે અને સત્સંગ થાય એવી ગોકુળ સિવાય કોઈ સ્થાને એવી સુગમતા નથી. કે વિરકત વૈષ્ણવ શાંતિથી શ્રવણ કીર્તન કરી શકે, માટે આવા મધ્યમકક્ષાના વિરકતે શ્રીનાથજી શ્રીગિરિરાજી, શ્રીગોકુળ અથવા જયાં બેઠકો હોય ત્યાં, સારા ભગવદીયો સાથે સત્સંગ કરવો અને નિર્વાહ માટે પોતાની પાસેથી પ્રબંધ કરવો. આપણા સમ્પ્રદાયમાં નિર્વાહ વ્યવસ્થાની ઉણપ છે.

આ ત્યાગીભકતો પ્રચારમાં અનેક રીતે ઉપયોગી થઈ શકે. પરંતુ તે શ્રી મહાપ્રભુના ગ્રન્થ સાહિત્યને ભણેલા ન હોવાથી તે પ્રચાર કરી શકતા નથી. મર્યાદા માર્ગોમાં મઠ–સંન્યાસીઓ, ત્યાગી, સાધુઓ, વિરકત–બ્રહ્મચારીઓ એમ નિઃસ્વાર્થ પ્રચારકો ઘણા મળે છે. પરંતુ આપણા સમ્પ્રદાયમાં આવા પ્રચારકોનો અત્યંત અભાવ છે. વિરકત વૈષ્ણવો હાલમાં મળતા નથી. ભાડૂતી પ્રચારકોમાં ભાવ હોય તો કંઈક કરી શકે, પણ નિઃસ્વાર્થ પ્રચારક જેટલું કરી શકે એટલું નહિ જ કરી શકે.

હરિસ્થાનમાં રહેવું તેમાં પણ આપણા અને આપણા સંગમાં આવનારના મનમાં અતિપરિચયથી અવજ્ઞા ન થાય એમ રહેવું કેટલાક ગુરુને ઘેર સેવા કરવા વૈષ્ણવ રહે છે. પરંતુ તે

**यथा चित्तं न दुष्यति** તે ભાવને બદલે કુભાવ ન થાય, એવી રીતે રહી શકતા નથી.

સેવા–જે સેવામાં આસક્ત છે, અને શ્રીમહાપ્રભુજીના ગ્રન્થમાં અનન્ય વિદ્વાન છે. સર્વથા તેઓ સંમાનને યોગ્ય છે, સમ્પ્રદાયના ભૂષણરૂપ છે. તેમને ઉત્તમ કક્ષા પ્રભુ આપશે.

કથા–પરંતુ જેઓનાથી સેવા ન બને તેમણે ચિન્તા ન કરવી, શ્રીમહાપ્રભુજીના માર્ગમાં સેવા જેવો જ કથા ભગવલ્લીલા શ્રવણ, કીર્તનનો માર્ગ દર્શાવ્યો છે, તે શ્રીમહાપ્રભુજીમાં અનન્યતા રાખી કેવળ સુબોધિનીજી જેવા અને શ્રીગોકુળનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરૂષોત્તમજી વિગેરેના ગ્રન્થોનું મનન કરી જીવન વ્યતિત કરે તેઓ સ્વરૂપના જ્ઞાન સિવાય સેવા કરનારા કરતાં વધારે આગળ વધી જાય છે; કારણ કે સેવા કરનારામાં સ્વરૂપ ભાવના અને લીલાભાવના કરવા જેટલું સામ્પ્રદાયિક લીલાગ્રન્થનું વાચનજ્ઞાન હોતું નથી. તેથી તે બીચારા પ્રણાલિ પ્રમાણે સેવા કરે પણ આગળ વધી શકતા નથી.

એકાન્તવાસ — શ્રીમહાપ્રભુજીએ પ્રાથમિક કક્ષાના ભજન માટે એકાન્તવાસની મના કરી છે, તેનું કારણ વિચારણીય છે. જે જીવને ઘરમાં ચિત્તોદ્વેગ થાય. ભગવન્મય દૈવી જીવન ગાળવાની અનુકુળતા ન હોય તો તે વખતે ગૃહ તજી એકાન્તમાં રહે. સર્વ સાધનો કરવા એમ વિચાર કરે. વનમાં કે એકાન્તમાં ત્યાગી સન્યાસીની માફક રહેવા જાય તે ઈષ્ટ નથી. જેણે ઘરમાં કામાદિ ધર્મો જીત્યા નથી. તે વનમાં જઈને શું કરવાનો હતો? તેવા એ તો ઘરમાં ખૂબ અષ્ટાક્ષર મંત્રજપ. સર્વોત્તમના હજારો પાઠ, શ્રીકૃષ્ણાશ્રયના હજારો પાઠ અને શ્રીસુબોધિનીજી લીલાગ્રન્થોનું વાંચન કરવું અને નિવેદનનું સ્મરણ કરવું. તેનાથી પ્રભુ રક્ષા કરશેજ. વિશ્વાસ રાખો. **नमे भक्तःप्रणश्यति** આ પ્રમાણે ત્યાગના શિખર ઉપર આ સમ્પ્રદાય રચાયો છે. સિધ્ધાન્તથી અજ્ઞાનજન આ સમ્પ્રદાયને હોરપુરીનો કહે છે તે આવા ગ્રન્થ વાંચે અને સમજે.

## ભક્તિવર્ધિની સમાપ્ત

શ્રીકૃષ્ણ:

# નિરોધલક્ષણ

સંન્યાસનિર્ણયમાં સિદ્ધ કર્યું છે કે ત્યાગી ભક્તને ભાવના માત્રથી સિદ્ધ થયેલો ભાવ જ સાધનરૂપ છે, ત્યાગીઓમાં પ્રથમ અધિકારીએ કરેલો ત્યાગ પ્રભુના વિરહના અનુભવને માટે જ હોય છે, અને વિરહ એ પ્રાકટયના તિરોભાવથી થયેલા તાપરૂપ છે, એવા (વિરહી) અધિકારીને શ્રીકૃષ્ણમાં આસક્તિ હોવાથી ઘરમાં રહેલાં મનુષ્યો બાધક અને અનાત્મરૂપ (પોતાની સાથે સંબંધવિનાના) ભાસે છે, પ્રથમ પ્રપંચની કાંઈક વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસક્તિ થાય છે, અને પછી વ્યસન થાય છે, ત્યારે ભગવાનના ગુણ અને લીલાનું પ્રાધાન્ય છુટી જઈ ભગવાનના સ્વરૂપમાં આસક્તિ થાય છે, અને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ નહિ હોવાથી દીનતા થાય છે, ભગવાનનો પ્રાદુર્ભાવ તો જન્મપ્રકરણમાં કહ્યા પ્રમાણે ભક્તના દુઃખથી જ થાય છે એવું જ્ઞાન હોવાથી દુઃખની ઈચ્છા ઉત્પન્ન થાય છે, એવું દુઃખ અતિશય થય તેજ ભક્તિની વૃધ્ધિરૂપ છે, કેમકે તે સ્થિતિમાં પ્રપંચની વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિ અધિક થાય છે. તેથી ઉપર કહેલા દુઃખની ઈચ્છા અને તેની ભાવના કરવી એ આવા નિરોધનું કાર્યલક્ષણ સમજવું.

પ્રથમ શ્લોકમાં નિરોધનાં કાર્યલક્ષણનું વર્ણન કરવામાં આવે છેઃ

મૂલમ્—यच्च दुःखं यशोदाया नन्दादीनां च गोकुले ॥
गोपिकानां च यद् दुःखं तद् दुःखं स्यान्मम क्वचित् ॥१॥

સાન્વયપદાર્થ.- गोकुले (ગોકુલમાં) यशोदायाः (શ્રીયશોદાને) च (અને) नन्दादीनां (શ્રીનન્દરાયજી વગેરેને) च (અને) यत् (જે) दुःखं (દુઃખ) च (અને) गोपिकानां (શ્રીગોપીજનોને)

यत् (જે) दुःखं (દુઃખ) तत् (તે) दुःखं (દુઃખ) मम (મને) क्वचित् (કંઈક) स्यात् (થાઓ)

શ્લોકાર્થ :–ગોકુલમાં શ્રીયશોદાજીને અને શ્રીનન્દરાયજી વગેરેને (અને તેમના સમ્બન્ધવાળાં બીજાઓને પણ પરમ ફલને આપવાની ઈચ્છાવાળા પ્રભુએ) જે દુઃખ આપ્યું છે, પુનઃ (તેથી પણ ઉત્કૃષ્ટ) જે વિરહતાપ દુઃખ શ્રીગોપીજનોને આપ્યું છે તે દુઃખ મને કોઈક ઠેકાણે થાઓ. (૧)

વિવેચન–શ્રીયશોદા શ્રીનન્દ તથા શ્રીગોપિકાઓ એ ત્રણના દુઃખનું વર્ણન કરેલું છે. તેથી જુદાજુદા ત્રણ પ્રકારના ભાવનું સૂચન કર્યું છે. વળી ઉપર કહેલા ત્રણ પ્રકારના ભાવવાળા ભક્તોના જેવા ભાવવાળા કંસ વગેરેથી દુઃખી થયેલા. કાલથી દુઃખી થયેલા, તથા અજ્ઞાનથી દુઃખી થયેલા ભક્તોનું પણ આ શ્લોકમાં સૂચન કર્યું છે એમ સમજવું. જેમ પ્રાકટ્ય સમયમાં કંસ વગેરે અસુર હતા. તેમ હાલમાં પણ બીજા અસુરો ઘણા હોય છે, તેમ કાલ તથા અજ્ઞાન પણ હોય છે. 'કવચિત્' શબ્દ શ્લોકમાં છેલ્લો છે, તેનો અર્થ 'કોઈક સ્થલમાં' એમ થાય છે. કોઈ ખાસ નિશ્ચિત સ્થલ નથી કહ્યું, તેથી ભગવદ્‌ભાવવાળા જુદા જુદા દેશોમાં પર્યટન કરે છે એમ સૂચન થાય છે. તેથી એવા અધિકારીનું ત્યાગીપણું જણાઈ આવે છે. એમ આગળ પણ સમજી લેવું.

ભાવના એમ છે કે જે ભક્તો પ્રભુના બાલભાવમાં આસક્ત છે, જે ભક્તો પ્રભુના કિશોરભાવમાં આસક્ત છે, તથા જે ભક્તો પ્રૌઢભાવમાં આસક્ત છે તે સર્વેનું દુઃખ જોઈને તે દુઃખનું નિવારણ કરવાને તેવા તેવા બાલ કિશોર તથા પ્રૌઢ રૂપથી ભગવાન તે તે ભાવને અનુસાર સુખ આપવાને પ્રકટ થાય છે. માટે ભગવાનના પ્રકટ થવામાં એવું દુઃખ જ સાધનરૂપ છે, તેથી એવા ભક્તના હૃદયમાં એવા દુઃખની ઈચ્છા ઉત્પન્ન કરનાર પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ

તેજ શ્રીકૃષ્ણને વિષે વ્યસનનું ફલ છે. તેથી એવા દુઃખની ઈચ્છારૂપ નિરોધ એજ ત્યાગી ભકતોમાં પ્રથમ (હીન) અધિકારીનું ભકિતની વૃદ્ધિનું લક્ષણ સમજવું ॥૧॥

હવે મધ્યમ અધિકારી જે ત્યાગ કરે છે તે વિરહમાં આસકિતભ્રમન્યાયપ્રમાણે ભગવાનના અનુભવને માટે છે તેવા અધિકારીની ભકિતની વૃધ્ધિનું સ્વરૂપ અને નિરોધનું લક્ષણ દર્શાવે છે.

मूलम्–गोकुले गोपिकानां तु सर्वेषां व्रजवासिनाम्
यत्सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति ।२॥

સાન્વયપદાર્થ – गोकुले (શ્રીગોકુલમાં) गोपिकानां (શ્રીગોપીજનોને) तु (વળી) सर्वेषां (સર્વે) व्रजवासिनां (વ્રજમાં રહેનારાઓને) यत् (જે સુખ) समभूत् (સારી રીતે થયું) तत् (તે સુખ) मे (મારા) भगवान् (ભગવાન) किम् (કેમ) विधास्यति (કરશે ?) (૨)

શ્લોકાર્થ–વળી શ્રીગોકુલમાં શ્રીગોપીજનોને અને સર્વે વ્રજવાસીઓને જે સુખ થયું તે સુખ મારા ભગવાન શું મને આપશે ? (૨)

વિવેચન–શ્લોકમાં 'તું' શબ્દ મૂકયો છે તે ઉપલા શ્લોકમાં જે નિરોધનું લક્ષણ કહ્યું, તેનાથી ભિન્નતા દર્શાવવાને માટે છે. આ ભકત અત્યંત વિપ્રયોગથી દુઃખી છે અને રસપ્રધાન છે તેથી પ્રભુપ્રાકટયથી થતી અત્યન્ત આસકિત રૂપ ભકિત છે તેથી કોઈ પણ પ્રકારે પ્રભુના દર્શનથી જે સુખ થાય તેની આકાંક્ષા છે. ભકિતની વૃધ્ધિરૂપ નિરોધનું આ લક્ષણ છે અને એ અર્થ સમજાવવાને શ્લોકમાં પહેલાં 'ગોપિકા' પદ મૂકયું છે. બીજાઓને શ્રીગોપિકાઓના જેવા સર્વાત્મભાવ પ્રાપ્ત થયો ન હતો, તે કારણથી ' સર્વે વ્રજવાસી ' શબ્દો પાછળ મૂકયા છે.

## ઉત્તમ અધિકારી :

એવા ભક્તને ભગવાનના સાક્ષાત્કાર પછી જ્યારે વ્રજવાસીઓની માફક પાછળથી વિરહ થાય છે ત્યારે તેને પ્રથમ અનુભવેલા લીલાસુખ વગેરેનું સ્મરણ થાય છે, અને આ વિરહસમયે તે લીલા વગેરેથી મિશ્રિત સુખ અનુભવ થાય છે. તે વખતે પોતાને ભગવાનનું સ્મરણ કરાવનાર જે નિરોધ તે તેની ભક્તિ છે, તેથી એવા ભક્તને પોતામાં એવા નિરોધને દર્શાવનાર લક્ષણ કહે છે :

મૂલમ્—उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।
वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित् ॥३॥

સાન્વય પદાર્થ :- वृन्दावने (શ્રી વૃન્દાવનમાં) वा (અથવા) गोकुले (શ્રી ગોકુળમાં) उद्धवागमने (ઉદ્ધવજી પધાર્યા ત્યારે) यथा (જેવો) सुमहान् (અત્યન્ત મોટો) उत्सवः (ઉત્સવ) जातः (થયો) तथा (તેવો) मे (મારા) मनसि (મનમાં) क्वचित् (કોઈક-વાર થાઓ) (૩)

શ્લોકાર્થ–શ્રીવૃન્દાવનમાં અને શ્રીગોકુલમાં ઉધ્ધવજી પધાર્યા ત્યારે જેવો મોટો ઉત્સવ થયો તેવો મારા મનમાં કોઈક વાર થાઓ.

વિવેચન–જેમ પ્રથમ શ્લોકમાં ‘ સ્યાત્ ’ શબ્દ છે, તેમ આ શ્લોકમાં પણ સમજી લેવો. એટલે ઉદ્ધવજીના પધારવાથી જેમ પ્રભુનું સ્મરણ ઉત્સવ વગેરે થઈ રહ્યાં હતાં, તેવાં સ્મરણ ઉત્સવ વગેરેની ઈચ્છા થવી એ જ ભક્તિવૃદ્ધિને દર્શાવનાર નિરોધનું લક્ષણ છે, તેથી ઉપર કહેલાં ભાવની આકાંક્ષા શ્રીવ્રજનાથના સ્વરૂપમાં આસક્ત ભક્તોને જ થાય છે, તેમજ શ્રીવ્રજનાથના સ્વરૂપમાં આસકત ભક્તો જ ભગવાનના પરમ અનુગ્રહવાળા હોય છે. ત્રીજા શ્લોકમાં “ વૃન્દાવન ” પદ મૂક્યું છે તે અનુગ્રહવાળા ભક્તોમાં પણ અધિક્તા સૂચવે છે. તેથી આ વા પુષ્ટિમાર્ગ વિષે જ આ વિચાર છે, સર્વ સામાન્ય વર્ગ વિષે આ વિચાર નથી.

આચા શ્રીગોપેશજીના મત પ્રમાણે શ્રીસુબોધિનીજી વગેરેમાં વર્ણવેલો નિરોધ મને થાઓ એમ સૂચવનાર મનોરથ આ ત્રણ શ્લોકમાં છે. શ્રીહરિરાયજીના મત પ્રમાણે નિરોધના નિમિત્તકારણભૂત ભાવના અને ગુણગાનમાં પ્રથમ ભાવનાનું નિરૂપણ આ ત્રણ શ્લોકમાં કર્યું છે, એ ભાવના બહુ દુર્લભ છે એમ બોધ કરવાને શ્રીમદાચાર્યચરણે પ્રાર્થના રૂપે તેનું વર્ણન કર્યું છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે મારા મત પ્રમાણે આ ત્રણ આશંસા ભકિતની વૃધ્ધિ દર્શાવનાર લક્ષણ તરીકે કહેલી છે, તેથી ઉપલા બે મતોથી એટલો ભેદ સમજવો. (૩)

હવે જે ભકતો ત્યાગી છે અને ઉપર કહેલા ભાવનાવાળા ભકતો કરતાં ઉત્તમ છે, અને પ્રભુના ગુણગાનમાં આસકત છે તેમની ભકિતની વૃધ્ધિરૂપ નિરોધ કેવો હોય તેનું જ્ઞાન કરાવનાર કાર્યલક્ષણ ત્રણ શ્લોકથી કહે છે. તેમાં પ્રથમ ગુણગાન કરનારા ભકતોમાં જે હીન અધિકારીઓ હોય તેઓમાં એ નિરોધ કેવા પ્રકારનો હોય છે તે દર્શાવનાર લક્ષણ કહે છે :–

**मूलम्–महतां कृपया यावद्भगवान् दययिष्यति ।**
**तावदानन्दसन्दोहः कीर्त्यमानः सुखाय हि ॥४॥**

**સાન્વયપદાર્થ—महतां** (મોટાઓની) **कृपया** (કૃપાથી) **यावत्** (જ્યાંસુધી) **भगवान्** (ભગવાન) **दययिष्यति** (દયા કરશે.) **तावत्** (ત્યાં સુધી) **कीर्त्यमानः** (જેનું કીર્તન કરવામાં આવે છે તે) **आनन्दसन्दोहः** ( આનંદનો સમુદાય ) **हि** (નિશ્ચય) **सुखाय** (સુખ આપે છે.) (૪)

શ્લોકાર્થ–મોટાઓની કૃપાથી જ્યારે ભગવાન દયા કરશે ( ફલદાન કરશે) ત્યાં સુધી જેનું કીર્તન કરીએ છીએ એવા આનંદના સમૂહરૂપ પ્રભુ નિશ્ચય સુખરૂપ થાય છે. (૪)

**વિવેચન**–એ પ્રમાણે ગુણગાન કરનાર ભકતની પૂર્વદશા કરતાં અધિકતા અને ગુણગાનમાં આસકિત મોટાઓની કૃપાથી થાય છે.

તેવો નિરોધ પોતાને પ્રાપ્ત થતાં તે દર્શાવનાર લક્ષણ કહે છે.

महतां कृपया यद्वत् कीर्तनं सुखदं सदा ।
न तथा लौकिकानां तु स्निग्धभोजनरूक्षवत् ॥ ६ ॥

સાન્વયપદાર્થ:- यद्वत् (જેવી રીતે) महतां (મોટાઓની) कृपया (કૃપાથી) कीर्तनम् (ભકતોએ કરેલું લીલાવિષયક ભગવદ્ગુણોનું કીર્તન) सदा (હંમેશાં) सुखदम् (સુખ આપનાર થાય છે) तथा (તેવી) लौकिकानां (લૌકિક પુરૂષકૃત કીર્તન तु (તો) न (સુખ આપતું નથી) स्निग्धभोजनरूक्षवत् (ઘીવાળા ભોજન કરનારને જેમ લુખું ભોજન સુખ આપનું નથી, તેમ)

શ્લોકાર્થ :—જેવી રીતે મોટાઓની કૃપાથી ભકતોએ કરેલું પ્રભુની લીલા નું કીર્તન સદા સુખ આપે છે, તેમ લૌકિક જનોએ કરેલું લૌકિક વિષયનું કીર્તન સુખ આપતું નથી; જેમ કે જે પુરૂષે ઘીવાળું ભોજન કરેલું છે તેને લુખું ભોજન આનંદ આપતું નથી તેમ, (૫)

વિવેચન-મોટા એટલે ઉપર કહયા પ્રમાણે વ્રજભકતોની કૃપા વિનનું કીર્તન લૌકિક ભકતે કરેલું લૌકિક વિષયોનું કીર્તન સુખ આપતું નથી. દષ્ટાન્ત કહે છે કે ઘીવાળા ભોજન કરનારને જેમ લુખું ભોજન આનન્દ આપતું નથી તે પ્રમાણે લૌકિક જનોએ કરેલું લૌકિક વિષયનું કીર્તન સુખ આપતું નથી, અને ભકતોએ કરેલું અલૌકિક વિષયનું કીર્તન સુખ આપે છે. હર્ષથી રૂવાંટી ઉભી ન થાય, ચિત્ત દ્રવે નહિ, આનન્દના અશ્રુની ધારા વહે નહિ, ભકિતથી શ્રવણુથાય નહિ, ત્યાં સુધી હૃદય કેમ શુધ્ધ થાય?' એ શ્લોકમાં કહેલા ધર્મોથી આ સુખનો અનુભવ થાય છે, આવા સુખનો કીર્તનમાં અનુભવ થવો તે જ પૂર્વે કહેલા નિરોધ કરતાં ઉત્કૃષ્ટ નિરોધ દર્શાવનાર લક્ષણ સમજવું. (૫)

હવે એના કરતાં પણ વધારે ઉત્કૃષ્ટ અધિકાર પ્રાપ્ત થતાં પૂર્વ કરતાં અધિક નિરોધ પોતાને પ્રાપ્ત થયો છે તે દર્શાવનાર લક્ષણ કહે છે :—

मूलम्-गुणगाने सुखावाप्तिर्गोविन्दस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ॥ ६ ॥

સાન્વયપદાર્થ :-गोविन्दस्य (ભગવાનના) गुणगाने (ગુણોનું ગાન કરવામાં) यथा (જેવી રીતે) सुखावाप्तिः (સુખ થાય છે) तथा (તેવી રીતે) शुकादीनां (શ્રીશુકદેવજી વિગેરેના) आत्मनि (હૃદયને વિષે) न (થતી નથી) अन्यतः (જ્ઞાન અને ભક્તિ વિનાના બીજાથી) कुतः (ક્યાંથી થાય ?)

શ્લોકાર્થ:—મોટાઓની કૃપાથી ગોવિન્દના ગુણગાનમાં જે સુખની પ્રાપ્તિ થાય છે, તે શ્રીશુકદેવજી વગેરેના હૃદયમાં પણ થતી નથી. તો બીજી કોઈ રીતે તો ક્યાંથી જ થાય ?

વિવેચન--મોટાઓની કૃપાથી ગોવિન્દના ગુણગાનમાં એટલે રાગને અનુસાર ભગવદ્ગુણોવાળા શબ્દો અને વાક્યોના કીર્તનમાં જેવી અતિશય સુખની પ્રાપ્તિ થાય છે, તેવી શુકદેવજી વગેરે જ્ઞાની ભક્તોના હૃદયમાં થતી નથી, તો બીજે કોઈ પ્રકારે તો ક્યાંથી જ થાય ? જ્ઞાન અને ભક્તિ (એ બન્ને શુકદેવજીમાં છે) એ બેથી ન થાય તો તે વિનાના બીજા કોઈ માણસથી તો ક્યાંથી જ થાય ? એ પ્રમાણે ભગવાનના ગુણગાનથી એવા સુખની પ્રાપ્તિ થવી એ પહેલાના કરતાં ઉત્કૃષ્ટ નિરોધ દર્શાવનાર લક્ષણ સમજવું. એ પ્રમાણે ત્યાગીઓમાં જે કીર્તન કરનારાઓ અને ગુણગાન કરનારાઓ છે, તે બન્નેમાં મોટાઓની એટલે વ્રજભક્તોની કૃપાવાળો ઉચ્ચ ભક્ત છે એમ સૂચવ્યું. (૬)

એ કૃપા અને તેના પરિણામરૂપ ગુણકીર્તનથી થતું સુખ કેમ પ્રાપ્ત થાય ? તેમાં ભગવાનની કૃપા જ હેતુરૂપ છે એમ પ્રકારભેદથી કહે છે :-

मूलम्-क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्।
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ।७।

સાન્વયપદાર્થ : क्लिश्यमानान् પોતાની પ્રાપ્તિ માટે ક્લેશ પામતા) जनान् (ભક્તજનોને) दृष्ट्वा (જોઈને) यदा (જ્યારે) कृपायुक्तः (કૃપાવાળા) भवेत् (થાય) तदा (ત્યારે) हृदिस्थं (હૃદયમાં રહેલા) सर्वं (સર્વાંશસંપૂર્ણ) सदानन्दम् (પરબ્રહ્મ શ્રીકૃષ્ણ) बहिः (બહાર) निर्गतम् (પ્રકટ થાય).

શ્લોકાર્થ :-પોતાની પ્રાપ્તિને માટે નિજ જનને વિરહ ક્લેશ પામતા જોઈ પ્રભુ દયાવંત થાય ત્યારે હૃદયમાં રહેલા સર્વાંશ સંપૂર્ણ યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ પરમાત્મા બહાર પ્રકટ થાય છે. (૭)

વિવેચન : જનાન્ એટલે જન્મધર્મવાળા નિજ જનને પ્રભુ માટે વિરહથી દુઃખી થતા જોઈ જ્યારે પ્રભુ બહુ અનુગ્રહ કરે છે, ત્યારે હૃદયમાં રહેલા સર્વ સદાનન્દ પ્રભુ બહાર પ્રકટ થાય છે. પહેલી પંક્તિમાં ‘ભવેત્’ શબ્દ છે તે બીજી પંક્તિમાં પણ યોજી લેવો. ‘अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन् यदन्तस्तदन्वेष्टव्यं तद्वावविजिज्ञासितव्यम्।’

અર્થ :-આ બ્રહ્મપુરમાં સૂક્ષ્મ કમલરૂપી ઘર છે. તેમાં સૂક્ષ્મ અંતરાકાશ છે. તેની અંદર જે છે, તેની શોધ કરવી જોઈએ. તેની જિજ્ઞાસા કરવી જોઈએ.

અહીં એમ શંકા થાય છે કે જીવની શોધ કરવાનો વિચાર થાય છે કે બ્રહ્મ? જીવ બ્રહ્મ છે? તેની શોધ કરવી? કે જીવથી જુદો કોઈ બ્રહ્મ છે તેની શોધ કરવી? અણુભાષ્યના પ્રથમ અધ્યાયના ત્રીજા પાદમાં પાંચમાં અધિકરણમાં આ વિષયનો નિશ્ચય કર્યો છે-દહર (સૂક્ષ્મ) બ્રહ્મ છે કેમકે એ પાઠકમાં બ્રહ્મમાં જવાનું કહ્યું છે.

---

સેતુર્વિધૃતિરેષાં લોકાનામસમ્ભેદાય' અર્થ-જે આત્મા છે તે સેતુ છે, આ લોકનો ધારણકર્તા, વગેરે શબ્દો પણ જીવને લાગુ પડે નહિ. એ પ્રકરણમાં કહેલાં સર્વ ધર્મ બ્રહ્મમાંજ પ્રસિદ્ધ છે.

આ સર્વ કારણોને લીધે ' દહર ' ( સૂક્ષ્મ ) બ્રહ્મ છે. આ દહરવિદ્યા કહેવાય છે. ( છાન્દોગ્ય ઉપનિષદ )

કીર્તન કરનારા ભક્તો પર ભગવાનની કૃપા થતાં ભાવનાની પ્રબલતાથી દહર વિદ્યામાં કહેલા સર્વની અંદર રહેલા પ્રભુનું પ્રાકટ્ય થાય છે. તેજ સમયે સાથે સાથે વ્રજભક્તો પણ પ્રકટ થાય છે. ત્યારે તેમની કૃપાથી એ નિરોધફલ આપે છે. માટે આ પણ ફલ આપનાર નિરોધનું લક્ષણ છે. (૩)

હવે કીર્તન કરનારાઓમાં એથી પણ વિશેષતાનું વર્ણન કરે છેઃ

મૂલમ્-સર્વાનન્દમયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ ।
હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ॥૮॥

સાન્વયપદાર્થ-સર્વાનન્દમયસ્ય (સર્વઆનંદ પ્રચુર પ્રભુનો) અપિ (પણ) કૃપાનન્દઃ (કૃપારૂપી આનંદ) સુદુર્લભઃ (અત્યંત દુર્લભ છે ) હૃદ્ગતઃ ( હૃદયમાં રહેલા પ્રભુ ) સ્વગુણાન્ ( પોતાના ગુણો ) શ્રુત્વા ( સાંભળીને ) પૂર્ણઃ ( કૃપાપૂર્ણ થઈ ને ) જનાન્ ભક્તજનોને પ્લાવતે ( રસથી પૂર્ણ કરે છે (રસમાં ભીંજાવે છે.) (૮)

શ્લોકાર્થ-સર્વ આનન્દપ્રચુર પ્રભુનો પણ કૃપારૂપી આનન્દ અત્યન્ત દુર્લભ છે. હૃદયમાં રહેલા પ્રભુ પોતાના ગુણો ગવાતા શ્રવણ કરીને કૃપાથી પૂર્ણ થઈને નિજ ભક્તજનોને રસથી પૂર્ણ કરે છે. (રસમાં પૂર્ણ ભીજવી દે છે)

વિવેચન-ઉપર કહેલ રીતે સર્વ સદાનન્દરૂપ પ્રભુ બહાર પ્રકટ થતાં સદાનન્દતા ભક્ત પ્રાપ્ત થાય છે. પરંતુ સર્વાનન્દઘનરૂપ

પ્રભુનો જે કૃપાનન્દ તે પ્રાપ્ત થતો નથી. પ્રભુની કૃપાથી મળતો આનંદ તો બહુ જ દુર્લભ છે. કેમકે તે તો ભગવાન દાન કરે ત્યારે જ મળે. એ વાત બીજી પંકિતમાં સ્પષ્ટ કહી છે. હૃદયમાં રહેલા ભગવાન પોતાના ગુણોના કીર્તન સાંભળીને 'પૂર્ણ' એટલે બહુ પ્રકારે ભકતમાં પ્રવેશ કરીને અથવા પૂર્ણ એટલે કૃપાથી પૂર્ણ થઈને નિજજનને અંદર અને બહાર આનંદરસથી વ્યાપ્ત કરે છે. ભકતજનમાં ભગવાનની કૃપાથી જે ભગવદાનંદ પ્રગટ થાય છે તેનાથીજ એ કીર્તન થઈ શકે છે, ભગવદાનંદ પ્રકટ થયા વિના એ કીર્તન થઈ શકતાં નથી. માટેજ એ અતિદુર્લભ છે, અને તેથી જ એ ફલાત્મક નિરોધનું લક્ષણ છે. એ પ્રમાણે ભકિતવૃદ્ધિનું સ્વરૂપ અહીં સમ્પૂર્ણ થાય છે. એ પ્રમાણે મુખ્ય અધિકારીઓની વ્યવસ્થા કરવામાં આવી, આથી ભગવત્કૃપા આપણાપર કેટલી થઈ તેની પરીક્ષા કરવાનો પ્રકાર બતાવ્યો. (૮)

એ પ્રમાણે જુદા જુદા પ્રકારના નિરોધનાં લક્ષણો બતાવીને નિરોધના સાધનનો ઉપદેશ કરે છે :–

**मूलम्-तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।**
**सदानन्दपरैर्गेयाः सच्चिदानन्दता स्वतः ।९॥**

**સાન્વયપદાર્થ — तस्मात्** ( ભાવના કરતાં ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે તેથી ) **सर्वं** (સર્વને) **परित्यज्य** ( છોડીને ) **निरुद्धैः** ( પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસકિતયુકત થયેલા ભકતને) **सदानन्दपरैः** (હૃદયમાં રહેલી લીલાસૃષ્ટિમાં એકતાન થઈને) **सर्वदा** (સર્વદા) **गुणाः** (પ્રભુના ગુણો) **गेयाः** (ગાવા) **सच्चिदानन्दता** (અક્ષરબ્રહ્મતા) **स्वतः** એની મેળે જ થાય.

**શ્લોકાર્થ**- ભાવના કરતાં ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે, તેથી સર્વનો પરિત્યાગ કરીને પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસકિતવાળા ભકતે, હૃદયમાં રહેલી લીલાસૃષ્ટિમાં એકતાન

થઈને સર્વદા પ્રભુના ગુણોનું ગાન કર્યા કરવું. તેથી એની મેળે જ [ સચ્ચિદાનન્દનપણું થાય છે. ]

વિવેચન-ભાવના કરતાં પણ ભગવાન ગુણગાનથી અધિક પ્રસન્ન થાય છે, તેથી માર્ગની રીત પ્રમાણે પ્રેમથી સર્વ ગૃહાદિકનો વાસના સહિત ત્યાગ કરીને પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસક્તિ રાખીને હૃદયમાં રહેલી લીલાસૃષ્ટિમાં એકતાન થઈને સર્વદ એટલે દરેક ક્ષણે ભગવાનના ગુણગાન કર્યા કરવું. એમ કરવાથી અવાંતર ફળ [ વચમાં મળતું ફળ ] મળે છે. ગુણગાનથી મળે છે. બીજા કોઈ પણ સાધનની અપેક્ષા વિના એની મેળે અક્ષરબ્રહ્મતા પ્રાપ્ત થાય છે. "स्वतः" ને બદલે "तत." પાઠ હોય તો ततः એટલે ગુનગાનથી જ એમ અર્થ કરવો. આથી ગુણગાન કરનાર ભક્તને પોતાની અવસ્થાની પરીક્ષા કરવાનો પ્રકાર બતાવ્યો. સિદ્ધાન્તમુક્તાવલિ ગ્રન્થમાં "ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्" એટલે સંસારના દુઃખની નિવૃત્તિ અને બ્રહ્મબોધ થાય છે એમ જે અવાન્તર [ વચમાંનું ] ફળ કહ્યું તે આવા ભક્તને જ થાય છે. (૯)

એ પ્રમાણે ત્યાગીઓમાં મુખ્ય અધિકારીઓને નિરોધની સિધ્ધિનું સ્વરૂપ કહ્યું. હવે એ વિષયમાં આગળ જે સિધ્ધ કરવાનું છે. તેમાં પોતાના અનુભવનું પ્રમાણ આપે છે, અને તે વર્ણન કરવાનું પ્રયોજન કહે છે :—

मूलम् अहं निरूद्धो रोधेन निरोधपदवीं गतः ।
निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि तम् ॥ १० ॥

સાન્વયપદાર્થ-रोधेन (સંસારાવેશ રહિત થઈને ઈન્દ્રિય-નિગ્રહ કરીને) अहं (હું) निरूद्धः (ભગવદાસક્ત થયો છું) निरोधपदवीं (નિરોધના માર્ગને) गतः (પ્રાપ્ત થયો છું) निरुद्धानां (સંસારમાં નિરોધ પામેલા ભક્તોના ) रोधाय (નિરોધને મટે માટે) (તે) निरोधं (નિરોધ) ને वर्णयामि (વર્ણન કરૂં છું)

શ્લોકાર્થ—સંસારાવેશરહિત થઈને ઇંદ્રિયનિગ્રહ કરીને હું ભગવદાસક્ત થયો છું, અને નિરોધના માર્ગને પ્રાપ્ત થયો છું, અને સંસારમાં નિરોધ પામેલા ભક્તોના નિરોધને માટે તે નિરોધનું વર્ણન કરું છું. [૧૦]

વિવેચન—હું ( શ્રીમદ્વલ્લભાચાર્ય ) ભગવાનમાં આસક્ત છું, સંસારાવેશરહિત હોવાથી ઇંદ્રિયનિગ્રહથી નિરોધમાર્ગને પ્રાપ્ત થયેલો છું. નિરોધની ઈચ્છાવાળાઓનો સંસારાવેશથી રહિત કરવાને માટે અહીં નિરોધનું વર્ણન કરૂં છું. એ વર્ણન કરવાનું બીજું કાંઈ પ્રયોજન નથી. કોઈ કૃપાપાત્ર ભક્તજનની ભક્તિવૃદ્ધિ કેમ થાય વગેરે પ્રશ્ન શ્રીમદાચાર્યચરણને કરે છે તેને પોતે કહે છે કે તારે માટે, તને નિરોધ પ્રાપ્ત થાય તે માટે આ વર્ણન કરૂં છું. (૧૦)

એ પ્રમાણે મધ્યમ અધિકારી વગેરેને માટે નિરોધના વર્ણનની પ્રતિજ્ઞા કરીને તેનું વર્ણન કરતાં એવા ભક્તોને ઉપયોગી નિરોધનું સ્વરૂપ કહે છે.

**मूलम्–हरिणा ये विनिर्मुक्तास्ते मग्ना भवसागरे ।**
**ये निरूद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ॥११॥**

સાન્વયપદાર્થ—**हरिणा** (દુઃખ હરણ કરનાર શ્રીહરિએ) **ये** (જે) **विनिर्मुक्ताः** (વિશેષ કરીને ત્યાગ કર્યો છે) **ते** (તેઓ) **भवसागरे** (ભવસાગરમાં) **मग्नाः** (ડૂબી ગયા છે). **ये** (જે) **निरूद्धाः** (ભગવાનમાં નિરોધ પામ્યા છે તેઓ) **एव** (જ) **अत्र** (અહીં, ગુણગાનમાં) **अहर्निशम्** (રાત્રિદિવસ) **मोदं** (આનંદ) **आयान्ति** (પ્રાપ્ત થાય છે.) (૧૧)

શ્લોકાર્થ—દુઃખ દૂર કરનાર શ્રીહરિએ જેમનો ત્યાગ કર્યો છે, તેઓ ભવસાગરમાં ડૂબી ગયા છે. જેઓ ભગવાનમાં નિરોધ પામ્યા છે, તેઓ જ ગુણગાનમાં રાત્રિદિવસ આનંદ પ્રાપ્ત કરે છે. (૧૧)

**विनिर्मुक्ताः** એટલે બહિર્મુખોનો ત્યાગ કર્યો છે, નિજ જન તરીકે ગુણગાનમાં અને ભાવનામાં અંગીકાર કર્યો નથી. સંસારાવેશ થવો તે ભગવાને અંગીકાર કર્યો નથી, એમ દર્શાવનાર લક્ષણ છે. સંસારાવેશથી રહિત ભકતોને ગુણગાન અને ભાવભાવનામાં અહર્નિશ આનન્દની પ્રાપ્તિ થવી, તે નિરોધ પામેલા ભકતનું સામાન્ય લક્ષણ છે.

એ પ્રમાણે એ નિરોધના લક્ષણનું નિરૂપણ કરીને ભાવભાવના કરનાર ભકત કરતાં ગુણગાન કરનાર ભકતની વિશેષતા કહે છે।—

**मूलम्—गुणेष्वाविष्टचित्तानां सर्वदा मुरवैरिणः ।**
**संसारविरहक्लेशौ न स्यातां हरिवत्सुखम् ॥१२॥**

**સાન્વયપદાર્થ**—**मुरवैरिणः** (મુર નામના દૈત્યના શત્રુ ભગવાનના) **गुणेषु** (શ્રી ગોવર્ધનધારણ વગેરે ગુણોમ) **सर्वदा** (સર્વ વખતે) **आविष्टचित्तानां** (જેમનું ચિત્ત એકતાન થયું છે એવા ભકતોને **संसारविरहक्लेशौ** (અહન્તામમતાત્મક સંસાર અને પ્રભુના વિરહથી થતો કલેશ) **न** (નહિ) **स्याताम्** (થાય) **हरिवत्** (પ્રભુની માફક) **सुखम्** (સુખ થાય).

**શ્લોકાર્થ**:—મુરદૈત્યના વૈરી પ્રભુના ગુણોમાં જેમનું ચિત્ત સર્વદા આસકત છે એવા ભકતોને સંસાર અને પ્રભુના વિરહથી કલેશ થતાં નથી, પણ પ્રભુની માફક સુખ થાય છે.

**વિવેચન**—મુરદૈત્યના શત્રુ એટલે જડદોષ નિવૃત્ત કરનાર પ્રભુના શ્રી ગોવર્ધનોદ્ધરણ વગેરે ગુણોમાં સર્વદા આસકત ચિત્તવાળાને અહન્તામમતાત્મક સંસાર તથા વિરહકલેશ થતા નથી. ભાવભાવના કરનારા ભકતોને દુઃખની આશંસા હોવાથી, સુખની આકાંક્ષા હોવાથી, અને ભગવાન અમારૂં સ્મરણ કરે, એવી આકાંક્ષા હોવાથી વિરહથી થતું દુઃખ વિશેષ થાય છે, તેથી જ તેમનો જલદી લય થાય છે, ગુણ ગાનારા ભકતોને તો સંસારવેશનો

અભાવ હોવાથી લૌકિક દુઃખ થતું નથી, પ્રભુના વિરહની સ્ફુર્તિ થતાં અંતર્નિષ્ઠા થાય છે. અને બહાર પ્રભુનો અનુભવ થતાં ગુણગાન થાય છે. તેથી ભગવાનની માફક સુખ થાય છે. (૧૨)

એ પ્રમાણે ભાવના કરનાર ભક્તો અને ગુણગાન કરનાર ભક્તોમાં ભેદ દર્શાવ્યો, હવે ગુણગાનમાં કૃપા એજ મુખ્ય હેતુ છે તે દર્શાવે છે, અને મધ્યમ અધિકારમાં હેતુ અને વ્યવસ્થાનું વર્ણન કરે છેઃ-

मूलम्-तदा भवेत्दयालुत्वमन्यथाऽक्रूरता मता ।
बाधशङ्कापि नास्त्यत्र तद्ध्यासोऽपि सिद्धयति ॥१३॥

સાન્વયપદાર્થ: तदा ( ઉપર કહ્યા પ્રમાણે થાય ત્યારે ) दयालुत्वं ( દયા સમજવી ) अन्यथाः ( એમ ન થાય ત્યારે ચિત્તમાં પ્રભુના ગુણોનો આવેશ ન થાય તો ) अक्रूरता ( અઘાતકતા-ભક્તિમાર્ગમાંથી પડે નહીં એટલો હેતુ ) मता ( સમજાય ) अत्र (અહી-અક્રૂરતામાં) बाधशङ्का ( નિરોધમાંથી પડવાની શંકા ) अपि (પણ) न (નહિ) अस्ति (છે) तद्ध्यासः ( ભગવદાસક્તિ ) सिद्ध्यति (સિદ્ધ થાય છે.)

શ્લોકાર્થ-ઉપર કહયા પ્રમાણે થાય ત્યારે પ્રભુની કૃપા સમજવી. તેમ ન થાય તો ( પ્રભુના ગુણોમાં ચિત્તનો આવેશ ન થાય તો ) ભક્તિ માર્ગથી યાતના નહિ જ થાય. એટલી જ કૃપા માનવી. કોઈ પ્રકારના બાધની શંકા કરવી નહિ. એમાં ભગવાનમાં અધ્યાસ સિદ્ધ થાય છે. (૧૩)

હવે મધ્યમાધિકારીની વ્યવસ્થા કહે છે:-અન્યથા એટલે પ્રભુના ગુણગાનમાં ચિત્તનો આવેશ ન થાય તો ભગવાનની અક્રૂરતા એટલે તે ભક્ત ભક્તિમાર્ગનાથી પડતો નથી. આ ભક્તમાં સંસારના આવેશનો અભાવ છે. તેમજ ભગવાનના ગુણોમાં ચિત્તનો આવેશ નથી અભાવ છે, અને તેથીજ મધ્યમ અધિકાર સમજવો. આ સર્વાત્મભાવના પ્રાકટયવાળી મધ્યમ અધિકારીની

વ્યવસ્થા સમજવી. આ સર્વાત્મભાવનું પ્રાકટ્ય નિરોધનું લક્ષણ સમજવું. ભક્તિવર્ધિની ગ્રન્થમાં 'बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात्' 'બીજભાવ દઢ થવાથી, ત્યાગથી અને શ્રવણ કીર્તનથી ભક્તિવૃદ્ધિ થાય છે' એમાં જે ભક્તિવૃદ્ધિનાં સાધન કહ્યાં તેના ફળનું આ શ્લોકમાં વર્ણન થયું. (૧૩)

હવે જે ભક્તનો બીજભાવ દઢ નથી અને જે ભક્ત पूजया श्रवणादिभिः વગેરેથી બીજભાવ દઢ કરવા પ્રયત્ન કરતો હોય તેવા ભક્તને સંસારાવેશ હોવાથી એવા ભક્તની સેવા આધિદૈવિકી થાય તે માટે પ્રથમ ઉદ્વેગને દૂર કરનાર સર્વવસ્તુ સમર્પણરૂપ સાધન કહે છે:-

मूलम्-संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।
कृष्णस्य सर्ववस्तुनि भूम्न ईशस्य योजयेत् ॥१४॥
भगवद्धर्मसामर्थ्याद्विरागो विषये स्थिरः ।
गुणैर्हरिसुखस्पर्शान्न दुःखं भाति कर्हिचित् ॥१५॥
एवं ज्ञात्वा ज्ञानमार्गादुत्कर्षं गुणवर्णने ।
अमत्सरैरलुब्धैश्च वर्णनीयाः सदा गुणाः ॥१६॥

સાન્વયપદાર્થ:-संसारावेशदुष्टानाम् ( સંસાર આવેશથી દુષ્ટ થયેલી ) इन्द्रियाणां ( ઇન્દ્રિયોના ) हिताय ( હિતને માટે ) ईशस्य (સર્વ ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર ઈશ્વર) भूम्नः (સર્વત્ર વ્યાપક) कृष्णस्य (પુરૂષોત્તમને વિષે) सर्ववस्तुनि (સર્વ વસ્તુઓ) वै (નિશ્ચયથી) योजयेत् (જોડવી) ॥ ૧૪ ॥

भगवद्धर्मसामर्थ्यात् ( ભગવાનના ધર્મોના સામર્થ્યથી ) विषये (વિષયમાં) विरागः (વૈરાગ્ય) स्थिरः ( સ્થિર થાય છે. ) गुणैः (પ્રભુના ગુણગાનથી) हरिसुखस्पर्शात् ( પ્રભુના સુખનો સ્પર્શ થવાથી ) दुःखं (દુઃખ) कर्हिचित् ( કોઈ પણ સમયે ) न (નથી) भाति (ભાન થતું.) ॥ ૧૫ ॥

**एवं** ( એ પ્રમાણે ) **ज्ञानमार्गात्** ( જ્ઞાનમાર્ગથી ) **उत्कर्षं** (ઉત્કર્ષને ) **ज्ञात्वा** (જાણીને) **अमत्सरैः** ( ઈર્ષ્યાનો ત્યાગ કરીને ) **अलुब्धैः** (લોભરહિત થઈને) **सदा** ( સર્વદા ) **गुणाः** ( પ્રભુના ગુણો ) **वर्णनीयाः** (વર્ણન કરવા (૧૬)

**શ્લોકાર્થ**—સંસારાવેશથી દુષ્ટ થયેલી ઇંદ્રિયોના કલ્યાણને માટે સર્વના નિયન્તા. સર્વત્ર વ્યાપક, આનન્દમય પ્રભુને વિષે સર્વ વસ્તુઓનો નિશ્ચયથી વિનિયોગ કરવો. (૧૪)

ભગવાનના ધર્મોના સામર્થ્યથી વિષયોમાં વૈરાગ્ય સ્થિર થઈને રહે છે. પ્રભુના ગુણગાનથી હરિના સુખનો સ્પર્શ થવાથી કોઈપણ સમયે દુઃખનું ભાન થતું નથી (૧૫)

એ પ્રમાણે જ્ઞાનમાર્ગથી ગુણગાનની ઉત્તમતા જાણીને મત્સર અને લોભનો ત્યાગ કરીને સર્વદા પ્રભુના ગુણગાન કરવા. (૧૬)

**વિવેચન**—જેનો બીજભાવ દઢ નથી, અને જેનું ચિત્ત સંસારાવેશી છે એવા ભકતે સંસારાવેશથી દુષ્ટ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો. નિગ્રહ કરતા ઈંદ્રિયો ક્ષોભ ખળભળાટ કરી મૂકે છે, તેથી ક્ષોભ ન થાય તે માટે ઇંદ્રિયોના હિતને અર્થે ભકતે પોતાની સર્વ વસ્તુઓનો સર્વના નિયન્તા સર્વત્ર વ્યાપક આનન્દમય પ્રભુમાં વિનિયોગ કરવો અને સર્વ વસ્તુઓ પ્રભુને સમર્પીને ઉપયોગ કરવો. ફલાત્મક પ્રભુનું સૂચન કરવાને શ્લોકમાં '**कृष्ण**' શબ્દ મૂકયો છે. અવતાર વગેરેનું નિવારણ કરવાને '**भूमन्**' શબ્દ મૂકયો છે.

તેથી આ શ્લોકમાં કહેલા સર્વ વસ્તુ સમર્પણરૂપ ભગવધ્ધર્મના સામર્થ્યથી વિષયમાં વૈરાગ્ય થાય છે ભક્તિવર્ધિનીમાં કહ્યું કે '**स्नेहाद्रागविनाशः स्यात्**' (પ્રભુમાં **સ્નેહથી** સંસારમાં વૈરાગ્ય થાય છે) એટલે ત્યાં **સ્નેહથી** જે ફલ અદઢ બીજભાવવાળાને કહ્યું, તે ફલની સ્થિરતા આ શ્લોકમાં ફલરૂપે સૂચવ્યું તે આવા પ્રથમાધિકારી ભકતના નિરોધનું લક્ષણ સમજવું.

ભક્તિવર્ધિનીમાં કહેલા લક્ષણ ગૃહપર અરૂચિ, ઘરમાં રહેનારાઓના બાધકપણાનું અને અનાત્મપણાનું ભાન થાય છે. જ્ઞાનથી ઉત્તમ ગુણગાનમાં આસક્તિવાળા ભક્તના નિરોધનું લક્ષણ સમજવું.

હવે ભગવાનમાં વ્યસન દૃઢ થવાને ભગવાનમાં સાક્ષાત્ અને પરમ્પરાથી [ સીધી રીતે તથા અન્ય કાર્યદ્વારા ] પોતાની ઈંદ્રિયોના વિનિયોગરૂપ સાધન ત્રણ શ્લોકથી કહે છેઃ-

मूलम्-हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि।
दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगती सदा ॥१७॥
श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः
पायोर्मलांशत्यागेन शेषभावं तनौ नयेत् ॥१८॥
यस्य वा भगवत्कार्यं यदा स्पष्टम् न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥१९॥

સાન્વયપદાર્થ :- हरिमूर्त्तिः [ પાપ હરનાર શ્રીભગવાનના સ્વરૂપ ] सदा [ સર્વદા ] ध्येया [ ધ્યાન કરવું ] हि [ જે હેતુમાટે] संकल्पात् [ સંકલ્પમાત્રથી ] तत्र [ ત્યાં સ્વરૂપમાં ] सदा [ નિરંતર ] दर्शनं [ દર્શન ] स्पर्शनं [ સ્પર્શ કરવો ] स्पष्टं [ સ્પર્શ અનુભવાય ] तथा [ તે પ્રમાણે ] कृतिगती [ હાથ પગના કાર્યો ] श्रवणं [ શ્રવણ ] कीर्तनं [ કીર્તન ] स्पष्टं [ સ્પષ્ટ ] છે. पुत्रे [ સંકલ્પના પુત્ર કામમાં ] कृष्णप्रिये [ કૃષ્ણને પ્રિય હોય તો ] रतिः [ પ્રીતિ કરવી. ] पायोः [ પાયુ ઈંદ્રિયાનું કાર્ય ] मलांशत्यागेन [મલાંશ ત્યાગ કરવા વડે] तनौ [ભગવાનમાં વિનિયોગ થતા શરીરમાં શુદ્ધિથી] शेषभावं [ગૌણ ભાવથી] नयेत् [ઉપયોગ કરાવવો] यस्य [જેનુ] वा [અથવા] भगवत्कार्यम्] [ભગવત્સંબંધી કાય] यदा [જ્યારે] स्पष्टं [ખુલ્લી રીતે] न [નહિ] दृश्यते [દેખાય] तदा [ત્યારે] तस्य [તેનો વિનિગ્રહઃ [વિશેષ નિગ્રહ] कर्त्तव्यः [કરવો] इति [એવો] नश्चयः નિશ્ચય છે.

શ્લોકાર્થ:—ભગવાનના સ્વરૂપનું સર્વદા ધ્યાન કરવું, કેમકે સ્વરૂપમાં ભગવદ્‌ભાવથી દર્શન સ્પર્શ, ચક્ષુ અને ત્વચાનાં સેવાકાર્યો, સ્પષ્ટપણે થઈ શકે છે, તેજ પ્રમાણે સર્વદા હાથ પગના કાર્યો, પણ ભગવદ્‌વિનિયોગમાં આવે છે. શ્રવણ કીર્તન કાન–જીભનું કાર્ય પણ સ્પષ્ટ છે. કામ પણ કૃષ્ણપ્રિય પુત્ર માટે હોય તો ઉપસ્થકાર્ય રતિ ભગવત્સંબંધી થાય છે. પાયુ ઈંદ્રિયનું કાર્ય જે મલાંશ ત્યાગ કરી શુધ્ધિ વડે તેને શરીરમાં ગૌણભાવ પ્રાપ્ત કરે છે. જે ઈંદ્રિયનો જ્યારે ભગવદ્વિનિયોગ સ્પષ્ટ માલમ ન પડે ત્યારે તેનો નક્કી નિગ્રહ કરવો. (૧૭–૧૮–૧૯)

વિવેચન—જે ભક્તનો બીજભાવ દઢ ન થયો હોય, ભગવાનમાં વ્યસન પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરતો હોય તો તેણે જે ભગવતસ્વરૂપની પોતે સેવા કરતો હોય તેનું નિરંતર ધ્યાન કરવું, એટલે તે સાક્ષાત ભગવાન છે એમ સમજી ધ્યાન કરવું. કારણ કે સ્વરૂપ સાક્ષાત ભગવાન છે. એ વિચારથી દર્શન અને સ્પર્શ, ચક્ષુ અને ત્વચાના કાર્ય સ્વરૂપદર્શન અને સ્વરૂપ-સ્પર્શથી સ્પષ્ટપણે ભગવત્‌સેવા સિદ્ધિ થાય છે. ગુરુના પ્રભાવથી સ્વરૂપમાં ભગવાનનું સન્નિધાન પ્રાપ્ત થાય છે. અને અન્તર્યામિ બ્રાહ્મણમાં કહેલા ન્યાયથી તેમાં ભગવદાવેશ પ્રાપ્ત થાય છે, ગુણોપસંહારના કાર્યાખ્યાનાધિકરણના 'सबंधादेवम-न्यत्रापि' એ સૂત્રમાં એ વાતનો અંગીકાર કરેલો છે, અને નિબંધમાં तद्रूप तत्र च स्थितम्' એ શ્લોકમાં પણ મૂર્તિમાં ભગવાનના આવેશનો બોધ કરેલો છે.

૧ વહ્નયયોગોલકન્યાયથી ભગવાન્ મૂર્તિમાં વ્યાપી જઈને બહાર

---

૧. **वह्नययोगोलकन्याय**-લોઢાના ગોળામાં જેમ જેમ અગ્નિનો પ્રવેશ થતો જાય છે, તેમ તેમ તે અગ્નિરૂપ થઈ જાય છે, અને અંતે બહાર અગ્નિનું પ્રાકટ્ય થાય છે, એ ન્યાય.

પ્રકટ થાય છે. આ સર્વે કારણોને લીધે મૂર્તિ સ્વરૂપના દર્શન સ્પર્શ વગેરે ભગવાનના જ દર્શન સ્પર્શ છે એ સ્પષ્ટ થાય છે.

પાયુઈન્દ્રિય ( ગુદા )નો વિનિયોગ કહે છે:-પાયુઇંદ્રિયનું કાર્ય વિસર્જન કરવાનું છે. તે મલ મલાંશ ત્યાગ કરવાનુ છે. તે કરીને તે ઇન્દ્રિયને શરીરમાં શુધ્ધિ કરી ગૌણ રીતે સંબંધ છે એટલે ભગવાનમાં વિનિયોગ થતા સ્વશરીરમાં તે શરીરના શોધન (શુધ્ધિ) કરે છે, પ્રેમ રોમાંચ પણ ગુદાનું કાર્ય છે.

એ પ્રમાણે સર્વ ઉપદેશ કરીને હીન અધિકારીઓને આ પ્રવૃત્તિ કરાવવાને માટે બીજા ગ્રન્થોમાં ઉપદેશ કરેલાં બીજાં સાધનો કરતાં આ સાધન શ્રેષ્ઠ છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:-

मूलम्-नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः ।
नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ॥२०॥

સાન્વયપદાર્થ : अतः ( આ સાધન સમુદાયથી ) परतरः ( વધારે ઉત્તમ ) मन्त्रः ( મન્ત્રઃ વગેરે ) न ( નથી ); अतः ( આ સાધન સમુદાયથી ) परतरः ( વધારે ઉત્તમ ) स्तव (શ્રીકૃષ્ણાશ્રય વગેર સ્તોત્રનો પાઠ) न (નથી); अतः (આ સાધન સમુદાયથી) परतरा (વધારે ઉત્તમ) विद्या (ઉપાસના) न (નથી) अतः [ આ સાધન સમુદાયથી] परात् [ઉત્તમથી] परम् [ઉત્તમ] तीर्थं [ગંગાદિ તીર્થ] न [નથી.]

શ્લોકાર્થ-મંત્ર, સ્તોત્ર, વિદ્યા, તીર્થ આ સર્વ સાધનો કરતાં આ નિરોધ લક્ષણના કહેલાં સાધનો કરતાં શ્રેષ્ઠ નથી.

નિરોધલક્ષણ સમાપ્ત.

---

આ પુસ્તકનો છેલ્લો ત્રીજો ભાગ અવશ્ય વાંચવો ત્યારે જ ૧૬ ગ્રંથપૂરા થશે.

ષોડશ ગ્રંથનો બીજો ભાગ સમાપ્ત

સંવત ૨૦૨૮ થી નીચે પ્રમાણે અભ્યાસક્રમ રહેશે.

'રાતી તથા હિંદી વિભાગની પરીક્ષાઓ [સ્થાપના સં. ૧૯૮૨]

] પ્રથમા પરીક્ષા [૧૦૦ ગુણાંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર]

[૧] પુષ્ટિમાર્ગીય પદેશિકા ભાગ ૧ લેખક પ્રકાશક શાસ્ત્રીજી ચીમનલાલ [કિં. ૩-૦૦ ગુણ ૮૦ [૨] શ્રીકૃષ્ણાશ્રય મૂળ કંઠસ્થ અને અર્થ વિવેચન [પુ. મા, ભાગ ૧ માં કૃષ્ણાશ્રય છે] ગુણ [૨૦]

[૨] દ્વિતીયા પરીક્ષા [૧૦૦ ગુણુંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર]

[૧] શુધ્ધાદ્વૈત પાઠાવલિ ભાગ ૧ [મહાસભા પ્રકાશિત] [કિં. ૨-૦૦] ગુણ ૭૦ [સિદ્ધાંત રહસ્ય વિવેકધૈર્યાશ્રય, ચતુઃશ્લોકી ભકિતવર્ધિની, નવરત્ન આ પાંચ ગ્રંથોના શ્લોકાર્થ અને વિવેચન તેમજ મંગળાચરણ સિધ્ધાંત રહસ્ય અને ચતુઃશ્લોકીના શ્લોક મુખપાઠ

. [૨] નિત્ય સેવા વિધિ [શુ. પાઠાવલી ભાગ ૧ માં છે] [ગુણ

[૩] રૂપનિધિ સ્વરૂપની પ્રાકટ્ય વાર્તા [સંપૂર્ણ] [મહાસભા શેન] કિં. ૨-૫૦ [ગુણ ૧૫ [ચિત્રજીસહિત.]

[૩] તૃતીયા પરીક્ષા [૧૦૦ ગુણાંક; ૩ કલાકનો એક પ્રશ્નપત્ર

[૧] શુધ્ધાદ્વૈત પાઠાવલી ભાગ ૨ [પાઠ ૧થી૧૭] પાનું ૧થી૭૦ કિં. ૨-૦૦ [ગુણ ૭૦] [૨] ભકિતપોષણ [મહાસભા પ્રકાશિત] કિં. ૧-૦૦ ગુણ ૧૫ [૩] ગીતાજી અધ્યાય ૧૨ અને ૧૫ શ્લોકાર્થ અને વિવેચન ગુણ ૧૫ [કિ. ૧/-અનુવાદક-ચીમનલાલ શાસ્ત્રીજી [મહાસભા પ્રકાશિત]

[૪] ચતુર્થી પરીક્ષા બે પ્રશ્નપત્ર[૧] શુધ્ધાદ્વૈત પા.ભ ૨[પાઠ ૧૮થી૩૪] [પાનુ ૭૧થી૧૪૦] [૧૦૦ અંક] [૨] ગીતાજી [મહાસભા પ્રકાશિત] અધ્યાય ૧૨ અને ૧૫ વિનાસંપૂર્ણ પુસ્તક ન્યાસાદેશ સહિત [૧૦૦અંક કિ. ૪-૫૦

[૫] પાંચમી પરીક્ષા બે પ્રશ્નપત્ર [૧] શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રદીપ [કિં. ૫-૦૦] [અંક ૧૦૦] સંપૂર્ણ પુસ્તક- [પ્રશ્નપત્ર ૨] નિશ્ચિત કરેલા શિક્ષાપત્રો [૩] મૌખિક પરીક્ષાનો તથા પંચમીના ...ર્મનો કાગળ સુરતથી મંગાવો [કુલ ૩૦૦ અંક] નોંધ ઉપરના તમામ ...ઠ્ય પુસ્તક વી.પી થી સુરતથી મળી શકશે, કિંમત ઉપરાંત પોસ્ટ ખર્ચ ...ને રવાનગી ખર્ચ અલગ થશે. આજે જ પત્ર લખો :

...દન શાસ્ત્રી, ૧૦-૩૧૦ મોટામંદિરની પોળ, સુરત ૩૯૫૦૦૩

...મિ પરીક્ષા તારીખ-